વા.લ. ૧ વર્ષ રૂા.૭૦
૨ વર્ષ રૂા.૧૨૫
આજીવન રૂા.૧૦૦૦
છુટક નકલ રૂા.૧૫

આર્ય સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ







માનદ્ સંપાદકો :
કીરચંદ જે. શેઠ મનોજકુમાર શેઠ

વર્ષ :૬૪ અંક :૯ ડીસેમ્બર ૨૦૦૭

॥ શ્રુતગંગા હિમાચલં, વંદે શ્રી જ્ઞાત નંદનમ્ ॥

ચાલો,

# 'શ્રુત રક્ષા અભિયાન'

**'શ્રુતમંદિર'** ડાયમંડ બિલ્ડિંગ, ઉજા માળે, ૧૩૪, લુહાર ચાલ, પાઠકવાડી, મુંબઈ-૨ ✆ ૩૨૫૨૬૨૨૦

શ્રુતજ્ઞાનપ્રેમીઓને એક શુભ સમાચાર આપતાં આનંદ અનુભવીએ છીએ કે, છલ્લાં ત્રણ વર્ષથી શ્રુત લખાવવાનું જબરજસ્ત કાર્ય શ્રુતમંદિરના માધ્યમે ચાલી રહ્યું છે, ૪૫ આગમ, ટીકાગ્રંથો, કલ્પસૂત્રો, ટીકા સહિત કલ્પસૂત્રો, નવસ્મરણ ગૌતમ સ્વામીરાસ વગેરે ગ્રંથો કાળી શાહીથી વિપુલ પ્રમાણમાં લખાયા છે અને હજુ લખવાના ચાલુ છે, પરંતુ સુવર્ણાક્ષરે કલ્પસૂત્ર વગેરે આગમ ગ્રંથો લખાવવાની ઘણા વખતથી ભાવના હતી જેની પૂર્ણતા હજુ સુધી થઈ નહોતી, તે ભાવના માત્ર બે મહિના પૂર્વે જૈનશાસનના પરમ પુણ્યોદયથી તેમજ સિદ્ધહસ્તલેખક સૂરિમંત્ર પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શુભાશીર્વાદથી પરિપૂર્ણ થઈ છે. સંપૂર્ણ ૪૫ આગમનો સેટ સુવર્ણાક્ષરે લખવાનો નિર્ણય થયો છે. એટલું જ નહિ એક પુણ્યશાળી આત્માએ ૪૫ આગમ સુવર્ણાક્ષરે લખાવવાનો જે ખર્ચ થાય તેનો લાભ પોતાને આપવા માટેની વિનંતિ પણ કરી છે. (અંદાજે ૧ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે) કેવી છે જૈનશાસનની બલિહારી ! કેવા છે ઉદાર દિલના દાનવીર આત્માઓ ! ધન્ય છે જૈન શાસનના ઉપાસક-જૈનોને ! કે જેઓ નશ્વર લક્ષ્મીનો આવો જ્ઞાન વારસાને સાચવવામાં સદુપયોગ કરી રહ્યા છે !

સુવર્ણાક્ષરે લખવા માટે સોનાની શાહી પણ શ્રુતમંદિરમાં જ એક અનુભવી વ્યક્તિ દ્વારા બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. સોનાના વરખમાંથી બનતી આ સોનાની શાહી હજારો વર્ષ ટકી શકે એવી છે.

જો કે એક વાત આ અવસરે ધ્યાનમાં રાખવા જેવી જણાવવી જ રહી કે, સોનાની શાહીથી આગમો લખાવવાનું કાર્ય શ્રેષ્ઠ જ છે, પણ તેનાથી વધુ શ્રેષ્ઠ તો એ છે કે કાળી શાહીથી તમામે તમામ ઉપલબ્ધ ધર્મગ્રંથો લખાવી લેવા ! આમાં સંપત્તિનો સદુપયોગ કરવા જેવો છે. જેથી શ્રુતવારસો બચી શકશે. તોજ આપણું શ્રુતરક્ષા અભિયાન સફળ થશે.

: સૌજન્ય :

**આધોઈ નિવાસી શ્રીયુત નરશીભાઈ વીજપાર ચરલા પરિવાર**

ફર્મ : **પૂનમ પેપર ઇમ્પેક્ષ (ઇન્ડીયા) પ્રા. લિ.** ૧૭૦, ખાડીલકર રોડ, કાંદાવાડી, મુંબઈ.

: શાસ્ત્રીય આદ્ય માર્ગદર્શક :
સુપ્રસિદ્ધ લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# કલ્યાણ

: વર્તમાન માર્ગદર્શક :
સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા



: ટ્રસ્ટી ગણ :
કીરચંદ જગજીવન શેઠ ★ નવીનચંદ્ર છોટાલાલ શાહ
કાંતિલાલ સુખલાલ શાહ ★ ધીરજલાલ મણીલાલ શેઠ
મનોજ કે. શેઠ

: માનાર્હ સંપાદકો :
કીરચંદ જે શેઠ ★ મનોજ કે શેઠ



: કાર્યાલય : કલ્યાણ પ્રકાશન મંદિર
કૈલાસ ચેમ્બર્સ, 1લે માળે, આર.પી.પી. ગર્લ્સ સ્કૂલ સામે
સુરેન્દ્રનગર - 363001.
ફોન : (O) 02752-237627, (R) 223585

: મુંબઇના માનાર્હ કાર્યકર :
કાંતિલાલ સુખલાલ શાહ
F/1, સંદીપ મેન્સન, ભાંગવાડી, કાલબાદેવી
મુંબઇ-2. ફોન : (O) 22054880 (R) 25116721

: માનાર્હ પ્રચારકો :
અજય સેવંતીલાલ જૈન
20, મહાજન ગલી, 1લે માળે, ઝવેરી બજાર
મુંબઇ-2. ફોન : (O) 22404717 (R) 28861604

ચંપાલાલ સી. જૈન
જિતેન્દ્ર જ્વેલર્સ, 100, ભંડારી સ્ટ્રીટ, 2, ગોદાવરી ભવન
મુંબઇ-4. ફોન : (O) 23861843 (R) 23884325

અશોકભાઇ એન. શાહ
પૂનમ પેપર ઇમ્પેક્ષ પ્રા. લિ.170, ખાડીલકર રોડ, કાંદાવાડી
મુંબઇ-4. ફોન : (O) 2385 3079 (M) 93238 53079

મનસુખભાઇ આર. શાહ
શુભ ટેક્સટાઇલ, આઝાદ ચોક, માલેગાંવ - 423203
ફોન : (O) 02554-232453 (R) 234320

નટવરલાલ આર. સંઘવી
મિલન કટપીસ સેન્ટર, સુભાષચોક, ગોપીપુરા,
સુરત-1. ફોન : 0261-2592782

રાજા કોર્પોરેશન
મામુનાયકની પોળ સામે, કાળુપુર, અમદાવાદ-1.
ફોન : 079-2535 7825

હસમુખ એમ. વેદલીયા
59, ખુશ્બુ શોપીંગ સેન્ટર, કોર્ટ રોડ, ડીસા - 385535.
ફોન : (M) 94275 44093 (R) 02744-225793

પ્રકાશ એ. દોશી
જૈન ઉપકરણ ભંડાર, 1, વર્ધમાનનગર, પેલેસ રોડ
રાજકોટ-1.

શ્રીપાળ વી. મસાલીયા
રાધનપુરી ધર્મશાળા, ભોજનશાળા સામે, શંખેશ્વરતીર્થ
ફોન : 02733-273315



તંત્રી, મુદ્રક, પ્રકાશક : કીરચંદ જે. શેઠ. માલિક-કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે સુરેન્દ્રનગર કલ્પક ઓફસેટમાં છાપી સુરેન્દ્રનગરથી પ્રકાશિત કર્યું.

વર્ષ : ૬૪ ✦ અંક-૯ ✦ કાર્તિક ૨૦૬૪ ✦ ડિસેમ્બર-૦૭


## વિષયાનુક્રમ


દાતા-યાચકની મુદ્રા ........ પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. ૨
શંકા-સમાધાન... ............ પૂ.આ.શ્રી રાજશેખર સૂ.મ. ૪
અનુપ્રેક્ષાનાં અમૃતબિન્દુ... પૂ.પં.શ્રી ભદ્રંકર વિજયજી ગ. ૭
હંસા ચરો, મોતીનો ચારો.... પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. ૯
ચેતન જ્ઞાન અજમાવજે ........ પૂ.મુ.શ્રી પ્રશમરતિ વિ.મ. ૧૦
ઈતિહાસ : ૩૪ .............. પૂ.મુ.શ્રી પ્રશમરતિ વિ.મ. ૧૩
ભારતનું મહારાભારત.. રાજીવ દીક્ષીત, ભૂપેશ ભાયાણી ૧૭
ચાલવું એજ દવા ને હવા ................................ ૧૯
સકલાર્હત વંદના .................. પૂ.મુ.શ્રી ધુરંધર વિ.મ. ૨૫
હિંમતભેર હિંસાને હંફાવનારા ............ શ્રમણપ્રિયદર્શી ૨૭
સાંપ્રત સમસ્યા ............................ વિવિધ લેખકો ૩૩
નિશાળને નવગજના નમસ્કાર ............................ ૩૫
નવી નજરે ................................ ઉમંગ શાહ ૪૧
વીર કુંવરની વાતડી ............... પૂ.મુ.શ્રી ધુરંધર વિ.મ. ૪૩
સાહિત્ય સમાલોચના ............................ જ્ઞાનયાત્રી ૪૯
નવકાર મંત્ર પાંખ અને આંખની ............................ ૫૭
જીવદયાના ભેખધારી દિલીપબાબા ............................ ૬૧
ઉકાળેલું પાણી ............................................ ૬૨
સમાચાર સાર ............................ શ્રી સંકલિત ૬૩


કલ્યાણ : જરૂરી સૂચનો અને માહિતી

* 'કલ્યાણ' અંગ્રેજી મહિનાની દર ૮મી તારીખે પ્રગટ થાય છે.
* 'સાહિત્ય સમાલોચના' માટે પ્રત્યેક પુસ્તકની ૨ નકલ પાઠવવી.
* 'સમાચાર સાર' માં તા.૨૦ પૂર્વે મળેલ સમાચારને જ સ્થાન અપાશે.
* અંક ન મળવા અંગે ફરિયાદ ગ્રા.નં. સાથે પત્ર દ્વારા જ કરવી.
* ચેક-ડ્રાફ્ટ થી રકમ 'કલ્યાણ પ્રકાશન મંદિર' ના નામે જ મોકલશો.
* 'કલ્યાણ' આપનું છે, આપનો પ્રતિભાવ-સૂચન અચૂક આવકાર્ય છે.

| લવાજમ દર | | જા.ખ. દર | |
|---|---|---|---|
| આજીવન | 1000/- | ૧ પેજના | 600/- |
| ૨ વર્ષના | 125/- | ૦॥ પેજના | 300/- |
| ૧ વર્ષના | 70/- | વાર્ષિક જા.ખ. માટે કન્સેશન | |

# દાતા અને યાચકના હાથની મુદ્રા શું સૂચવે છે ?

**एकेन तिष्ठताधस्तादन्येनोपरि तिष्ठता, दातृयाचकयोर्भेदः कराभ्यामेव सूचितः**

**એકનો હાથ છે નીચો, ઉંચો તો હાથ અન્યનો, દાતા-યાચકનો ભેદ મુદ્રાથી જ કળાય આ.**

**॥૩૬૧॥**

મેઘનું માન-સન્માન આકાશના ઓવારે કયા કારણે અને સાગરનું સ્થાન પૃથ્વીના પાટલે કયા કારણે ? આ સવાલનું સમાધાન શોધવાનો પ્રયાસ થાય, તો સંસ્કૃત-સુભાષિતોના અભ્યાસી વિચારક વિદ્વાનોને કદાચ દાતાની દિવ્યતા અને યાચકની લઘુતા સૂચક એવો જવાબ જડી આવે કે, મેઘ જળદાતા છે, એથી એને આકાશના ઓવારે સ્થાનમાન મળે છે, અને યાચક એવો સાગર સંગ્રહશીલ હોવાના કારણે જ એને પૃથ્વીના પાટલે સ્થાન પ્રાપ્ત થાય છે. બંનેની પાસે જળનો ભરપૂર ભંડાર વિદ્યમાન હોવા છતાં એક ઉદાર છે, બીજો કૃપણ છે, આવા ગુણ-દોષના કારણે જ મેઘનું માનભર્યું સ્થાન આકાશમાં છે, જ્યારે સાગરને પૃથ્વીના પાટલે પડ્યા રહેવું પડે છે.

એક દૃષ્ટિએ વિચારીએ, તો મેઘ કરતાં પણ સાગર પાસે જળ-સંપત્તિ વધુ છે. એથી જળસંપત્તિના કારણે જ સ્થાન-માન મળતું હોત, તો એનો પહેલો અધિકારી સાગર જ ગણાત. પરંતુ સ્થાન-માન અપાવનાર તત્ત્વ માત્ર સંપત્તિ જ નથી, પણ મુખ્યત્વે સંપત્તિ સાથે જોડાયેલી ઉદારતા જ છે. માટે મેઘ મહાન ગણાય છે. અને સાગર કૃપણના કાકા તરીકેના કલંકને પાત્ર ઠરે છે.

દાતા અને યાચકની પરિભાષામાં વિચાર કરીએ તો મેઘ દાતાના સ્થાને છે. એકમાં ઉદારતાની અવધિ જોવા મળે છે, બીજામાં લોભની છેલ્લી માત્રા દૃષ્ટિગોચર થાય છે. બંને 'જલધર' હોવા છતાં દાનની દિવ્યતાના યોગે મેઘ મીઠા પાણીની માલિકી ધરાવે છે અને લોભના પાપે સાગરના ભાગે આવતું મીઠું પાણી પણ ખારું ધૂધ બની જતું હોય છે. ઉદાર એવો મેઘ આપવા માટે જ સાગર પાસેથી જળગ્રહણ કરે છે, એથી એ જળ ખારું હોવા છતાં મીઠાજળમાં પલટાઈ જાય છે, જ્યારે સંગ્રહ કરી રાખવા જ સંઘરાખોર તરીકે સાગર મીઠું જળ ગ્રહણ કરે છે, તો પણ એ ખારું બની જાય છે. દાનનો આ કેવો પ્રભાવ અને લોભનો આ કેવો વિપાક ?

પ્રસ્તુત સુભાષિત દાતા અને યાચક વચ્ચેનો ભેદ, એમના હાથને વરેલી મુદ્રા દ્વારા જ સૂચવતા ખૂબ જ સુંદર વાત કરી રહ્યું છે. એનો સંદેશ છે કે, એકનો હાથ નીચો હોય છે, બીજાનો હાથ ઊંચો હોય છે, હાથની આ જાતની સ્થિતિ-મુદ્રા પરથી જ એવું સૂચિત થઈ જાય છે કે, યાચક નીચો છે અને દાતા ઊંચો છે.

વ્યવહારમાં પણ કોઈની પ્રશંસા કરતા એમ કહેવાય છે કે, એનો હાથ ઊંચો છે. તેમજ આથી વિપરીત અવસ્થાને સૂચવવા એમ કહેવાય છે કે, એનો હાથ નીચો છે. આમ, ઊંચો હાથ પુણ્યોદયનો પ્રતીક છે, નીચો હાથ પાપોદયની ચાડી ખાય છે.

દાતા અને યાચકના હાથને વરેલી મુદ્રા પર બરાબર વિચાર કરવા જેવો છે. એ મુદ્રા પર બરાબર મનન-મંથન કરીએ, તોય દાતાની પુણ્યપ્રચુરતા અને યાચકની પાપ-પ્રચુરતાનો સ્પષ્ટ ખ્યાલ આવી ગયા વિના ન રહે. જોવા જઈએ તો દાતા-યાચક બંનેના હાથ દેવા-લેવાની એ પળે લંબાયેલા જોવા મળતા હોય છે. કેમકે દાન કરવું હોય, તો જેમ બે હાથ લંબાવવા પડે, એમ દાનગ્રહણ કરવું હોય, તો યાચક માટે પણ બંને હાથ લંબાવવા પડતા હોય છે. આમાં હાથના પ્રસારણની પ્રક્રિયા એક સમાન હોવા છતાં હાથની મુદ્રામાં સ્થિતિમાં ફેર પડી જતો હોય છે, એ ફેરફાર જ એકને દાતા તરીકેના સન્માનને, તો બીજાને યાચક તરીકેના અપમાનને પાત્ર ઠરાવતો હોય છે.

દાન કરવા માટે દાતાએ લંબાવેલા બે હાથની સ્થિતિ ઊંચી હોય છે, જ્યારે યાચકે લંબાવેલા બે હાથની

સ્થિતિ નીચી હોય છે. બંનેના હાથને મળેલી ઊંચી અને નીચી આ સ્થિતિ પરથી જ બંનેનું વ્યક્તિત્વ જણાઈ આવતું હોય છે. જેનો હાથ ઊંચો હોય, એ આપોઆપ જ ઊંચો અને જેનો હાથ નીચો હોય, એ આપોઆપ જ નીચો સાબિત થયા વિના નથી રહેતો. પુણ્યોદયને જેણે પ્રકાશિત જ રાખવો હોય, એણે દાની બનવું જોઈએ, બાકી યાચક અને સંઘરાખોર લોભી-કૃપણ માટે તો પાપોદયના અંધકારમાં અથડાતા રહેવાનું જ અનિવાર્ય હોય, એમાં શી નવાઈ ?

જેની પાસે જેટલી દોલત હોય, એ દોલતના પ્રમાણ કરતાંય દયાળુતાનો વધુ પ્રમાણમાં વાસ હોય, એ દાની ગણાય. પોતાની પાસે ધનની પ્રચુરતા હોય, એટલા માટે જ નહિ અથવા તો સામાને સહાયની આવશ્યકતા હોય, એટલા માટે જ નહિ, પરંતુ પોતાના દિલમાં ઉછાળા મારતી દયાળુતાથી પ્રેરિત બનીને જે દાન કર્યા વિના ન રહી શકે, એ જ સાચો દાની ગણાય. આવશ્યકતા કરતાં કંઈ ગણી વધુ લક્ષ્મીની જેને લાલસા-અપેક્ષા હોય અને જેમ જેમ લક્ષ્મી મળતી જાય, એમ જેની આશા-અપેક્ષા-તૃષ્ણા પણ વધતી જ જતી હોય, એ લોભી ગણાય. આટલું જો બરાબર સમજી જવાય, તો દાનીને મળેલી મેઘની ઉપમા અને લોભીને મળેલી સાગરની ઉપમા એકદમ બંધબેસતી લાગ્યા વિના ન રહે.

ઉદાર-દાનીની પાસે લક્ષ્મી અમૃતના ઘૂંટ રૂપે જતી હોવાથી અને એને સંતોષનો સથવારો હોવાથી થોડી-ઘણી લક્ષ્મી મળતા જ એ સંતોષાનુભૂતિ માણી શકતો હોય છે, જ્યારે કૃપણ લોભીની પાસે લક્ષ્મી ખારા-પાણી રૂપે જતી હોવાથી ઘણા પ્રમાણમાં એની પ્રાપ્તિ થાય, તોય એની તૃષ્ણા-તરસ સંતોષાતી તો નથી, પણ ઉપરથી એ તરસ વધુ ને વધુ ઉગ્ર બનતી હોય છે. ભસ્મક રોગી જેવી એની હાલત આવે છે, આવો રોગી જેમ વધુ ખાય એમ એની ભૂખ વધુ ઉશ્કેરાય અને આરોગ્ય સામે જીવલેણ જોખમ ઊભું થાય, આમ ઉદારને મળતી લક્ષ્મી એને માટે મારક બની શકતી નથી, ત્યારે કૃપણને મળતી લક્ષ્મી એને માટે મારક બનીને જ રહે છે.

દાતા દાન આપવા દ્વારા એવો ઉપદેશ સુણાવતો હોય છે કે, હાથ ઊંચો રાખવો હોય, તો મારી જેમ મળેલી સંપત્તિનો સદ્વ્યય કરવાની તકને સહર્ષ વધાવી લેવી જોઈએ. આ જ રીતે યાચક પણ એક જાતનો એવો ઉપદેશ ફેલાવવામાં નિમિત્ત બનતો હોય છે કે, ભાઈઓ ! ગયા જન્મમાં મેં દાન ન કર્યું તો એના વિપાકરૂપે આ રીતે મારે હાથ નીચો રાખીને લંબાવવાનો વખત આવ્યો છે. મેં દાન ન કર્યું, એનો જ આ વિપાક છે, આવો વિપાક ન વેઠવો હોય અને હાથ ઊંચો રાખવો હોય, તો આ દાતાની જેમ દાનની સરવાણી વહેવડાવતા રહેવું જોઈએ.

આ રીતે જો આપણી જ્ઞાનદૃષ્ટિ ખુલી જાય, તો દાતાની જેમ યાચકમાં અને યાચકની જેમ દાતામાં પણ આપણને સદુપદેશકનું દર્શન મળ્યા વિના નહિ રહે. હાથ ઊંચો રહે, એ તો આપણને સૌને ઇષ્ટ છે, પણ દાનની ગંગોત્રી વહેતી રાખવી, આપણને કેટલી ઇષ્ટ છે, એ જ વિચારવા જેવું છે. આ જ રીતે હાથ નીચો રહે, એ આપણને જરાય ઇષ્ટ નથી, પરંતુ માંગણ-વૃત્તિને આપણે કેટલી તજી શક્યા છીએ અથવા તો કૃપણતા પર કાપ મૂકવાની આપણી કેટલી તૈયારી છે, એનું ઊંડાણથી અવલોકન કરવું જરૂરી છે. જો આવું અવલોકન નહિ કરી શકીએ, તો અણગમતાથી અળગા રહીને, મનગમતાને માણવાનો આપણો મનોરથ કઈ રીતે સફળ થઈ શકશે ? માટે માત્ર મનોરથના હવાઈ કિલ્લા સરજવાની માંડવાળ કરી દઈને હવે આ સુભાષિતના સંદેશ મુજબ એ મનોરથનો રથ થોડો ઘણોય ગતિમાન બની શકે, એવા પંથને કંડારવાનો પુરુષાર્થ આદરીએ.

ભરતીથી ભવ્ય ભાસતા મહાસાગરોએ આ ધરતીના પોણાભાગ પર કબજો જમાવ્યો છે તેમજ દિનરાત એનું દર્શન સુલભ હોય છે, જ્યારે મેઘનું દર્શન તો વર્ષમાં ચારેક મહિના જ સુલભ બનતું હોય છે અને વર્ષાઋતુમાંય એ સર્વત્ર વરસવા જ માંડે, એવી શક્યતા પણ નહિવત્ હોય છે, છતાં આખી દુનિયા મીટ માંડીને પ્રતીક્ષા તો મેઘની જ કરતી હોય છે અને ''રાજા તો મેઘરાજા ઓર રાજા કાયકા'' આવો મેઘમહિમા ગાવાપૂર્વક એની જ મહેર માંગતી હોય છે, આની પરથી બોધપાઠ લઈને અયાચક-વૃતિનો આદર્શ અપનાવીએ અને મેઘ જેવી મહેર કરવાના મુદ્રાલેખને કાળજે કોતરી રાખીએ.

# શંકા-સમાધાન

○ પૂ. આચાર્યદેવ શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ

**શંકા-૬૬૪.** અભવ્યોને વધારેમાં વધારે કેટલું શ્રુત હોય ?

**સમા૦** આ વિષે જુદા જુદા ગ્રંથોમાં જુદા જુદા મતો જોવામાં આવે છે. સમયસાર ગા. ૨૭૪ની ટીકામાં આચારાંગ વગેરે અગિયાર અંગો સુધીનું શ્રુત અભવ્યોને હોય એમ જણાવ્યું છે. વિશેષાવશ્યક ગા. ૧૨૧૯ની ટીકામાં પણ તેટલું જ જણાવ્યું છે. ધર્મસંગ્રહ ભાગ પહેલામાં અભવ્યોને કંઈક ન્યૂન દશ પૂર્વ સુધીનું શ્રુત હોય છે એમ જણાવ્યું છે. આત્મપ્રબોધ ગ્રંથમાં ''અભવ્યોને નવમા પૂર્વ સુધીનું શ્રુત માત્ર સૂત્રપાઠથી હોય, પણ અર્થથી ન હોય, કેમકે અભવ્યોને પૂર્વધરલબ્ધિ ન હોય'' એમ જણાવ્યું છે.

આ મતાંતરોનું સમાધાન આ રીતે થઈ શકે- અગિયાર અંગ સુધીનું જ્ઞાન હોય એવો ઉલ્લેખ સૂત્ર અને અર્થ એ ઉભયની દૃષ્ટિએ છે. કંઈક ન્યૂન દશ પૂર્વનું જ્ઞાન હોય એ કેવળ સૂત્રની દૃષ્ટિએ છે. પૂર્વધર લબ્ધિ ન હોય એનો અર્થ એ સમજવો જોઈએ કે, સૂત્ર-અર્થ ઉભયથી પૂર્વો ન હોય. આ રીતે બધા પાઠોનો મેળ બેસી જાય છે. આમ છતાં આ વિષયમાં કોઈ ગીતાર્થો વિશેષ પ્રકાશ પાથરશે, તો તે આવકાર્ય બનશે.

**શંકા-૬૬૫.** ગ્રંથિદેશે આવેલો જીવ ગ્રંથિદેશે ક્યાં સુધી રહે ?

**સમા૦** ગ્રંથિદેશે આવેલો જીવ ગ્રંથિદેશે સંખ્યાતકાળ કે અસંખ્યાતકાળ સુધી રહે. (ધર્મસંગ્રહ ભા. ૧)

**શંકા-૬૬૬.** સાધુથી છાપું વંચાય ?

**સમા૦** ગીતાર્થ સાધુ સિવાય બીજા સાધુથી છાપું વંચાય નહિ. ગીતાર્થ સાધુએ પણ ધર્મને લગતી બાબતો જ વાંચવી જોઈએ. ગીતાર્થ સાધુ છાપું વાંચે તો કયા કાયદા ધર્મવિરુદ્ધ છે કઈ સામાજિક પ્રવૃત્તિ ધર્મવિરુદ્ધ છે ઇત્યાદિ તેના ખ્યાલમાં આવે, અને પછી તે અંગે જે કરવું ઉચિત જણાય તે કરે. પણ જો તે જાણે જ નહિ તો શું કરી શકે ? આજે સરકારનું અને સમાજનું પ્રતિબિંબ છાપામાં પડતું હોય છે. માટે ગીતાર્થ સાધુએ છાપું વાંચવું જોઈએ. હા, ધર્મને લગતી બાબતો સિવાય દુનિયામાં ક્યાં શું બન્યું વગેરે વાંચવાની કોઈ જરૂર નથી. આમ છતાં કોઈ કોઈ સાધુ છાપું જાણે ભણવાનું પુસ્તક હોય તેમ નિરાંતે ઘણાં સમય સુધી છાપું વાંચીને સમય વેડફે છે તે બરોબર નથી. ધર્મને લગતી બાબત સિવાય છાપામાં કશું જ વાંચવા જેવું નથી. જૈન શાસ્ત્રોમાં જાણવા જેવું બધું જ છે. સાધુએ સંયમની ક્રિયા સિવાય લગભગ આખો દિવસ સ્વાધ્યાયમાં જ ઓતપ્રોત રહેવાનું છે. આ રીતે સ્વાધ્યાયમાં ઓતપ્રોત રહેનારા સાધુઓ જ શાસ્ત્રોનું રહસ્ય પામીને ગીતાર્થ બનીને શાસનની સાચી રક્ષા-પ્રભાવના કરવા સમર્થ બને છે. ભગવાને કહેલાં શાસ્ત્રો વાંચવાથી જે જ્ઞાન મળે તે જ્ઞાન છાપાં વાંચવાથી ન જ મળે. છાપું એટલે ચાર વિકથાનો ચોતરો !

**શંકા-૬૬૭.** સાધુથી જાતે મોબાઈલનો ઉપયોગ કરી શકાય ?

**સમા૦** સાધુથી જાતે મોબાઈલનો ઉપયોગ કરી શકાય નહિ. અનિવાર્ય સંયોગોમાં ફોન કરાવવો પડે, તો હજી શ્રાવકો દ્વારા કરાવી શકાય. સાધુઓએ એ પણ સમજવું જોઈએ કે વાત-વાતમાં ફોન ન કરાવાય. સાધુ માટે ફોન એટલે સંકટ સમયની સાંકળ છે. પાપભીરુ કેટલાક શ્રાવકો પણ વાતવાતમાં ફોન કરતા નથી. વાતવાતમાં ફોન કરાવનાર સાધુના સંયમના પરિણામમાં હાનિ થયા વિના ન રહે.

**શંકા-૬૬૮.** સાધુથી માઈક વપરાય ?

**સમા૦** સાધુથી માઈક ન વપરાય. કારણ કે ઇલેક્ટ્રીક વિના એનો ઉપયોગ નથી કરી શકાતો. ઇલેક્ટ્રીક એ તેઉકાયના જીવો છે. એટલે માઈકના ઉપયોગમાં તેઉકાયના જીવોની હિંસા થાય. તે સિવાય ગૃહસ્થો સાધુ માટે માઈક લાવે, પાછું આપવા જાય વગેરેમાં હિંસા થાય. સાધુએ સ્વયં તો સૂક્ષ્મ પણ હિંસા કરવાની નથી, કિંતુ પોતાના નિમિત્તે સૂક્ષ્મ પણ હિંસા બીજાઓ ન કરે તેની સાવધગીરી રાખવાની હોય છે. જેમકે - કોઈ શ્રાવકે પોતાના નિમિત્તે જ આહાર બનાવ્યો હોય. આમ છતાં એ આહાર સાધુને વહોરાવવા ઉપાશ્રયમાં લઈ આવે તો સાધુથી ન વહોરાય. કેમકે તે ઘરેથી ઉપાશ્રયમાં આવે ત્યારે રસ્તામાં કીડી વગેરે જીવોની હિંસા કરે. આ હિંસા સાધુને વહોરાવવાના નિમિત્તથી થઈ છે. વરસાદની હેલી આદિના કારણે અપવાદથી લેવું પડે એ વાત અલગ છે. પણ સામાન્ય સંયોગોમાં ન લેવાય. તથા સાધુએ પરોપકાર પણ એવો ન કરવો જોઈએ કે જેમાં સ્વોપકાર હણાય.

જ્ઞાનીઓ સ્પષ્ટ કહે છે કે परोपकारो हि स एव सुधिया विधेयो य आत्मन उपकारको भवति=બુદ્ધિશાળીએ પરોપકાર તે જ કરવો જોઈએ કે જે પરોપકાર તે જ કરવો જોઈએ કે જે પરોપકાર પોતાના આત્માનો ઉપકારક હોય. આથી એ પણ નક્કી થાય છે કે, સાચો પરમાર્થ તે જ કહેવાય કે, જેમાં સ્વાર્થ સિદ્ધ થાય. અહીં સ્વાર્થ એટલે આત્મહિત સમજવું. સ્વાર્થ (= સ્વોપકાર) અને પરમાર્થ (=પરોપકાર) એ એમાં સ્વાર્થની પ્રધાનતા છે. આથી જ સ્વહિત અને પરહિતમાં સ્વહિતની પ્રધાનતા છે એ જણાવતાં એક મહાપુરુષે કહ્યું છે કે -

अप्पहियं कायव्वं जइ सक्कं परहियं पि कायव्वं ।

अप्पहियपरहियाणं अप्पहियं चेव कायव्वं ॥

''સ્વહિત કરવું, શક્તિ હોય તો પરહિત પણ કરવું, સ્વહિત અને પરહિત એ બેમાંથી કોઈ એક જ હિત થઈ શકે તેમ હોય ત્યારે સ્વહિત જ કરવું.'' માઈકના ઉપયોગમાં હિંસા હોવાથી સાધુના હિતનો ઉપઘાત થાય છે. આમ અનેક રીતે સાધુથી માઈકનો ઉપયોગ ન કરી શકાય.

**શંકા-૬૬૯.** લીલોતરીનો ત્યાગ ક્યારે કરવો જોઈએ ?

**સમા૦** કેટલાક મહાનુભાવો લીલોતરી વાપરવાથી આસક્તિનું પોષણ વગેરે દોષો લાગે છે એમ વિચારીને જીવનપર્યંત લીલોતરીનો ત્યાગ કરે છે. કેટલાક મહાનુભાવો દરેક મહિનાની બાર પર્વતિથિઓમાં અને છ અઠ્ઠાઈમાં લીલોતરીનો ત્યાગ કરે છે. આટલું પણ જેમનાથી ન થઈ શકે તેમણે દરેક મહિનાની બે આઠમ બે ચૌદશ અને સુદ પાંચમ એ પાંચ તિથિ તથા ચૈત્ર-આસો માસની બે શાશ્વતી અઠ્ઠાઈઓ અને પર્યુષણાપર્વની અઠ્ઠાઈ એમ ત્રણ અઠ્ઠાઈઓમાં લીલોતરીનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. દરેક જૈનના ઘરમાં આ દિવસોમાં લીલોતરીનો અવશ્ય ત્યાગ થવો જોઈએ. તથા સંઘજમણ આદિ સામુદાયિક ભોજનમાં પણ આ દિવસોમાં લીલોતરીનો ત્યાગ હોવો જોઈએ. લીલોતરીનો વધારે ત્યાગ ન થઈ શકે તો ચૈત્ર-આસો માસની અને પર્યુષણાપર્વની એ ત્રણ અઠ્ઠાઈઓમાં અને દરેક મહિનાની બે આઠમ-ચૌદશ અને સુદ પાંચમ એ પાંચ તિથિઓમાં લીલોતરીનો ત્યાગ કરવાથી આત્માનું હિત થવા સાથે શરીરને પણ લાભ થાય છે. કારણ કે આયુર્વેદશાસ્ત્ર શાક ઓછાં ખાવાનું કહે છે. આયુર્વેદ શાસ્ત્રમાં પ્રશ્ન કર્યો કે कोऽरुक् = કોણ નીરોગી રહે ? એના જવાબમાં કહ્યું કે हितभुग् मित भुक् - अशाकभुक्= જે માણસ હિતકાર અને પરિમિત આહાર વાપરે અને શાક ઓછા ખાય એ નિરોગી રહે છે. ઉક્ત દિવસોમાં લીલોતરીનો ત્યાગ કરવાથી શાકનું પ્રમાણ પરિમિત રહે.

લીલોતરી શબ્દથી ઘણા શ્રાવક-શ્રાવિકાઓ માત્ર લીલાં શાકભાજી સમજતા હોય છે. લીલાં-શાક-ભાજી તો લીલોતરી છે જ, કિંતુ સર્વ પ્રકારનાં કાચાં-પાકાં ફળો પણ લીલોતરી જ છે. એટલે જે દિવસે લીલોતરી ન વપરાય તે દિવસે ફળો પણ ન વપરાય. કાચાં-પાકાં કેળાં કાચી-પાકી કેરી વગેરે લીલોતરી જ ગણાય.

**શંકા-૬૭૦.** નમો અરિહંતાણં પદનો અર્થ ''નમસ્કાર કરુ છું.'' એવો થાય કે ''નમસ્કાર થાઓ'' એવો અર્થ થાય ? જો ''નમસ્કારો થાઓ'' એવો અર્થ થાય તો નમુત્થુણં અને નમો અરિહંતાણં એ બેમાં ફરક શું છે ?

**સમા૦** નમો અરિહંતાણ. પદનો ''નમસ્કાર થાઓ'' એવો અર્થ છે. નમો અરિહંતાણં પદમાં સામાન્યથી અરિહંતોને નમસ્કાર થાય છે અને નમુત્થુણંમાં અરિહંતોના ગુણોના વર્ણનપૂર્વક વિશેષથી નમસ્કાર થાય છે. આમ એ બંનેમાં ભેદ છે.

**શંકા-૬૭૧.** વરખની આંગી બનાવવાનું વિધાન કયા શાસ્ત્રમાં છે ?

**સમા૦** શ્રીહરિભદ્રસૂરિ મહારાજ વિરચિત પંચાશક આદિ ગ્રંથોમાં સુવર્ણ, મોતી, મણિ આદિ ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાનું કહ્યું છે. (પૂજા પંચાશક ગાથા-૧૫) સોના-ચાંદીના વરખ ઉત્તમ દ્રવ્ય છે. આથી સોના-ચાંદીના વરખથી જિનપૂજા કરવી એ શાસ્ત્રીય છે, અશાસ્ત્રીય નથી.

**શંકા-૬૭૨.** ચાર શરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના કરવાથી શો લાભ થાય ?

**સમા૦** ચાર શરણ સ્વીકાર આદિ કરવાથી તથા ભવ્યત્વનો પરિપાક થાય છે. તથાભવ્યત્ત્વના પરિપાકથી પાપકર્મોનો નાશ થાય. પાપકર્મોનો નાશ થવાથી શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય છે. શુદ્ધધર્મની પ્રાપ્તિથી સંસારનો વિચ્છેદ થાય.

**શંકા-૬૭૩.** ગ્રંથિભેદ કરવા શું કરવું પડે ?

**સમા૦** જિનપૂજા-જિનવાણી શ્રવણ-ચાર શરણ સ્વીકાર-દુષ્કૃત ગર્હા સુકૃતાનુંમોદના-ગુરુવંદના-સુપાત્રદાન-વેયાવચ્ચ આદિ ધર્માનુષ્ઠાનો કરવાથી

અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત થાય છે. પછી ગ્રંથિભેદ થાય છે.

**શંકા-૬૭૪.** શુદ્ધયથાપ્રવૃત્તિ કરણ અને શુભયથા પ્રવૃત્તિકરણ એ બેમાં શો ફરક છે ?

**સમા૦** બંનેનો એક જ અર્થ છે.

**શંકા-૬૭૫.** વંદિત્તુ સૂત્ર ન આવડે તો ૫૦ નવકાર ગણવાનું કહેવામાં આવે છે. આ ૫૦ નવકાર કરેમિભંતે વગેરે સૂત્રો બોલીને ગણે કે ગણ્યા વિના બોલે ?

**સમા૦** કરેમિભંતે વગેરે સૂત્રો બોલ્યા વિના ૫૦ નવકાર ગણે.

**શંકા-૬૭૬.** રાત્રે પ્રતિષ્ઠાની ઉછામણી હોય તો સાધુથી ત્યાં પાટ ઉપર બેસી ઉછામણી માટે પ્રેરણા કરાય ?

**સમા૦** રાત્રે જ્યાં ઉજ્જેહી લાગતી હોય ત્યાં સાધુથી બેસાય નહિ. કામળી ઓઢીને પણ ન બેસાય. સાધુને કામળી ઓઢીને ઉજ્જેહીમાં જવાનું કે બેસવાનું અનિવાર્ય સંયોગોમાં જ છે. સાધુને જરા પણ ઉજ્જેહી ન લાગે તેવી વ્યવસ્થા હોય તો એવા કોઈ અનિવાર્ય અપવાદ તરીકે સાધુ ત્યાં પાટ ઉપર બેસીને ઉછામણી માટે ઉપદેશ આપી શકે. માત્ર પુરુષોની જ હાજરી હોય તો જ આવું અપવાદ સેવન હજી વાજબી ગણાય.

આજે ક્યાંક ક્યાંક રાતે દીક્ષાર્થીના બહુમાનના મેળાવડા વગેરે પ્રસંગમાં સાધુઓ ઉજ્જેહીમાં કામળી ઓઢીને બેસે છે એવું સાંભળ્યું છે. જો આ વાત સાચી હોય તો આ બરોબર થતું નથી સાધુઓએ પોતાની મર્યાદાઓનું-આચારોનું ઉલ્લંઘન ન કરવું જોઈએ. આ રીતે ઉજ્જેહીમાં બેસવાથી સંયમપરિણામની હાનિ થાય.

**શંકા-૬૭૭.** સામાયિક લેવાની વિધિ ન આવડતી હોવાથી ત્રણ નવકાર ગણીને સામાયિક સ્વરૂપે ૪૮ મિનિટ બેસવાનો સંકલ્પ કરે તેમાં વચ્ચે કામ આવી જાય એથી ૪૮ મિનિટ પહેલાં ઉઠી જાય તો સામાયિક ભાંગે ?

**સમા૦** સામાયિકનો સંકલ્પ ભાંગે

**શંકા-૬૭૮.** માણિભદ્રજીની પૂજા બેનો કરી શકે ?

**સમા૦** ન કરી શકે, એવો વ્યવહાર જણાય છે.

**શંકા-૬૭૯.** સાકરના પાણીનો કાળ કેટલો ?

**સમા૦** જે ઋતુમાં ઉકાળેલા પાણીનો જેટલો કાળ છે તેટલો કાળ સાકરના પાણીનો છે.

**શંકા-૬૮૦.** શ્રીઋષભદેવ ભગવાનના કુલ સાધુ ૮૪૦૦૦ હતા. આચાર્ય શ્રી પુંડરીક સ્વામી ૫ ક્રોડની સાથે મુક્તિમાં ગયા એ વાતનો મેળ કેવી રીતે બેસે ?

**સમા૦** ઋષભદેવસ્વામીના કુલ ૮૪ હજાર સાધુઓ હતા એ ઋષભદેવના પોતાના શિષ્યો સમજવા, પ્રશિષ્યો નહિ. પ્રશિષ્યો તો ક્રોડોની સંખ્યામાં હતા. આથી શ્રી પુંડરીક સ્વામી ૫ ક્રોડની સાથે મુક્તિમાં ગયા એમાં કોઈ વિરોધ નથી.

**શંકા-૬૮૧** વરાહમિહિરના ગુરુભાઈ શ્રી ભદ્રબાહુ સ્વામી ક્યારે થઈ ગયા ?

**સમા૦** વરાહમિહિરના ગુરુભાઈ શ્રી ભદ્રબાહુ સ્વામી શ્રી વીરનિર્વાણથી ૧૭૦ વર્ષે દેવલોક પામ્યા છે. ૪૫ વર્ષની ઉંમરે દીક્ષા લીધી છે. તેમનું આયુષ્ય ૭૬ વર્ષનું હતું. આથી શ્રી ભદ્રબાહુ સ્વામી વીરનિર્વાણની અપેક્ષાએ બીજી શતાબ્દીમાં થઈ ગયા.

**શંકા-૬૮૨.** શ્રી મહાવીર સ્વામીના કુલ સાધુ ૧૪ હજાર હતા. તેથી શ્રી ગૌતમ સ્વામીના ૫૦ હજાર શિષ્યો હતા એ વાત શી રીતે ઘટે ?

**સમા૦** શ્રી મહાવીર સ્વામીના ૧૪ હજાર શિષ્યો હતા એ પોતાના શિષ્યો સમજવા, પ્રશિષ્યો નહિ. આથી શ્રી ગૌતમસ્વામીના ૫૦ હજાર શિષ્યો હતા એ ઘટી શકે છે.

**શંકા-૬૮૩.** ગુજરાતી અતિચાર કોણે બનાવ્યા અને ક્યારથી બોલવાની શરૂઆત થઈ ?

**સમા૦** સેનપ્રશ્ન ગ્રંથમાં પક્ખી પ્રતિક્રમણમાં શ્રાવકો તપાચાર વગેરેના અતિચારો બોલે છે, તે સાધુઓ સાંભળે છે. તો કેવળ સાધુઓ પ્રતિક્રમણ કરે ત્યારે એ અતિચારો બોલે કે નહિ ? (પ્ર. ૬૮) એવો પ્રશ્ન પૂછ્યો છે. આથી સેનસૂરિ મ.ની પહેલાં અતિચારો બોલવાની શરૂઆત થઈ ગઈ હતી. સેનસૂરિ મ. વિ.સં. પ્રમાણે ૧૭મી સદીમાં થઈ ગયા. આથી ગુજરાતી અતિચારની રચના ૧૭મી સદીથી પહેલાં થયેલી છે એ નક્કી થાય છે અતિચારની રચના કોણે કરી તેનો ઉલ્લેખ જોવામાં આવતો નથી.

**કાવ્યોપદેશ**

આંખોમેં આંસુ ભી હૈ મુસ્કાન ભી હૈ
ધાગોં મેં ગાંઠે ભી હૈ સન્ધાન ભી હૈ,
હર સિક્કે કે હોતે હૈં દો પહલુ
જીવન મેં સમસ્યા ભી હૈ સમાધાન ભી હૈ.

૦

તૂં તૂં કો જાને તો ખુદા હી ખુદા હૈ
તૂં તૂં કો ન જાને તો જુદા હી જુદા હૈ.

# અનુપ્રેક્ષાનાં અમૃત-બિન્દુ

o પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

દરેક જીવ આપણા જેવો જ જીવ છે. એ કારણે દયા પાળવાની છે. પ્રભુજી પૂજનીય છે. માટે પૂજા કરવાની છે. સાધુ સુપાત્ર છે. દાન આપવા લાયક છે, એમ માનીને દાન કરવું જોઈએ. આવી સમજણ પૂર્વક આ બધો ધર્મ થાય તો જ એ રસપૂર્વક થાય.

o

એક શેઠ પણ નોકરના કાર્ય માટે આભાર માને છે, તે સૌજન્ય અને સભ્યતા ગણાય છે. બીજાને આદર આપીએ છીએ તેમાં સભ્યતા છે. સામાન્ય વ્યવહારમાં પણ સભ્યતા જરૂરી છે. તો લોકોત્તર તીર્થમાં તો સભ્યતા ખૂબ જરૂરી છે.

o

જે કાર્યમાં માત્ર પોતાનો જ વિચાર હોય. પોતાના જ સુખનો વિચાર હોય, પોતાની જ સદ્‌ગતિનો વિચાર હોય, પણ સામાની યોગ્યતાનો વિચાર ન હોય, સામાની સુખ-શાન્તિનો વિચાર ન હોય, સામાની પીડાના પરિહારનો વિચાર ન હોય, તો તે તત્ત્વરૂચિપૂર્વકનો ધર્મ ન બને.

o

દેવ-ગુરૂ-ધર્મ-જીવ વગેરેનું મહત્ત્વ ખ્યાલમાં રાખી યોગ્ય વર્તન કરવામાં આવે, તો તે ધર્મ તત્ત્વરૂચિપૂર્વક થયો ગણાય. 'હું પૂજા કરૂં છું.' એમાં પોતાનું મહત્ત્વ થયું, પ્રભુ પૂજાના પાત્ર છે, માટે પૂજા કરૂં છું, તેમાં પ્રભુની મહત્તા છે. હું દાન આપુ છું એમ માનવામાં પોતાની મહત્તા છે. સુપાત્ર એ દાનને યોગ્ય પાત્ર છે. માટે દાન આપું છું તેમાં સામાની યોગ્યતાની મુખ્યતા છે. હું જીવની દયા પાળું છું તેમાં સ્વની મહત્તા છે, પણ આ જીવો મારા સમાન છે. દયા પાળવા લાયક છે. જીવ તત્ત્વ છે, તે મહાન તત્ત્વ છે. તેની રક્ષામાં જ મારી રક્ષા છે. એમ માની દયા પાળવી એમાં જીવતત્ત્વની મહત્તા છે. જે ક્રિયામાં બીજાને મહત્ત્વ આપવામાં આવે છે, તે ક્રિયા જીવને તૃપ્તિ કરાવનારી છે..

o

જે કંઈ દેખાય છે, સમજાય છે, તેમાં જીવોનો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ એ અંતરંગ કારણ છે. અને સૂર્ય આદિનો પ્રકાશ, વસ્તુ અને ઇન્દ્રિયોનો સમ્યક્ સંયોગ વગેરે બહિરંગ-બાહ્ય કારણ છે. અંતરંગ કારણ મોજૂદ ન હોય, તો બાહ્ય નિમિત્તો હાજર હોવા છતાં જોઈ કે જાણી શકાતું નથી. આ નિશ્ચયનો મત છે. વ્યવહાર તો કહે છે કે, નિમિત્ત વિના જ્ઞાન થવું દુષ્કર છે. નિસર્ગથી તો કોઈકને જ જ્ઞાન થાય. જ્યારે અધિગમથી ઘણાને બોધ થાય છે. નિસર્ગથી જેને જ્ઞાન થાય છે, તેમાં પણ ભૂતકાળનો અધિગમ કારણ હોય છે. વ્યવહાર કહે છે કે, બીજાના કહેવાથી પણ ધર્મ કરવાથી લાભ થાય છે મોટાના કે ઉપકારીના કહેવાથી અનિચ્છાએ પણ મંદિરે જવું, એમાં પણ પરંપરાએ લાભ થાય છે.

o

દુઃખ આવે ત્યારે દુઃખ સહન કરવું, એ પ્રભુની આજ્ઞા છે જે સમજીને સમતાપૂર્વક સહન કરે છે, તેને મહાન લાભ થાય છે. સમજ્યા વિના પણ દુઃખ સહન કરે, તેને ઓછો પણ લાભ થાય છે. બાહુબલીએ ૧૨ મહિના દુઃખ સહન કર્યું, તો કામ થઈ ગયું. ઝાડ પણ હજારો વર્ષ સુધી સહન કરે છે પરંતુ તે ઇચ્છા વિના સહન કરે છે, તેથી તેને ઓછો લાભ થાય છે.

o

અકામ નિર્જરાથી જીવ ઊંચે આવે છે. એકેન્દ્રિય જીવ જાણે આપણને બોધ આપે છે કે, દુઃખ સહન કરીને હું બીજાને સુખ આપું છું. મારી બધી વસ્તુ બીજાના ઉપયોગમાં આવે છે. તેને ઉત્પન્ન કરવા માટે હું સહન કરું છું, તેમાં હું નિમિત્ત બનું છું. તે સામગ્રી મારા વિના બીજા બધાને જ ઉપયોગી થાય છે.

o

ભવિતવ્યતા જુદી ચીજ છે, તેને કર્મની સાથે કોઈ સંબંધ નથી. નિગોદમાંથી જીવ બહાર નીકળે છે, તેમાં તેની ભવિતવ્યતા મુખ્ય કારણ છે. શિકારી અને બાજપક્ષીનો દાખલો જોવા જેવો છે. શિકારીએ બાજને મારવા બાણ છોડ્યું, પરંતુ બાજ બચી ગયું અને પારધિના પગે સર્પ કરડતા તે મરી ગયો. આમાં છે ભવિતવ્યતાની મુખ્યતા !

o

જગતમાં અગમ્ય બનાવો બને છે એમાં કારણ શું ? સમગ્ર વિશ્વ પરસ્પર સંબંધિત છે, અને તે નિયત છે, તેથી આ જગતમાં કોઈએ અભિમાન કરવા જેવું નથી. નિગોદમાંથી નીકળવામાં ભવિતવ્યતા કારણ છે. પંચેન્દ્રિય સુધી કર્મનું બળ છે. શુભકર્મના ઉદયથી ઉત્તમોત્તમ સામગ્રી મળે છે.

o

મન મેલું હોય તો ભાવનાનો રંગ ન ચઢે, જેમ મલિન વસ્ત્ર ઉપર રંગ ન ચઢે, તેમ મેલા મનને શુદ્ધ કર્યા વિના ધર્મકરણી શુદ્ધ ન થાય. મેલું શરીર ન ગમે, મેલા વસ્ત્ર ન ગમે, પણ મનની મલિનતા ખટકે નહિ, ત્યાં સુધી શી રીતે મનનો મેલ દૂર થાય ? સાધુપણું પામવું નહિ, એ જ મલીન દશાની સ્થિતિ છે. અને સાધુપણું પામ્યા પછી સિદ્ધિગતિ ન મળે, એમાં પ્રમાદનું જોર છે, એમ માન્યા વિના સિદ્ધિ શી રીતે મળે ? મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગ આ પાંચ વસ્તુ મનને મલિન કરનાર છે. આ બધા દોષો છે. તેને સ્વચ્છ કરવા માટે સમ્યક્ત્વમાં સ્નાન કરવું જોઈએ. મિથ્યાત્વનો મળ સમ્યક્ત્વરૂપી જળથી સ્વચ્છ થાય છે. પાપી મનુષ્યોના સંગમાં રહેવાથી મલિનતા જ રહે, તેથી મુનિઓ એકાંત નિર્દોષ ભૂમિમાં રહે છે. વિવિક્ત સ્થાન એટલે સ્ત્રી-પશુ-પંડગાદિ વિનાનું સ્થાન. અયોગ્ય માણસો સાથે રહેવાથી આહાર-શરીર અને માનસિક શુદ્ધિ રહેતી નથી.

o

મનના મેલને દૂર કરવાનો ઉપાય 'નમો અરિહંતાણં' છે. નવકાર મનને સ્વચ્છ બનાવવા માટે છે. પરિગ્રહ-ધનાદિની વૃદ્ધિમાં મસ્તી માણવી એ જ આત્માની મલિનતા છે, એ મલિનતાને ઘટાડવા માટે 'નવકાર' છે. દેવ-ગુરુ અને ધર્મના સંપર્કથી વિચારની શુદ્ધિ થાય છે. પ્રભુની પૂજાથી આપણું ચિત્ત પ્રસન્ન અને કપટરહિત થાય છે.

o

એકાગ્રતા પ્રાપ્ત કરવી સહેલી છે, પણ શુદ્ધિ વિનાની એકાગ્રતા એ બગલા અને બિલાડીની એકાગ્રતા જેવી છે. બગલાની ચાંચ ધોળી અને હૃદય કાળું છે, તેમ બિલાડીમાં એકાગ્રતા હોવા છતાં તે અશુદ્ધ છે. કારણ કે મન મલિન છે. માણસના વસ્ત્ર ઉજ્વલ હોય, પણ અંતઃકરણ કાળું હોય, તો શુભ-શુદ્ધ એકાગ્રતા પ્રાપ્ત ન થાય.

o

બધા સમાન દુઃખી હોવા છતાં માત્ર મારું જ દુઃખ દૂર થાઓ અથવા બધા સમાન ભૂખ્યા હોવા છતાં મને જ પહેલાં ખાવા મળો અને બીજાનું જેમ થવું હોય તેમ થાય, આવો વિચાર એ જ મનની મલિનતા છે. જે દુઃખથી આપણે દાઝી રહ્યાં છીએ, તેવું દુઃખ બધાયનું દૂર થાઓ, એવા અધ્યવસાયપૂર્વક પૂજા કરવાથી દુઃખ-દારિદ્ર-શોક-સંતાપ-ચિન્તા અને ભય ટળે છે. તેથી જ 'मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे' આવી અનુભૂતિ થઈ શકે છે. આપણા સુખમાં કોઈ વિઘ્ન કરે તો પણ તેનું ખરાબ ન ચિંતવવું, એ શુદ્ધ મનની નિશાની છે. આ દશા ક્યારે આવે ? હંમેશા જો બીજાનું શુભ ચિંતવવાની ટેવ પાડી હોય, તો જ અવસરે કષ્ટ આવે તો પણ તેનું અહિત ન ચિંતવવું એવી ભાવના ટકી શકશે. 'તેનું શુભ થાઓ.' એવા અભ્યાસ વિના કટોકટીના પ્રસંગમાં ટકી શકાતું નથી. તેથી શુભભાવનાનો અભ્યાસ પુનઃ પુનઃ જરૂરી છે.

o

અશુદ્ધ વિચારવાળા જીવો સાધના કરી કરીને ગ્રૈવેયક સુધી જઈ શકે છે. પણ તેમને પોતાના જ સુખની પડી હોય છે, તેથી તેઓ પાછા નિગોદ-નરકના અધિકારી થાય છે. સ્વાર્થવૃત્તિમાંથી મુક્ત ન થવાના કારણે તો તેનું પતન થાય છે.

o

મનનું રક્ષણ કરનાર મૈત્રી છે. સર્વના સુખની ચિંતા એ મૈત્રી છે. મૈત્રીભાવથી ભરપૂર ભગવાનની પૂજા કરનાર પવિત્ર બને છે. મનને વારંવાર સ્નાન કરાવવું જોઈએ. કારણકે એ તરત જ મેલું થઈ જાય છે. તેથી વારંવાર મંગળ જરૂરી ગણાય. નવકાર ગણવાથી મન શુદ્ધ થાય છે. આપણા મનને આપણે અશુદ્ધ માન્યા વિના ધોઈએ તો તે કેવી રીતે ધોવાય ? જેમ કોઈના પગે અશુદ્ધિ લાગી હોય, તો તેનો ખ્યાલ આવ્યા બાદ તે કેવી રીતે શુદ્ધ કરે છે ? બરાબર શુદ્ધ કરે છે. એમ મનની અશુદ્ધિનો પહેલા ખ્યાલ આવવો જોઈએ.

o

નવકારનો જાપ અને સિદ્ધચક્રનું ધ્યાનઃ આમાં એક વિના બીજું અધૂરૂં રહે છે. તેથી જાપ અને ધ્યાન બન્ને ઉપયોગી છે. સિદ્ધચક્રનું બીજ શું ? 'अर्हं' કે જે નવકારના પ્રથમ પદે છે. 'अ'થી 'ह' માં બધા અક્ષરો આવી જાય. વચ્ચે 'र' છે તે રકાર અગ્નિ વાચક છે અગ્નિનું બીજ છે. લગભગ દરેક શ્રેષ્ઠ નામમાં 'र' તો પ્રાયઃ આવે છે. અરિહંતમાં આવતા ર અને 'त' અક્ષર રક્ષણ અને પ્રાણ સૂચક છે.

o

'अर्हं'થી બધી માતૃકાનું સ્મરણ થાય છે. બારાક્ષરીના અક્ષરોના સંયોગથી બધા શાસ્ત્રો બન્યા છે. શાશ્વત અક્ષર સ્વરૂપ अर्हं ધ્યાન કરવાથી શાશ્વત પદ મળે છે. अर्हं ની આરાધનાથી નવમે ભવે મોક્ષ મળે છે. અને વચલા ભવમાં સંસારનું બધું સુખ પણ મળે છે.

# હંસા ! ચરો મોતીનો ચારો

૦ સંકલક : પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

પરિગ્રહ અને દુરાગ્રહમાંથી જ લગભગ વિગ્રહનો જન્મ થાય છે. સંપત્તિમાંથી પરિગ્રહનું પાપ ઓછું થતું રહે અને સ્વભાવમાંથી દુરાગ્રહ ઓછો થતો જાય, એમ સંઘર્ષ દૂર થતા ત્યાં હર્ષ સ્થપાતો જાય !

o

પચી. શકે, એટલું ખાનારો નિરોગી રહી શકે. આચરી શકાય એટલું ઉચ્ચારનારો નિષ્કલંકી રહે.

o

ફુલાઈને ફાળકો થઈને અધ્ધર ઉડનારો અખંડ ફુગ્ગો એક કાણું પડતા જ ક્યાં જઈને પટકાઈ પડે છે અને એ નામનિશાનથીય મટી જાય છે, એ કોઈ કહી પણ શકતું નથી. અહંકારથી અધ્ધર ચાલનારા માણસોનું પતન પણ આ રીતે જ થતું હોય છે. જ્યારે એમનામાં છિદ્ર પડે છે. અને ફુગ્ગાની જેમ એઓ પટકાઈ પડે છે, ત્યારે તો પછી એ શોધ્યાય જડતા નથી.

o

ભૂખ-તરસના રોગને શાંત કરનારા ઔષધ તરીકે ખાન-પાનનો ઉપયોગ કરીશું તો આરોગ્ય માટે કોઈ ઔષધ લેવું નહિ પડે. પણ જો સ્વાદને પોષવા જ ખાન-પાન કરીશું, તો ગમે તેટલા ઔષધ લેવા છતાં આરોગ્ય કથળતું જ જશે.

o

ભોજન કરવામાં વિવેક વિસરી જઈને આપણે અતિરેક કરીશું, તો એ ભોજન જ આપણને ખાઈ જઈને ખતમ કરી નાખશે.

o

દિલ-દિમાગમાંથી સડી ગયેલા વિચારો ફેંકી દઈએ, નહિ તો એ સડેલાં વિચારોથી આપણું દિમાગ પણ સડી જશે, અને આ સડો પછી દેહમાંય ફેલાતો જશે.

o

પાણીમાં પાણી ભળી ગયા પછી એનું કોઈ વિશેષ વર્ણન નથી હોતું. દીવો દીવામાં મળી ગયા બાદ એની કોઈ ખાસ કથા નથી હોતી. એમ આત્મા પરમાત્મામય બની જાય પછી એની કોઈ વાણી નથી હોતી ! જ્યોતમાં જ્યોત મળી ગયા પછીનું સ્વરૂપ અનુભૂતિથી જ સાચી રીતે જાણી શકાય એવું હોય છે. પાંગળી-વાણી તો એનું શું વર્ણન કરી શકે ?

નાનપણના કપડાં મોટી ઉંમરે જેમ સાંકડા પડે છે એમ અજ્ઞાન-દશાના વિચારો લગભગ અજ્ઞાન-દશાને બંધ-બેસતા બનતા નથી. માટે એને પકડી રાખવાનો આગ્રહ તો પાગલ જ રાખે ! આવી પાગલતાનો ત્યાગ કરનારો જ સાચું સમજી શકે.

o

આ દુનિયામાં કોઈ દાનવીર ઘણુંઘણું આપવા છતાં બહુ જ ઓછું આપી શકાયું હોય એવા ભાવનો સૂચક નમ્રતા-મૂલક સંકોચ અનુભવે છે, જ્યારે કોઈ કૃપણ થોડુંક આપવા છતાં ઘણું ઘણું આપ્યાનો ગર્વ અનુભવે છે.

o

જેનું મરણ જન્મની પરંપરા વધારવામાં કારણ બને, એને હજી જીવન જીવી જાણતા અને મરી જાણતા આવડ્યું જ નથી, એમ કહ્યા વિના ન ચાલે.

o

મરવાની 'ના' ભણનાર ડાહ્યો હજી કોઈ પાક્યો નથી, પણ જન્મવાની 'ના' કહેનારા જ્ઞાનીઓ તો અનંતા થઈ ચૂક્યા છે.

o

સૂર્યની જેમ સંતોનેય ખબર નથી હોતી કે પોતાનો પ્રેરણાનો પ્રકાશ ક્યાં ક્યાં પહોંચતો હશે અને કેટલાના જીવન-ફૂલને વિકસિત બનાવતો હશે ?

o

પાણી ખેંચનારૂં મશીન હજારો મણ પાક પેદા કરવામાં નિમિત્ત બની જાય છે અને આના બદલામાં માત્ર થોડુંક તેલ જ ઇચ્છે છે. સંતોનું જીવન આવું જ હોય છે. સમાજ પાસેથી એઓ ખૂબ જ ઓછું ગ્રહણ કરે છે અને એઓ જે પ્રદાન કરે છે, એ પ્રમાણાતીત હોય છે.

o

પાણીમાં પડછાયો પડવાથી શરીર ભીંજાતું નથી. અનાસક્ત યોગીઓ આ પડછાયાની જેમ સંસારના સરોવરમાં વિહરે છે, એથી સંસારના જળ ન મળવાથી એઓ લેપાતા નથી.

o

આગળ મીંડા અને પછી એકડો ! આ રમત છે. આગળ એકડો અને પછી મીંડા ! આ ગણિત છે. ઉપર મીંડા અને નીચે એકડો ! આ ચિત્ર છે. ઉપર એકડો અને નીચે મીંડા ! આ મૂર્ખાઈ છે.

૦ પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ

# ૦ વાચક જશ વિરચિત 'અમૃતવેલ'ની નાની સજ્ઝાયનો રસાસ્વાદ ૦

## ૨૮. ચાલતો આપછંદે રખે

ચાલવું એટલે ડગ ભરવું. ચાલવું એટલે આગળ વધવું. નિર્ણય લીધા વિના આગળ વધવાનું બનતું નથી. નિર્ણય લેવાની ઘડી આવે અને તું નિર્ણય લેવા સંપૂર્ણ સ્વતંત્ર હોય ત્યારે વિચાર કરજે. તું એકલા હાથે નિર્ણય લે તે સારો કે બે જણાને પૂછીને નિર્ણય લે તે સારો ? એકલપંડે લડવાની તૈયારી રાખવી જોઈએ. એ સાત્ત્વિકતા છે. નિર્ણય લેવાની ઘડી તે મંત્રણા માંગી લે છે. યુદ્ધનાં મેદાનમાં મંત્રણા ન હોય યુદ્ધની છાવણીમાં સતત મંત્રણા હોય. તું એકલા હાથે નિર્ણય લેવાની ભૂલ કદી કરીશ નહીં. નિર્ણય લેવાનો આવે ત્યારે કટોકટી હોય છે અને આવેશનો ઉભરો હોય છે માટે ભૂલ થવાની સંભાવના હોય છે. તું એકલો હોઈશ નિર્ણય કરવામાં, તો તારી પર તારા મનનો આવેશ સવાર થઈ જશે. તું સમજણપૂર્વક નિર્ણય નહીં લઈ શકે તો ફાયદો દૂર રહેશે અને નુકશાની ભેટમાં મળશે. તારા નિર્ણયની બાબતમાં તારો મત જ આખરી મત હોય તે સહજ છે. પરંતુ બે-પાંચ અનુભવીઓ સાથે તું પરામર્શ કરીશ તો તારા આવેશની ખરાબ અસરમાંથી તું બચી જઈશ. તું એક વ્યક્તિને તો અવશ્ય પૂછજે જ. તારાં જીવનની રજેરજની જાણકાર વ્યક્તિ કોઈ છે ? આમ તો ઘણી વ્યક્તિઓ છે. પરંતુ તું તારાં જીવનને આરાધકભાવની દૃષ્ટિએ મૂલવવા માંગતો હોય એમાં સહાયક થનારી વ્યક્તિ કોઈ મળી છે. ભગવાન કહે છેઃ ગુરુ અને કલ્યાણમિત્રને જીવનની રજેરજ જણાવવી જોઈએ. જ્યારે નિર્ણય લેવાનો આવે ત્યારે તું ગુરુ અથવા કલ્યાણમિત્ર સાથે વાર્તાલાપ કરીને નિર્ણય લેજે. મનમાં સૂઝ્યું તેમ કરી લેવાનું નથી. થોભો. રાહ જુઓ વિચારો. ફરી વિચારો. આ ગંભીરતા છે. આપછંદે ન ચલાય. પોતાના તાનમાં પોતાની ધૂનમાં રહેનારો ગાફેલ આદમી પોતાનું અને બીજાનું એમ બન્નેનું બગાડે છે. તું સ્વાધીન હોય તે સારું છે. સ્વતંત્રતા બૂરી બલા છે. મન ફાવે તેમ કરવાની છૂટ મળે તે ઘણું ઘણું જોખમી છે સાધુ ભગવંતોને પણ આવી છૂટ અપાતી નથી. તેમને ગુરુની નિશ્રામાં અને ગુરુની આજ્ઞામાં જ રહેવું પડે છે. તારાં જીવનમાં તું પગભર હોય તે સ્વાધીનતા સારી છે. તું નિર્ણય લેવામાં પરાધીન ભલે ન રહે પણ એકલો નહીં રહેતો. આપછંદ એટલે બીજા કોઈનું કશું સાંભળવું જ નહીં, પોતાનું ધાર્યું જ કરવું, પોતાનો કક્કો ખરો ઠેરવવો. તું આપછંદી બનતો નહીં. તું સમજદાર બનજે, ધીરગંભીર થજે. તારા આરાધકભાવને જીવતો રાખવા માટે તારે કોઈના આશરે રહેવું જ જોઈશે. છૂટકો જ નથી.

## ૨૯. મત ભખે પૂંઠનો મંસ રે

પીઠ પાછળનો ઘા કારમો હોય છે. બહુ જાણીતો શેર છે.

*ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા*
*પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા.*

તું જેને ઓળખતો નથી તેને હેરાન કરી શકતો નથી. તું જેને ઓળખે છે તેને જ પરેશાન કરી શકે છે. તારી સાથે મીઠીમીઠી વાતો કરનારો તને પીઠ પાછળ ગાળો ભાંડતો હોય અને તને તેનો અંદાજ સુદ્ધા ન હોય તેવું બને, ત્યારે તું દુનિયાનો સૌથી દયાપાત્ર માણસ હોય છે. તારા હાથે આવું બને છે ? તું જેની સાથે મીઠી મીઠી વાતો કરે છે તેને પીઠ પાછળ ગાળો ચોપડાવતો હોય છે એવું બને છે ? આવું કરતી વખતે તું દુનિયાનો સૌથી ક્રૂર માણસ હોય છે. દુશ્મનો સારા. સામી છાતીએ હુમલો કરીને પોતાનું મોઢું બતાવી દે. ખોરી દાનતવાળા મિત્રો બૂરા. મોઢું છૂપાડીને પરેશાન કરે. પૂંઠનો મંસ આવો રૂઢિ પ્રયોગ એક ચિત્ર નજર સમક્ષ રજૂ કરે છે. બળદ રસ્તા પર ઊભો છે. ડોકું ઝૂકાવીને તે ઉકરડામાંથી ખાવાનું શોધી રહ્યો છે. તેની પૂંછડી પાસે એક પંખી બેઠું છે. લાંબી ચાંચ મારીને તે બળદના શરીર પરનાં ચાંદાને ફોલી ખાય છે. આ પંખીનું નામ છે કાગડો. પીઠ પાછળ ઘા કરનારા કાગડાકાકાઓ ઠેરઠેર જોવા મળે છે. તું કોયલ ન બની શકે તો ચાલશે. પણ આવો કાગડો બનતો નહીં. પૂંઠનો મંસ કહેતાં પીઠ પર હુમલો કરનારા શું શું કરી શકે છે.

૦ તમારા મોઢે પ્રશંસા કરે છે અને પીઠ પાછળ તમારી માટે ફરિયાદ કરે છે.

૦ તમારી સાથે સંબંધ સારો રાખે છે એ તમારા દુશ્મનને તમારી વિરુદ્ધમાં કામ કરવાના મુદ્દા પકડાવતો રહે છે.

૦ તમારી કામ કરવાની પદ્ધતિ જાણી લે છે અને તમારી સામે જીતવા એ તમારી જ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

૦ તમારી વિરુદ્ધમાં વાત જઈ રહી હોય એનો તમને અંદાજ આવવા દેતો નથી. કેવળ તમારી સાથે સારી ભાષામાં વહેવારુ વાતો કર્યા કરે છે.

તું આવા કારનામા કરીશ મા તારાથી તારું ભલું થઈ શકતું નથી. તારાથી બીજાનું ભલું થઈ શકતું નથી. તું બીજાનું બૂરું કરે છે તેને લીધે તારું પોતાનું બૂરું થાય છે. તારી પર વિશ્વાસ મૂકનારાને તું છેહ દેતો નહીં. વિશ્વાસનો ઘાત કરવો તે હીનકક્ષાનું પાપ છે. તારા હાથે આ પાપ થવું જોઈએ નહીં.

## ૩૦. વચન ગુરુનું સદા ભાવજે

તારાં મનમાં વિચારો રમતા હોય છે. પ્રતિભાવ રૂપ વિચારો લગભગ અનંત હોય છે. વારંવાર ઘૂંટાતો વિચાર સંસ્કાર બને છે. સંસ્કાર વિચારપ્રક્રિયા પર પોતાનો પ્રભાવ પાથરે છે. તારાં મનમાં વારંવાર રમતો એકનો એક વિચાર કયો હોય છે ? પૈસાના અને પરિવારના વિચારો જ વારંવાર આવે છે. તું વિચારનું પુનરાવર્તન કરે છે તે નક્કી છે. તારા જીવનમાં એક ગુરુની સ્થાપના કર, એમની પાસે રોજ બેસતો જા. એ જે કહે તે સાંભળીને યાદ રાખતો જા. ગુરુ પાસેથી ઊભો થાય તે પછી એ વાતને મનમાં વાગોળતો રહેજે. ગુરુની વાતમાં જે મુખ્ય મુદ્દો હોય તે યાદ કરજે. ગુરુના શબ્દે શબ્દે શાતા વસે છે. દરેક શબ્દો સાંભરજે. એકએક વાક્ય જુદું તારવીને વિચારજે. ગુરુના વચનને ભાવવાનું છે. ભાવવું એટલે ગમવું, ભાવવું એટલે મળે તેટલું માણવાની તલપ, ભાવવું એટલે મળ્યું તેના સ્વાદમાં લીન થઈ જવું. ગુરુની વાણીમાં એકાકાર બનવા માટે ગુરુ સાથે સંબંધનું પ્રત્યક્ષીકરણ થવું જોઈએ. ગુરુ તો સારી વાતો જ કરવાના છે. ગુરુની વાતનો મર્મ ઊંચો અને અનુપમ રહેવાનો છે. ગુરુ કહેશે તે ઉપકારની ભાવનાથી કહેશે, કરુણાભાવે કહેશે. તું સાંભળશે તેનાથી તને લાભ થશે. પ્રત્યક્ષીકરણનો મતલબ છે તું ગુરુને જણાવી દે કે 'હું આપની વાતો પર આખો દિવસ વિચાર કરતો રહું છું માટે મારાં વ્યક્તિગત જીવનને અનુરૂપ હિતશિક્ષા આપો. વ્યાખ્યાન કે વાચના કરતા હિતશિક્ષા અલગ પડે છે, કેમકે હિતશિક્ષા પૂર્ણતઃ વ્યક્તિગત હોય છે. તું ગુરુ સમક્ષ સમર્પિત બની જજે. તું ગુરુનો વિશ્વાસ જીતી લેજે. તું ગુરુની લાગણીમાં સ્થાન મેળવજે. નિઃસ્પૃહ અને નિર્ગ્રંથ જીવન જીવનારા ગુરુનાં મનને સ્વાર્થની હવા સ્પર્શતી નથી. તેમને કલ્યાણ કરવું હોય છે. પોતાનું અને સૌનું. તારી કલ્યાણ સાધવાની તીવ્ર ઇચ્છા તેમને દેખાશે તો તે તારા પર વરસી પડશે, નાના ખેતર પર વાદળું વરસી પડે તે રીતે. તું એમનાં આશિષ ઝીલજે. તું એમના શબ્દોનું અવધારણ કરજે. તેઓ શબ્દો દ્વારા ભાવને અભિવ્યક્ત કરે છે. તું ભાવને સમજવા પ્રયાસ કરજે. ગુરુના શબ્દો સૂત્ર જેવા અમોઘ હોય છે. તારાં મનમાં ગુરુનાં વચન ગુંજતા રહે. તારા વિચારોમાં ગુરુની વાણીનો પડઘો પડે. તારું મનોમંથન ગુરુવાણીને કેન્દ્રમાં રાખીને ચાલે. આવું એકાદવાર નહીં, હંમેશા બને.

તું જેની પર શ્રદ્ધા રાખીશ તેની જ વાત સ્વીકારી શકીશ. શ્રદ્ધાપૂર્વક સ્વીકારેલી વાત હૃદય સુધી પહોંચે છે. હૃદય સુધી પહોંચનારી વાત જીવનનું સોનેરી પરિવર્તન કરે છે. ગુરુની વાત તારા હૃદય સુધી પહોંચાડી દે. તારું હૃદય ગુરુની વાતને જીવનસાત્ બનાવી દેશે.

## ૩૧. આપ શોભાવજે વંશ રે

તારી જન્મજાત એક જવાબદારી છે. પરિવારનું નામ તારે ઉજાળવાનું છે. તારાં કુટુંબની ખાનદાની તારા થકી ઉજમાળ બનવી જોઈએ. તારાં પર તારા પરિવારનું સૌથી મોટું ઋણ છે. તને જનમ મળ્યો આ વંશમાં. તારું ઘડતર થયું આ ખાનદાનમાં. તારે તારા વંશને કલંક ન લાગે તેનું ધ્યાન રાખવાનું છે. તું સફળ અને સમૃદ્ધ બની જાય તો તેનો યશ તારા વંશને આપજે. તું મોટો અને મહાન્ બને તો તેનો યશ તારા સ્વજનોને આપજે. રામચન્દ્રજીને કોઈકે પૂછ્યું કે 'તમે આટલા મહાન શી રીતે બન્યા ?' રામચન્દ્રજીએ જવાબ આપ્યો કે : 'આમાં મેં કશું કર્યું નથી. આ જાદુ મા કૌશલ્યાનો છે. મારી માતા એટલી મહાન્ છે કે એના ખોળે જનમ લેનારો આપોઆપ મહાન્ બની જાય.' આ વંશ શોભાવવાની વાત છે. તારું ઘર અને તારો પરિવાર પોતાની રીતે સુંદર અને શાલીન હોય તે તારું પુણ્ય કહેવાય. તારા થકી તારા પરિવારમાં નવી સુંદરતા અને શાલીનતા આવે તે તારું સૌભાગ્ય કહેવાય. તેં જનમ પછીનો પહેલો શ્વાસ જે કુટુંબમાં લીધો છે તે કુટુંબની પરંપરામાં તારે સોનેરી ઇતિહાસ મૂકતા જવાનું છે. તારા કુટુંબના ધર્મને તારે જીવનમાં સવાયો બનાવવાનો છે. તારાં ઘરમાં સૌથી ઊંચો આરાધક તું બનવો જોઈએ. તારા પરિવારમાં સૌથી વધુ શ્લાઘા તારી ધાર્મિકતાની થવી જોઈએ. તારી કે બીજાની શ્રીમંતાઈનાં વખાણ થાય તે વંશની શોભા નથી. તે કેવળ વારસો છે. વંશની શોભા સંસ્કારોમાં છે. તારે જાતે થઈને એવું જીવવાનું છે કે તારો વંશ વખણાય.

આ ભૌતિક સ્તરની વાત નથી. આ દૃઢતા અને ખુમારીની વાત છે. ધર્મ કોઈ કુટુંબની યશ કે કીર્તિ માટે નથી કરવાનો. ધર્મ તો કેવળ આત્મા માટે જ કરવાનો છે. ધર્મ કરવામાં ઉલ્લાસ ઉમેરવા, વંશ શોભાવવાનો મુદ્દો લીધો છે. વખત છે કે તારું મન ધર્મ પરથી ઉઠી જાય તો પણ તારા વંશનાં નામને જીવતું રાખવા ધર્મને વળગી રહેજે. તારું મન ધર્મ કરતાં કરતાં ફરીવાર ધાર્મિકતામાં ઓળઘોળ બની જશે. તારી પાસે ધર્મ રહેવો જોઈએ. ધર્મ પાસે તું રહેવો જોઈએ. તારા વંશમાં તું ધર્માત્મા બનીશ તેને લીધે તારા વંશની ધાર્મિક પરંપરામાં તેં યોગદાન આપ્યું ગણાશે. આજથી સિત્તેર-એંશી વરસ પછી તારા વંશમાં ધર્મ જીવતો રહેશે તેમાં તારો ફાળો હશે કેમકે તેં આજની તારીખે તારા કુટુંબમાં ધર્મને જીવંત રાખ્યો છે.

***ચાલતો આપછંદે રખે, મત ભખે પુંઠનો મંસ રે;***
***વચન ગુરુનું સદા ભાવજે, આપ શોભાવજે, વંશ રે. ચેતન !***

## 'કૃપા-રસ-કોશ' કાવ્યના પ્રભાવે
### પ્રસંગ-૩૪

હિંસાના હિમાયતી અકબર બાદશાહને અહિંસાના આશક બનાવનારા પ્રેરક-પીઠબળોમાં ચંપા શ્રાવિકાના છ મહિનાના ઉપવાસ કારણભૂત હતા, આ તો સંપૂર્ણ જૈનજગત જાણે જ છે. જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી મહારાજાને રાજધાની ફતેપુર-સીકરીમાં પધારવા માટેનું શાહી-આમંત્રણ જેના માધ્યમે ગુજરાતના જૈન સંઘને પ્રાપ્ત થવા પામ્યું હતું, એમાં ગુજરાતના તત્કાલીન સૂબા શહાબુદીન અહમદખાન પણ કારણ બન્યા હતા, એ ઇતિહાસ-વિદોથી અજાણ્યું નહિ જ હોય. અમદાવાદ-ખંભાત-ગંધારના સંઘોની દીર્ઘદૃષ્ટિથી ભરી-ભરી મંત્રણા-વિચારણાઓનો પણ એમાં અચૂક ફાળો હતો, એ પણ જૈન-ઇતિહાસના વાચકો જાણતા જ હશે. ગંધારથી ફતેપુર-સીકરી સુધીના વિહારમાં જગદ્‌ગુરુની સાથે સહવર્તી તરીકે સંમિલિત અનેક શિષ્યો પૈકી અત્યંત ઝડપી વિહાર કરીને રાજધાનીમાં પહોંચી જવા ઉપરાંત ત્યાંના વાતાવરણથી જગદ્‌ગુરુને માહિતગાર બનાવનારા શ્રી વિમલહર્ષ ઉપાધ્યાયજી આદિનોય એમાં મહત્વનો ફાળો હતો, એય થોડા ઘણા જાણતા હશે. જગદ્‌ગુરુશ્રી હીરવિજય સૂરિજી મહારાજાના ત્યાગી-તપસ્વી જીવન ઉપરાંત ઉપદેશના પ્રભાવે જ આવી ફલશ્રુતિ આવવા પામી, એ તો સૂર્યની જેમ ઝગારા મારતું વિશ્વ વિખ્યાત એક સત્ય છે. પરંતુ આ બધા કારણો કરતા પણ અકબરને અહિંસાનો આશક બનાવવામાં એક કાવ્ય-કૃતિએ પણ, વધુ મહત્વનો અને મુખ્ય-ભાગ ભજવ્યો હતો, આ હકીકત કેટલા જાણતા હશે ? એ કાવ્ય અને કાવ્ય-રચયિતાના નામથી તો લગભગ કોઈ જ પરિચિત નહિ હોય એમ જરૂર કલ્પી શકાય.

અહિંસા-ધર્મના આરાધક બનવામાં અકબર બાદશાહ માટે પ્રમુખ-પ્રેરક બનેલ એ કાવ્યનું નામ હતું: કૃપારસ કોશ ! એ કાવ્યના રચયિતા હતા: મહોપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્રજી ગણિવર !

કોઈનામાં સાચો ગુણ જોવા મળે અથવા તો આવી ગુણ-જાગૃતિ સંભવિત જણાય, તો એની ઉપબૃંહણા-અનુમોદના કરવી જોઈએ. જે આ રીતની ગુણાનુમોદના ન કરે, એને અતિચાર લાગે. જૈન શાસનનું આ વિધાન નજર સમક્ષ રાખીને જ ઉપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્રજી ગણિવરે 'કૃપારસ કોશ' કાવ્યની રચના કરી હશે, એમ આ કાવ્યની ફલશ્રુતિ જોતા તો જરૂર કલ્પી શકાય. આ કાવ્ય આમ તો નાનકડું જ છે. માત્ર ૧૨૮ શ્લોકાત્મક આ કાવ્ય છે. આમાં જન્મથી માંડીને વિજયયાત્રા પૂર્વક અકબર બાદશાહ ફતેહપુર-સીકરીમાં પ્રવેશ્યા, ત્યાં સુધીનું વર્ણન અકબરના સુકૃતોને ગુંથી લેવા પૂર્વક કરવામાં આવ્યું છે.

'કૃપા-રસ-કોશ' આ કાવ્ય-નામનો અર્થ એવો થાય કે, કૃપા-રસનો ભંડાર. જેની હિંસક વૃત્તિ-પ્રવૃત્તિ સાંભળતા એકવાર તો હૈયું હલબલી ઉઠે અને નાભિમાંથી નિસાસા નીકળ્યા વિના ન રહે, એ જાતનો હિંસક ભૂતકાળ ધરાવતા અકબર જેવા મુસ્લિમ બાદશાહને આ કાવ્યમાં કૃપા-દયા રસના ભંડાર તરીકે વર્ણવતા પૂર્વે ખુરાસ-દેશ, કાબુલનગર, મુગલ સ્વામી બાદશાહ બાબર, એમના પુત્ર હુમાયુ અને હુમાયુના પુત્ર તરીકે અકબરને વર્ણવીને, લોભ માટે નહિ, પરંતુ પિતૃ-યશની વધુ વ્યાપક પ્રતિષ્ઠા માટે દરેક દિશામાં દિગ્‌વિજય મેળવનારા અકબરનું પરાક્રમ વર્ણવીને પછી અકબરના સુકૃતો તરીકે ઉદારતા, વિજય-યાત્રાના ભેટણા તરીકે અનેક રાજવીઓએ ધરેલા ભેટણાઓને ગરીબ-ગુરબાઓને દાન રૂપે લૂંટાવી દેવાની ઉદારતા, પ્રજાના કરની માફી, અપુત્રિયાની સંપત્તિનો ત્યાગ, ગૌવધની બંધી, દ્યૂત-મદિરાનો નિષેધ, શિકાર ઉપરાંત જીજીયા-વેરાનો પણ ત્યાગ, અલગ અલગ દિવસો મળીને વર્ષમાં કુલ છ મહિના સુધી સંપૂર્ણ રાજ્યમાં અહિંસાનાં પરિપાલન માટેના ફરમાનો, સમેતશિખર આદિ અનેક તીર્થો જૈનસંઘની માલિકીના હોવા છતાં એ માલિકીને વધુ મજબૂત બનાવતા તીર્થ-માલિકીના દસ્તાવેજી આજ્ઞા-પત્રો, ડાબર આદિ તળાવોમાં માછલા મારવા પર પ્રતિબંધ આદિ સુકૃતો કવિશેખર મહોપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્રજી ગણિવરે ચિત્તને ચમત્કૃત કરી દે, એવી કાવ્યાત્મક શૈલીમાં વર્ણવીને અંતે પોતાના આ કાવ્યનું સાચી રીતે ગૌરવ-ગાન કરતા ત્યાં સુધી લખ્યું છે કે,

इत्यादि शासन - समुन्नति - कारणेषु
ग्रंथोऽयमेव भवति स्म परं निमित्तं

જિનશાસનની પ્રભાવના કરનારા આ જાતના અનેકાનેક કાર્યો અકબર બાદશાહના હાથે થવા પામ્યા, એમાં 'કૃપારસ કોશ' નામનું આ કાવ્ય જ મુખ્ય નિમિત્ત બનવા પામ્યું.

શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા તો અકબરને પ્રતિબોધિત કરીને પુનઃ ગુજરાત તરફ વિહાર કરી ગયા હતા, આ પછી અકબરની વિનંતિ અને ગુર્વાજ્ઞાથી ફતેપુર સીકરીમાં રોકાયેલા ઉપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્રજી ગણિવરે સદુપદેશ ઉપરાંત પ્રસ્તુત કાવ્ય 'કૃપારસ કોશ'નું વિરચન અને શ્રવણ કરાવવા દ્વારા શ્રી જગદ્‌ગુરુએ અકબરના અંતરમાં વાવેલાં અહિંસાના કલ્પવૃક્ષને વિકસાવવા-વિસ્તારવાનું વિક્રમ-સર્જક કાર્ય કરવામાં જે સફળતા હાંસલ કરી, એ પ્રભાવ 'ઉપબૃંહણા' નામના આચાર-પાલનને એટલે કૃપારસ કોશ કાવ્યના સર્જનને આભારી હતો, એમ ખુદ કાવ્ય-કર્તાએ કાવ્યાંકિત કર્યું હોય ત્યારે તો આ સત્યને સ્વીકારવામાં બીજું કઈ વિચારવા જેવું રહેતું નથી. આપણે કોઈના સંભવિત ગુણોને નજર સમક્ષ રાખીને કદાચ ઉપબૃંહણા ન કરી શકીએ, તોય જે ગુણોનું અસ્તિત્વ સૂર્ય-પ્રકાશની જેમ ઝગમગારા મારતું હોય, એની અનુમોદના કરવામાં થોડીક પણ કંજૂસાઈ ન રાખતા, કર્ણ જેવી દાનવીરતા દાખવવામાં જરાય પાછી પાની આ પ્રસંગના વાચન-શ્રવણ બાદ તો ન જ કરીએ.

ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજી ગણિવરે સંવત ૧૬૪૮ આસપાસ 'તપાગચ્છ ગુર્વાવલી' નામક સંસ્કૃત રચના કરી છે. એમાં પણ ઉપરોક્ત પ્રસંગને પુષ્ટિ કરનારી નીચે મુજબ પંક્તિઓનો ઉલ્લેખ ઉપલબ્ધ છે. अथ पुरा श्रीसूरिराजैः श्रीसाहि-हृदयालवालारोपिता कृपालतोपाध्याय श्रीशांतिचन्द्र-गणिभिः स्वोपज्ञ कृपारस कोशाख्य शास्त्र श्रवणजलेन सिरता सती वृद्धिमती बभूव આ પંક્તિનો ભાવ એવો છે કે, શ્રી હીરસૂરિજી મહારાજે અકબરના હૈયાની ક્યારીમાં જે કૃપા-લતા આરોપી વાવી હતી, એ ઉપાધ્યાયજી શ્રી શાંતિચન્દ્ર ગણિવરે રચેલા કૃપારસકોશ કાવ્યના શ્રવણ દ્વારા સિંચિત થયેલી ખૂબ ખૂબ વૃદ્ધિ પામનારી બની.


## અત્યુપયોગી પુસ્તકોનું પ્રભાવનાર્થે રાહત દરે આયોજન

પૂ. મુનિશ્રી હિતવિજયજી મ. લિખિત
નીચેનાં પુસ્તકોની નકલો થોડી જ હોવાથી
આયોજન ટૂંક સમય માટેનું જ છે. વહેલો તે પહેલો

૧. **ચૌદ મહાસ્વપ્ન ચિત્રાવલિ** : મૂલ્ય રૂ. ૧૦૦/-
પ્રભાવના માટે ૧૦૦ નકલ લેનારને (મૂલ્ય રૂ. ૧૦,૦૦૦ છતાં) રૂ. ૪૦૦૦/-માં મળશે.

૨. **ચિત્રવાર્તા** : મૂલ્ય રૂ. ૧૦૦/- સુંદર ચિત્રો સાથેની બાળકોના સંસ્કાર માટેની વાર્તાઓ, ૧૦૦ નકલ લેનારને (મૂલ્ય રૂ. ૧૦,૦૦૦ છતાં) રૂ. ૪૦૦૦/-માં મળશે.

૩. **સાધર્મિક ભક્તિ** : મૂલ્ય રૂ. ૩૦/-
૧૦૦ નકલ લેનારને (મૂલ્ય રૂ. ૨૫૦૦ છતાં) રૂ. ૧૦૦૦/-માં મળશે.

૪. **સમજીને સુધારી લઈએ** : મૂલ્ય રૂ. ૭૫/-
૧૦૦ નકલ લેનારને (મૂલ્ય રૂ. ૭૫૦૦ છતાં) રૂ. ૩૦૦૦/-માં મળશે.

**પ્રાપ્તિસ્થાન**

અલકા ટ્રેડર્સ : ૧૫૫૪, કાળુપુર રોડ, જ્ઞાનમંદિર પાસે, અમદાવાદ-૧
ફોન : ૨૨૧૩૧૬૧૩ (ઓ.) ૧૧ થી ૮ વાગ્યા સુધી (મો.) ૯૩૭૬૧૦૫૬૬૦ જયપાલભાઈ

### ૩. મલ્ટી-નેશનલ કંપનીઓના પાયા કઈ રીતે હચમચાવી શકાય ?

આપણા દેશના લોકો પણ એક એવા વિચિત્ર મેકેનિઝમમાં જીવે છે કે, શહેરના લોકો બોર્નવિટા અને હોર્લિક્સ પીએ છે, એટલે ગામના લોકો પણ પીવા માંડે છે. શહેરના લોકો અને તેમની માતા બાળકોને નેસ્લે અને નેસ્ટમ પીવરાવે છે, એટલે ગામોની મહિલા પણ તેનું અનુકરણ કરે છે, કેમકે તેઓ શહેરના બોર્નવિટા ખાતા લોકોને અને નેસ્લે પીવરાવતી માતાને સ્માર્ટ અને મોર્ડન ગણે છે. તેઓ પણ મોર્ડન બનવાના ચક્કરમાં તેમનું જ અનુકરણ કરે છે. મને સૌથી વધુ દુઃખ એ વાતનું થાય છે કે ગામના લોકો તો શહેરના જીવનધોરણનું અનુકરણ કરે છે પણ શહેરમાં રહેતા ભણેલા-ગણેલા લોકો વિદેશી કંપનીઓની જાહેરાતો જોઈને તેમની વાતોનું અનુકરણ કરે છે. તેમની ખોટી વાતો અને ખોટા પ્રચારોને પણ તેઓ સાચી માની લે છે. આ મલ્ટીનેશનલ કંપનીઓ તો ભારતમાં પોતાનો માલ વેચી નફો કમાવા આવી છે. તેઓ શહેરના લોકોને લલચામણી જાહેરાતો બતાવીને મૂર્ખ બનાવે છે અને આજના ભણેલા લોકો જેઓ પી.એચ.ડી.. સુધી ભણે છે. સાયન્સ ભણે છે. તેઓ જ આવી અનસાયન્ટિક અને ખોટી જાહેરાતોને સાચી માની આવી બધી ફાલતું વસ્તુઓ વધુ પ્રમાણમાં ખરીદે છે.

હવે આવી પરિસ્થિતિમાં તમે કહેશો કે, અમે શું કરી શકીએ ? તો હું આપની પાસે ઘણી આશા લઈને આવ્યો છું. તમે ડોક્ટર છો, તમે દેશના લોકોની દુઃખતી નસ અને નાડ પારખી શકો છો. પેશન્ટનો પોતાના ડોક્ટર પર જેટલો વિશ્વાસ હોય છે, તેટલો કોઈ પર હોતો નથી. ડોક્ટરનું વાક્ય પેશન્ટ માટે બ્રહ્મવાક્ય બની જાય છે. ડોક્ટર જ્યારે કહે છે કે આ દવા ત્રણ વખત ખાવાની છે. તો દુનિયામાં ગમે તે થાય પણ તે પેશન્ટ બરોબર ત્રણ વખત દવા લઈ લે છે અને માનો કે દવા ખાવાના ટાઇમમાં આગળ-પાછળ થઈ જવાય અને દવાની કોઈ અસર ન થાય, તો તે માને છે કે મારાથી સમયસર દવા લેવાઈ નહીં, એટલે અસર થઈ નહીં, પણ ડોક્ટરની ભૂલ થાય, તેવું તે ક્યારેય માને નહીં. હવે તમારા જેવા ડોક્ટરોની દેશના લોકોમાં આવી પ્રતિષ્ઠા છે, તો તમે ધારો તે જાતનું પરિવર્તન લાવી શકો છો. કારણકે સમાજમાં જ્યારે મોટા અને પ્રતિષ્ઠિત માણસો પરિવર્તન લાવે છે, ત્યારે તેનાથી નાના લોકો પણ તેમનું જ અનુકરણ કરે છે. તો હું આપની પાસે આ વક્તવ્યના માધ્યમથી ઘણી ઘણી એવી આશાઓ લઈને આવ્યો છું કે, આપણે ભારતમાં સાચું અને દેશને અને દેશમાં વસતા લોકોને ફાયદો થાય અને ઉપયોગી બની શકે તેવું મોટુ પરિવર્તન માનસિક રીતે લાવવું છે અને તેમાં તમે લોકો જ મને સૌથી વધુ મદદ કરી શકો છો. હવે તમે કહેશો કે, શું મદદ કરી શકીએ ? તો તેમાં સૌથી પ્રથમ અને સૌથી સહેલી મદદ તમે એ કરી શકો કે, જે વિદેશી કંપનીઓ પોતાના ફાયદા માટે આપણી સરકાર પર દબાણ લાવીને આપણો જૂનો પેટન્ટ કાયદો બદલાવી રહી છે, તે કંપનીઓની દવાઓ લખવાનું એટલે કે પ્રિસ્ક્રીપ્શનમાં લખવાનું બંધ કરી દો.

ગાંધીજી હંમેશા કહેતા કે, દુશ્મન સામે જ્યારે લડાઈ લડવાની હોય, ત્યારે સૌથી પહેલા તેને સહાય આપવાનું બંધ કરી દેવું જોઈએ. જ્યારે તેમને કોઈ પૂછતું કે ''બાપુ યુદ્ધ કેવી રીતે લડવું જોઈએ.'' ત્યારે તેઓ કહેતા કે'' યુદ્ધ લડતા પહેલા હંમેશા પ્લાનિંગ બનાવીને એ વિચારવું જોઈએ કે, દુશ્મનને સામગ્રી ક્યાંથી મળે છે ? તેમને સહાય ક્યાંથી મળે છે ? તેઓ સામાન ક્યાંથી લાવે છે ? દુશ્મનને જ્યાંથી સહાય મળે છે, સામગ્રી મળે છે, તે સપ્લાય-લાઈન જો કાપી નાંખવામાં આવે, તો દુશ્મન સૌથી વધારે પરેશાન થશે અને સૌથી જલદી હારી જશે.

આપણા દુશ્મન જેવી આ મલ્ટીનેશનલ કંપનીઓ છે. તે આપણા દેશમાં આવીને, આપણી સરકારને

ભ્રષ્ટ કરીને, નેતાઓને કરોડો કરોડો રૂપિયાની લાંચ આપીને પોતાના ફાયદા માટે એ કંપનીઓ ભાવ વધારે છે, ખોટી દવાઓ બજારમાં વેચે છે. જૂઠા પ્રચારો કરે છે અને હવે આપણો પેટન્ટ-કાયદો પણ બદલી નાંખવા મથી રહી છે. આવી વિદેશી કંપનીઓની સપ્લાય-લાઈન ડોક્ટર તરીકે તમે કાપી શકો છો. આ તમારા હાથની વાત છે. તે માટે સૌથી સહેલું કામ તમે કરી શકો છો કે તમે આ દવા વેચતી વિદેશી કંપનીઓની દવાઓ લખવાનું અને આપવાનું બંધ કરી દો. તે માટે ફાઈઝર, સેન્ડોઝ, સિબાગાપીકી જેવી પ્રસિદ્ધ પંદર-વીસ બદમાશ કંપનીઓ છે, જેમના બ્રાન્ડ-નામની જેટલી પણ દવાઓ વેચાય છે. તે તમામના નામ હું તમને આપી શકું છું. અમે આવી દવાઓનું લિસ્ટ બનાવ્યું છે, તે તમને આપી શકીએ છીએ. આ કામ માટે સરકાર શું કરશે ? તે વિચાર છોડી દો. પાર્લામેન્ટ શું કરશે ? તેનો વિચાર કરતા નહીં. અમે પણ પાર્લામેન્ટ પર દબાણ લાવીએ છીએ, પણ સમજો કે પાર્લામેન્ટ પણ વેચાઈ ગઈ છે. તો તમે ચૂપ નહીં બેસતા. આવી બદમાશ વિદેશી કંપનીઓને સીધી કરવાનું શસ્ત્ર તમારા જ હાથમાં છે. સરકારી અધિકારીઓ તો વેચાઈ ગયા છે પણ આપણે અને તમે તો નથી વેચાયા ને ! તમારા પર કોઈ દબાણ લાવવાનું નથી કે, તમે ફાઇઝર કંપનીની જ દવા લખો કે સેન્ડોઝ કંપનીની જ દવા લખો. આ તો તમારો પોતાનો નિર્ણય છે કે, તમે તમારી પાસે આવતા દર્દીને કંઈ દવા લેવાનું સૂચન કરો છો. આ બાબત તમને મહત્વની જાણકારી આપું છું કે, આપણા દેશમાં જે ભારતીય કંપનીઓ દવા બનાવે છે, તે આ વિદેશી કંપનીઓની દવાઓને ટક્કર મારે તેવી છે. રેનબેક્સી કંપનીની દવા આજે વિદેશોમાં એક્સપોર્ટ થાય છે. સિપ્લા અને કેડિલા કંપનીઓની દવા આજે કોઈપણ મલ્ટીનેશનલ કંપનીની દવા કરતાં ક્વોલિટીમાં ઓછી ઉતરે એવી નથી. તો ભારતમાં બનતી દવાઓ દુનિયાની કોઈપણ મલ્ટીનેશનલ કંપનીની દવા કરતાં ક્વોલિટીમાં કોઈપણ રીતે ઓછી નથી, માટે તમારા જેવા ડોક્ટરો અને તમારું પૂરું એસોશિયન જો ફેંસલો કરે કે - 'અમેરિકા અને બ્રિટનની મલ્ટીનેશનલ કંપનીઓ સરકાર પર દબાણ લાવી તેના નેતાઓને લાંચ આપીને ભ્રષ્ટ કરી પછી ખોટા પ્રચારો કરીને મોંઘા ભાવે આપણા દેશમાં દવાઓ વેચી રહી છે અને પોતાના ગજવા ભરી રહી છે, તો આવી કંપનીઓના વિરોધ સ્વરૂપ આવી વિદેશી કંપનીઓનો બહિષ્કાર કરી દો.

તમે આ વિદેશી કંપનીઓનો બહિષ્કાર કરો અને આ બહિષ્કારના પરિણામે જો ભારતના ડોક્ટરો તેમની દવાઓ લખવાનું બંધ કરી દે, તો એક એક વિદેશી કંપનીઓના પાયા ઉખડી જશે આ દેશમાંથી ! કોઈપણ વિદેશી કંપનીઓના રિપ્રેઝેન્ટીવ તેમની દવા વેચી નહી શકે, કારણકે દવા વેચવા ગમે તેટલા માણસો અને ગમે તેટલી જાહેરાતો કરો, પણ જ્યાં સુધી ડોક્ટર તે દવા દર્દીને લખીને આપે નહીં, ત્યાં સુધી તે દવા માર્કેટમાં વેચાવાની જ નથી, માટે તમે નક્કર નિર્ણય કરો કે, મલ્ટીનેશનલ કંપનીઓની દવાઓનું સૂચન લોકોને બિલકુલ કરવું નહીં, કારણકે આપણે આ વિદેશી કંપનીઓને ચેલેન્જ નહી આપીએ અને તેમના વિરુદ્ધ પગલાં નહીં ભરીએ, તો હજી પણ વધુ ભયંકર સ્થિતિ દેશમાં ઝડપથી ફેલાશે. આપણી સામે આપણા લોકો મરશે અને આપણે કંઈ નહીં કરી શકીએ. કારણકે દવાઓ પર આ કંપનીઓની મોનોપોલી થઈ ગઈ હશે, માટે પેટન્ટનો નવો કાયદો બને તે પહેલા જ આ વિદેશી કંપનીઓની દવાઓનો બહિષ્કાર કરો. કહેવાય છે કે 'ખોટું કામ થઈ રહ્યું હોય ત્યારે તેને ઉગતા જ ડામી દેવું જોઈએ. એકવાર ખોટું કામ ચાલુ થઈ જાય પછી તેને બંધ કરવાનું બહુ મુશ્કેલ હોય છે.' આ માટે જ આવી તમામ વિદેશી કંપનીઓ ભારતમાં જે દવાઓ વેચી રહી છે, તેમની દવા લેવાનું અને સૂચન કરવાનું તમે બંધ કરી દો. કઈ વિદેશીકંપની કયા કયા નામની કેટલી દવા વેચે છે, તેનું લિસ્ટ પણ અમે તમને આપીશું, પણ પહેલી પાયાની વાત એ છે કે, આવી દવાઓ ન લખી આપવાનો તમારો મક્કમ નિરધાર હોવો જોઈએ. તમે આટલું પણ નક્કી કરો, મલ્ટીનેશનલ દવા-કંપનીઓના પાયા હચમચી ઉઠ્યા વિના નહિ રહે. **ક્રમશઃ**

# 'ચાલવું' એ જ દવા અને હવા

## ચાલવાનું ચક્ર વહેલી તકે ચાલુ કરી દઈએ

*'ચાલવું' એ જ દવાની દવા અને હવાની હવા' આવો ભૂતકાળ આજે માત્ર યાદ કરવા પૂરતો જ રહ્યો હોય, એમ લાગે છે. યંત્રવાદના અભિશાપે આ દવા અને હવાને છિનવી લીધી છે. એથી આજે માણસ છતે પગે પાંગળો બન્યો છે. પ્રસ્તુત લખાણમાં આ વાત પર ઝાઝો ઝોક મૂકવામાં આવ્યો છે. જો કે વાહન-વ્યવહાર જેના આધારે ચાલે છે, એ પેટ્રોલ પાછળ રહેલી હિંસા તો ખરેખર હૈયુ હચમચાવી મૂકે એવી છે. આ હિંસકદ્દષ્ટિએ પણ વાહનને વર્જ્ય ગણીને 'ચાલવાનું' ચક્ર શરૂ કરવામાં આવે, તો ઘણીઘણી હિંસાથી બચી શકાય, આ જાતની પ્રેરણા પામવા જ પ્રસ્તુત લખાણ પ્રસિદ્ધ કરાઈ રહ્યું છે. એની વાચકો ખાસખાસ નોંધ લે. કોઈ અજૈન અનામી ડોક્ટર લેખક દ્વારા શબ્દસ્થ થયું હોવાથી, આ લખાણ સૌ વિવેક સહ વાચે એવી વિનંતિ પૂર્વક આ લખાણ પાઠવનારને પોતાનું પૂરું નામ-સરનામું પણ પાઠવવા અમારો અનુરોધ ! પ્રથમ હપ્તો આ અંકે પ્રકાશિત છે, શેષ ભાગ આગામી અંકે પ્રકાશિત થશે.* સંપા૦

પંચમહાભૂતના પૂતળા સમા આ શરીરને સુદીર્ઘ સમય માટે સતત આરોગ્યમય રાખવા માટે શું કરવું જોઈએ ? આ પ્રશ્ન અંગે દરેક વ્યક્તિએ વિચાર કરવો પડે એવો સમય આવ્યો છે. પચાસ વર્ષના ચિકિત્સા કાળમાંથી તારવેલો અને વ્યવહારમાં મૂકેલો ઉપાય આ લખાણ દ્વારા સૌને જણાવવા માગું છું. શરીરને સાચવવું જ જોઈએ કેમકે એનાથી ધર્મ સાધના કરવાની છે. એ વાત આ ઉપાયના પાયામાં છે. વાચકો આ વાંચી-વિચારી અમલ કરશે, તો મારો આ લખવાનો હેતુ અને લીધેલો શ્રમ સાર્થક ગણાશે. આમાં હું જે કાંઈ લખીશ તે આપ સર્વે નથી જાણતા એવું હું નથી માનતો. હું તો જે લખીશ તે આપ બધાં જાણો છો અને એ પ્રમાણે કરવું જોઈએ એમ પણ માનો છો. પરંતુ માત્ર 'જાણવું' અને 'માનવું' પૂરતું નથી, એ પ્રમાણે જીવવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ, એટલે કે આપણા જ્ઞાન અને આપણી સમજણને આપણે અમલમાં મૂકવાં જોઈએ. આરોગ્ય માટેનાં જ્ઞાન-સમજને સૌ અમલમાં મૂકે, એ માટે જ મારો આ નમ્ર પ્રયત્ન છે.

દાખલા તરીકે આપ ચા પીવી એ આરોગ્ય માટે નુકસાનકારક છે એ જાણો છો અને સમજો છો, છતાં ચા પીવાનું બંધ કરવાને બદલે ચાલુ જ રાખો છો. મોટા ભાગની વ્યક્તિઓ આ બાબત જાણે છે, સમજે છે છતાં ચા પીએ છે. કેટલાંકની સમજ તો વધારે ઊંડી હોય છે તેઓ જાણે છે કે ચામાં નિકોટીન ને ટેનીંગ જેવાં શરીરને ખૂબ જ નુકસાન કરનારાં તત્ત્વો હોય છે. આવી સમજ ધરાવનારાં પણ ચા પીએ છે ને પિવરાવે છે. ચા તો ધીમું, મીઠું ઝેર છે - એવું માનનારાં પણ ચા પીએ છે અને પિવરાવે છે. વળી, જે આપણા મિત્ર હોય, અંગત હોય અને ખૂબ નજીકનાં સ્વજન હોય એમને તો આપણે આ 'ઝેર' ખાસ આગ્રહ કરીને આપીએ છીએ ! કેટલાંક સમજુ (?) માતાપિતા તો હજુ ઊગીને ઊભાં થતાં પોતાનાં પ્રિય સંતાનોને આ મીઠું, ધીમું ઝેર લેવાની ટેવ પાડે છે ! શું આ વાત સાચી નથી ? પછી બીજો સવાલ : આમ કરવું માતાપિતા માટે યોગ્ય છે ? છાતી ઉપર હાથ મૂકીને કહો : આવા ધીમા ઝેરની ટેવ પાડીને શું માતાપિતા પોતાનાં સંતાનોને પ્રેમ કરે છે ? આમ કરવામાં જ શું એમના વાત્સલ્યની સંતાનોને પ્રતીતિ થવાની ? શું આ વિચિત્ર નથી ? સંતાનો પ્રત્યે દયા-પ્રેમ અને કરુણાથી સભર અંતઃકરણવાળાં માતાપિતા પોતાનાં સંતાનોને 'ચા' જેવા ઝેરની ટેવ પાડે છે ! આ સંતાનોનો શો વાંક ? એમનાં કયા અપરાધની આ સજા ? તો ખાટલે મોટી ખોટ એ છે કે, આપણાં જ્ઞાન-સમજ આપણને કશા કામમાં નથી આવતાં, આપણે તો ટેવવશ જીવન જીવતાં રહીએ છીએ અને शरीरमाद्यं खलु धर्मसाधनम् એ વિચારને ગણતરીમાં જ લેતાં નથી. ખાસ કરીને આ લખાણમાં શરીરને સાચવવાની જ વાત આવવાની, પરંતુ મૂળ મુદ્દો એ છે કે, શરીરને સાચવવાનું શા માટે ! શરીર ધર્મનું સાધન છે, આ માટે જ ને ? ધર્મસાધના માટે શરીર સ્વસ્થ જોઈએ. સ્વસ્થતા જાળવવા હિંસક દવાઓ આદિનો આશરો ન લેતા નિર્દોષ ઉપાયોનો જ આશરો લેવો જોઈએ. આ પાયાની વાત સમજી લઈને આપણે આગળ વધીએ. આ લખાણનો મુદ્દો અહીંથી શરૂ થાય છે. જીવનમાં જો સુખી થવું હોય તો એની પૂર્વ શરત છે. નીરોગી-પૂરેપૂરું નીરોગી શરીર ! તો એ માટેનો ઉત્તમ ઉપાય કયો ? એ વિશે

મારા અનુભવના નિચોડરૂપ વિચારો જણાવીશ.

ઉપાય સાવ સાદો છે; દુષ્કર નથી. રોજ નિયમિત ચાલવું. ચાલતાં રહેનારાં નીરોગી રહી શકે. પહેલાં યાત્રાઓ ચાલીને થતી; વાહનોમાં નહિ. બસ, ચાલતાં રહેવું : ચરૈવેતિ. ઐતરેય બ્રાહ્મણના ઋત્વિજે ઉચ્ચાર્યું : બેઠેલાનું નસીબ બેઠું રહે છે, સૂતેલાનું સૂતું રહે છે. જ્યારે ચાલતાં રહેનારનું નસીબ ચાલતું રહે છે. માટે चरैवेति, चरैवेति. બસ, ચાલતાં રહો ચાલતાં રહો. ચાલતાં રહો. આમાં 'નસીબ'ની જગ્યાએ 'શરીર' શબ્દ ગોઠવી દઈએ. વળી, આપણે સૌ નસીબનું સર્જન શરીર દ્વારા જ કરીએ છીએ. શરીર ચાલતું રહે તો નસીબ પણ વિકસતું રહે. બસ આમ થાય તો કામ બને. આયુર્વેદ પદ્ધતિએ ચિકિત્સા કરું છું. ઘણા અનુભવ થાય છે. મારા એક અંગત સ્નેહી ખૂબ ધનિક કરોડપતિ કહો તો ચાલે. તેઓ આમ સાધન સંપન્ન અને લહેરી મિજાજના છે. દેશવિદેશનું ભ્રમણ કરી આવ્યા છે. ઘણું જાણે છે. તેમને અચાનક જીવલેણ બીમારી થઈ. તેઓ મારી પાસે આવ્યા. મેં સૂચવ્યું : રોજ ત્રણચાર માઈલ ચાલવાનું રાખો. બધું ઠીક થઈ જશે. તરત જ તેઓ ઊછળી પડ્યા. કહેઃ ચાલવું ? ત્રણ-ચાર માઈલ ? રોજ ? એ તે કેમ બને ? એના જેવું કંટાળાજનક કામ કરવાનું મારા માટે મુશ્કેલ છે. આવી વ્યક્તિઓને હું 'ચરૈવેતિશત્રુ' કહું છું. મારો દાવો છે કે ચાલવાની પ્રવૃત્તિ લાખ દુઃખો દૂર કરવાની એક દવા છે. નિયમિત ચાલવું આમ કરવાથી ઘણા ફાયદાઓ થાય.

આપણે સૌ આપણા આરોગ્ય માટે ચિંતિત હોઈએ છીએ. નાની-નાની બીમારીઓ અને અન્ય શારીરિક નાનીમોટી ફરિયાદો રહ્યા જ કરતી હોય છે, આ માટે આપણને અનેક પ્રકારનાં ઔષધોની જરૂર પડે છે. આ માટે અવારનવાર ચિકિત્સકો (ડોક્ટરો) પાસે જવાનું થાય. વળી, જો એક ચિકિત્સક ઝડપથી આપણને તકલીફમુક્ત ન કરે તો આપણે ચિકિત્સક બદલાવી નાખીએ છીએ. એવી જ રીતે તકલીફમુક્ત થવા માટે આપણે જુદી જુદી ચિકિત્સાપદ્ધતિઓ પણ અજમાવી જોઈએ છીએ. દરેક ડોક્ટર / ચિકિત્સક પાસે આપણે આપણી શારીરિક તકલીફોનો હારડો રજૂ કરીએ છીએ. આમ અનેક પ્રકારના ચિકિત્સકો, જુદી જુદી ચિકિત્સાપદ્ધતિઓ અને જુદા-જુદા પ્રકારનાં અનેક ઔષધોની જાળમાં આપણે સપડાઈએ છીએ. હા, સામે ચાલીને જાણી જોઈને !

આમ શારીરિક તકલીફોમાંથી મુક્ત થવા માટે આપણે અનેક પ્રકારનાં ઔષધો પેટમાં પધરાવતાં રહીએ છીએ, ચિકિત્સક કહે એટલે પધરાવવાં પડે છે. આમાં ભક્ષ્યાભક્ષ્યનો પણ વિચાર નથી કરતા, આમ છતાં પણ મોટે ભાગે આપણે ઇચ્છીએ એવો કાયમી ફાયદો થતો નથી. કામચલાઉ રાહત લાગે. થોડા દિવસ પછી વળી પાછી એની એ જ ફરિયાદ ઊભી થાય. કેટલીક શારીરિક તકલીફો તો ઘર કરી ગયેલી-કાયમી હોય છે. દા.ત., કબજિયાત, અપચો, મંદાગ્નિ, આમ્લપિત્ત (એસિડિટી), માથાનો દુખાવો શરીરમાં તોડ-કળતર, શરીરનો ગરમાવો (તાવ ન હોય પણ શરીર ગરમ રહ્યા કરે), પગનાં તળિયામાં બળતરા, માથું ગરમ રહેવું, હાથની હથેળીઓ ગરમ રહે, આંખો બળવી, શરદી, સળેખમ, નાકમાંથી પાણી પડવું, એલર્જી-જન્ય પીડાઓ, પેટની ગરબડ, ખાટાતીખા ઓડકાર, છાતીમાં ગભરામણ થવી, મૂંઝવણ થવી, ઓડકાર ન આવવા અથવા વધારે આવવા. પવનછૂટ ન થવી, ગેસ થવો, હૃદય પર દબાણનો અનુભવ થવો, મળમૂત્રના વિસર્જનમાં અવરોધ પેદા થાય, ભૂખ જ ન લાગે. જમેલાનું પાચન ન થાય, વગેરે. આ બધું સહન કરવાનું. આપણે તકલીફ શરૂ થાય એટલે એને દૂર કરવાનો પ્રયત્ન તો કરીએ જ. પણ તકલીફને સાવ નિર્મૂળ કરીએ તો ?

તો આપણે શું કરવું જોઈએ એ અંગેનો વિચાર બરાબર કરવો જોઈએ. આપણે દવાનો - ઔષધનો દોષ મોટેભાગે કાઢીએ છીએ કે દવા બરાબર નથી. ફરિયાદ દૂર ન થાય એ માટે શું માત્ર ઔષધ જ જવાબદાર હોય છે ? આ અંગે આપણે વિચાર કરતા નથી. કેટલીક વાર તો નિદાન બરાબર સો ટકા સાચું હોય, ઔષધ નિદાનને અનુરૂપ જ હોય છતાં ફરિયાદ દૂર ન થાય, એવું બનતું મેં જોયું છે. આવું બને ત્યારે આપણે વધુ ઊંડાણથી વિચારવું જોઈએ.

(અપૂર્ણ)

# સકલાર્હત્-વંદના

o ગીતકાર : પૂ. મુનિરાજશ્રી ધુરંધર વિજયજી મહારાજ

**રાગ : મંદિર છો મુક્તિ તણા.....**

જે દેહધારી અર્હતોમાં નિત પ્રતિષ્ઠિત થઈ રહ્યું
ને મુક્તિ લક્ષ્મી કેરૂં જેને મૂળ આધાર જ કહ્યું,
ત્રણ લોક કેરા અણુ અણુએ જેનું શાસન શિર વહ્યું
તે વિશ્વપતિ આર્હંત્યને હું ભાવથી વંદન કરૂં. ૧

જે નામ સ્થાપન-દ્રવ્ય ને વળી ભાવરૂપે વિસ્તરે
ત્રણ લોક ને ત્રણ કાળમાં સહુ ક્ષેત્ર સમયે સંચરે,
આ ચાર નિક્ષેપે નિરંતર સર્વને પાવન કરે
તે જગતપતિ અર્હંતને હું ભાવથી વંદન કરૂં. ૨

જે નાથ યુગની આદિમાં સહુ પ્રથમ **રાજેશ્વર** હતા
સંસાર ત્યાગી નાથ જે પહેલા મહાવ્રત-ધર હતા,
ને ધર્મના આદિ પુરૂષ જે પ્રથમ તીર્થંકર હતા
તે **આદિનાથ** જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૩

જે ભવ્યરૂપી કમળવનને ખીલવે સૂરજ સમા
ને સંક્રમે જગ જેમના કૈવલ્ય કેરા કાચમાં,
સ્તવનીય જે અર્હંત છે ઇક્ષ્વાકુકુળના ચંદ્રમા
તે **અજિતનાથ** જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૪

જેની વિજયવંતી વહીં' તી વાણી મધુરા રાગમાં
જલ નીક જેવી જગતના સહુ ભવ્યરૂપી બાગમાં,
જેને ન'તા આ વિશ્વમાં કોઈ ગમા કે અણગમા
તે દેવ **સંભવનાથ**ને હું ભાવથી વંદન કરૂં. ૫

સોળે કળાથી પૂર્ણ શીતળ શરદ શશધરની પરે
સ્યાદ્વાદમતનો દિવ્ય ઉદધિ જેહ ઉલ્લાસિત કરે,
જેના પ્રભાવે વિશ્વમાં આનંદ અતિશય વિસ્તરે
તે **અભિનંદન** દેવને હું ભાવથી વંદન કરૂં. ૬

મારે ઝગારા દેવતાના મણિ મુકુટની શાણ પર
પોલિશ કરેલા જેમના પદ અંગુલિના નખ નિકર,
પૂરે મનોરથ સર્વના જે સર્વદા સ્વામિપ્રવર
તે સુમતિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૭

સંઘર્ષ આંતર શત્રુઓથી છેડતાં ક્રોધે કરી
જાણે થયેલી હોય લાલમ લાલ આભાથી ભરી,
તે કંકુવરણી કાય જેની વિશ્વની મંગલકરી
તે દેવ પદ્મપ્રભ પ્રભુને ભાવથી વંદન કરૂં. ૮

જેઓ ચતુર્વિધ સંઘરૂપી ગગનતલમાં સોહતા
તેજસ્વી સૂરજ બિંબ સરખા ભવ્યને પ્રતિબોધતા,
જેના ચરણયુગને મહેન્દ્રો પૂજતા જગમોહતા
સ્વામી સુપાર્શ્વ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૯

શું મૂર્ત શુક્લધ્યાનના અણુઓ વડે નિર્મિત કરી
ના હોય ! તેવી ચંદ્રના કિરણો સમી ઉજળી નરી,
જે નાથની કાયા કરે કલ્યાણ સહુનું શુભ ભરી
તે નાથ ચંદ્રપ્રભ પ્રભુને ભાવથી વંદન કરૂં. ૧૦

કરમાં રહેલા આમળાની જેમ ગમ્ય-અગમ્ય તે
પૂરા જગતને જાણનારૂં જેમનું કૈવલ્ય છે,
જે નાથનો મહિમા મહાનિધિ વિશ્વમાંહિ અચિંન્ત્ય છે
તે સુવિધિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૧૧

આનંદ કેરા કંદને સહુ જીવના અંતસ્તલે
ઉગાડવા જે મેઘ અષાઢી બની વરસ્યા જલે,
સ્યાદ્વાદનો અમૃત ઝરો જ્યાંથી વહ્યો પૃથ્વીતલે
તે દેવ શીતલનાથને હું ભાવથી વંદન કરૂં. ૧૨

ભવરોગથી પીડિત આ જગના બધાયે જીવને
ધન્વંતરિ જેવા સદા ભાસી રહ્યા જે દર્શને,
કલ્યાણ લક્ષ્મીને સદા ખેલાવનારા કંતને
શ્રેયાંસનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૧૩

સહુ જીવના કલ્યાણકેરી ભાવનાને ઉર ધરી
જિનનામ કર્મ કર્યું નિકાચિત જેમણે કરૂણા વરી,
સુર અસુર મનુજોએ સદા જેની પરમઅર્ચા કરી
તે વાસુપૂજ્ય જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૧૪

રે કતક નિર્મલી ચૂર્ણ જેવી જેમની વાણી સદા
ત્રણ જગતકેરા ચિત્તજળના મેલ સંહરતી બધા,
ને વિમળ કરતા ભવિકના ત્રણયોગને જે સર્વદા
તે વિમળનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૧૫

જેની સ્વયંભૂરમણથી પણ અધિક કરૂણા જગ વહે
વ્યાપી બધે સહુ જીવ કેરા દુઃખ દાવાનલ દહે,
જેના પ્રભાવે સર્વજીવો શાશ્વતા સુખને લહે
તે અનંતનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં. ૧૬

જે કલ્પતરૂની જેમ સહુને સર્વ વાંછિત આપતા
જેઓ નિરંતર ધર્મકેરા ચાર ભેદ બતાવતા

જે ભવ્યને નિજ રમણતામાં સહજભાવે લઈ જતા
તે ધર્મનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૧૭

જે ચંદ્ર જેવા નાથના અમૃતસમા ઝરતા વચન
અજવાળતા જ્યોત્સ્ના પરે સઘળી દિશાઓના વદન,
મૃગલાંછને શોભિત પ્રભુ જે તમસનું કરતા શમન
તે શાંતિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૧૮

ચોત્રીશ અનુપમ અતિશયોની ઋદ્ધિ જેની સાથ છે
સુર અસુર નરના જે ખરેખર એકમાત્ર જ નાથ છે,
સહુ જીવને કલ્યાણકારી જેમનો સંગાથ છે
તે કુંથુનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૧૯

અવસર્પિણીના દુષમસુષમા કાળના આકાશમાં
જેઓ સદા ચમકી રહ્યા મધ્યાહ્નના સૂરજ સમા,
ને મોક્ષ લક્ષ્મીના વિલાસો આપતા જે હાથમાં
તે દેવશ્રી અરનાથને હું ભાવથી વંદન કરું. ૨૦

નવલા અષાઢી મેઘ જેવો દેહ જેનો નિરખતાં
સુર અસુર ઇન્દ્રો નરપતિ સહુ મોરની જિમ હરખતા
મદગજ સમા જે કર્મનાં વન મૂલથીજ ઉખેડતા
તે મલ્લિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૨૧

જે નાથનું નિર્મલ વચન નવલી ઉષા ઉઘાડતું
મહામોહ કેરી નિંદ ઘેરી જગતની ઉડાડતું
પોઢી ગયેલી ચેતનાને જોશભેર જગાડતું
તે મુનિસુવ્રતનાથને હું ભાવથી વંદન કરું. ૨૨

યદુવંશરૂપ સમુદ્રમાં છે પૂર્ણ ચંદ્ર સમાન જે
દુષ્કર્મના વન બાળવામાં અગ્નિ રૂદ્ર સમાન જે
સઘળા અરિષ્ટોના વિનાશે કાળચક્ર સમાન જે
તે નેમિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૨૩
જ્યાં વૈરનો અગ્નિ ધખાવી કમઠ ઉપસર્ગો કરે
ભક્તિભીના ધરણેન્દ્ર જ્યાં વાત્સલ્યની વર્ષા કરે,
તે દોસ્ત ને દુશ્મન ઉપર સમભાવને જેઓ ધરે
તે પાર્શ્વનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૨૪

અપરાધ ક્રોડ કર્યા છતાં પણ રોષ ના સહેજે ધરે
ભીની બનેલી પાંપણોથી દિવ્ય કરૂણા નીતરે,
નીચા નમેલા નેણ જેના વિશ્વનું મંગલ કરે
તે વર્ધમાન જિનેન્દ્રને હું ભાવથી વંદન કરું. ૨૫

પાતાલ અવનિ સ્વર્ગમાં ભવનો વિમાનો ચર અચર
ને મેરુપર્વત વર્ષધર વૈતાઢ્ય આદિ નગ અવર,
નદીઓ દ્રહો ને કુંડ સઘળે ચૈત્ય સંખ્યાતિગ પ્રવર
ત્યાં શાશ્વતા જિનરાજને હું ભાવથી વંદન કરું. ૨૬

સહુ ભરત ઐરવતે મહાવિદેહમાં ત્રણકાળના
જે દ્રવ્ય-ભાવ જિનેશ્વરો વળી વર્તતા જે સ્થાપના
રૂપે નગર ને ગ્રામ તીર્થે વન પહાડે ચૈત્યના
તે તે અશાશ્વત જિનવરોને ભાવથી વંદન કરું. ૨૭

પક્ખી પ્રતિક્રમણે સદા જે ચૈત્યવંદનથી સહુ
કરતા બધાય જિનેશ્વરોની વંદના ભાવે બહુ
તેના કર્યા હરિગીત ભાવે ધુરંધર વિજયે સરળ
તે ગાઈને સહુ બોધિ પામી જન્મને કરજો સફળ ૨૮


ફોન : ૨૭૫૫૨૬૯૮ / ૯૮૯૮૦૩૬૦૩
તુરત જ કોમ્પ્યુટર દ્વારા સચોટ
શાસ્ત્રોક્ત સુક્ષ્મ ગણતરી
દશાવાળા મહાદશા
કુંડળી જન્માક્ષર
લગ્ન મેળાપક (ગુણ દોષ સાથે)
ઉપાય-કિશોરેલેજી/દશા શનિ પનોતી સાથે વર્ષફળ
ફક્ત રૂા. ૫૧માં M.O. ફોર્મમાં જન્મ તારીખ, જન્મ સમય, જન્મસ્થળની માહિતી મોકલી. ગુજરાતી-હિન્દી-અંગ્રેજીમાં ઘેરબેઠા મેળવવા મળો / લખો.
'ફોરચ્યુતા' કોમ્પ્યુટર જન્માક્ષર
૧૦, મેઘવર્ષા એપાર્ટ. બેંક ઓફ બરોડા સામે, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩.

૧૦૦% શુદ્ધ કીંગ બ્રાન્ડ કેસર
(લેબોરેટરી ટેસ્ટેડ PFA Act પ્રમાણે)
100% VEG
પૂજા માટે સર્વોત્તમ
પૂજામાં શુદ્ધ દ્રવ્યનો ઉપયોગ ઉત્કૃષ્ટ ભાવ જગાવો છે.
આપની જરૂરિયાત માટે મળો યા લખો. ભુપેન્દ્ર એન્ડ કું.
૧૫, કેદારનાથ સોસાયટી, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭ ફોન : ૨૬૬૩૨૯૦૭
સ્પેનીશ તથા ઇરાની કેસરના ઇમ્પોર્ટર કાશ્મીરી કેસરના વેપારી

# હિંમતભેર હિંસાને હંફાવનારા

○ શ્રમણ પ્રિયદર્શી

દિલ જ્યારે દેવાલય જેવું પવિત્ર હતું, દયાની ભાવના જ્યારે જીવદયાની જ્યોત બનીને એ દેવાલયમાં અખંડ રહેતી હતી, એવા નજીકના જ યુગની આ વાત છે. અંગ્રેજ સત્તા આંધી બનીને ફુંકાતી હોવા છતાં પ્રજાનાં દિલનાં દેવાલયમાં અખંડ જલતી જીવદયાની જ્યોતને એ બુઝવી ન શકતી, આ માટે પ્રજા પોતાના વિચારને-સ્વાર્થને ગૌણ બનાવતી અને અંગ્રેજ સત્તાની સામે પણ બાકરી બાંધવાની બહાદુરી બતાવવા જતા જરાય પાછી પાની ન કરતી, તો એની કેવી સુંદર ફલશ્રુતિ સાંભળવા મળતી, એને જણાવતો આ એક પ્રસંગ ભાવનગર રાજ્યમાં આવેલા ભુંભલી ગામમાં બનવા પામ્યો હતો.

ભાવનગરના સંસ્કારો, ધર્મભાવના અને જીવદયા કાજે ચાહોમ કરવાની જવાંમર્દી ત્યારે જનજનની જીભે કીર્તિકથારૂપે સોરઠ ઉપરાંત અન્ય દેશોમાં પણ એકી અવાજે ગવાતી હતી, આવા સંસ્કાર-વારસા માટે ભાવનગર સુપ્રસિદ્ધ હતું, તો એની આજુબાજુના નાના-મોટા ગામડાંઓ પોતાને વારસામાં મળેલા સંસ્કારોના સંવર્ધન માટે ગર્વોન્નત રહી શકે, એટલી સાંસ્કૃતિક સમૃદ્ધિ તો અવશ્ય ધરાવતા જ હતા, આવું જ એક ગામ ભાવનગર પાસે આવેલું હતું. એનું નામ હતું ભુંભલી !

ભુંભલીના પાદરે એક વિશાળ તળાવ હતું. જળથી ભરપૂર રહેતું એ તળાવ અનેક પક્ષીઓ માટે અભય-ધામ હતું. કેમકે ગામમાં એવી કોઈ હલકી વરણ-જાતિના લોકોનો વસવાટ જ ન હોતો કે, જેઓના શિકાર-શોખનો ભોગ બનીને એ જીવોને જાન ખોવાનો સમો આવી લાગે. આટલું જ નહિ, આસપાસથી કોઈ શિકાર-શોખીન આવી ચડે અને મસ્તીથી મહાલતા પ્રાણીઓ પર એમની નજર બગડે, તો અબોલ-જીવો વતી બોલવાનું કર્તવ્ય અદા કરવામાં ગામલોકો જરાય પાછી પાની ન કરતા. એથી બારેમાસ જળની જેમ જ જળકૂકડી જેવા પંખીઓથી પણ એ તળાવ ભરપૂર જ જોવા મળતું.

એકવાર ભુંભલીમાં એક અંગ્રેજ અમલદાર ફરવા આવ્યો. એનું નામ મોટું હતું, પણ કામ એટલું જ ખોટું હતું. શિકારનો એ શોખીન હતો. ભુંભલીમાં આવનારો દરેક માણસ તળાવની પાળે પાળે લટાર મારવા ન નીકળે, એવું બનતું જ નહિ. અહિંસાપ્રેમીઓ તળાવનું સૌન્દર્ય અને પંખીઓનું ગમનાગમન જોઈને પરમ પ્રસન્નતાની અનુભૂતિ માણ્યા વિના ન રહી શકતા, પણ અંગ્રેજ અમલદારને લાગુ પડેલા શિકારના શોખે એવો વિપરીત વિચાર કરાવ્યો કે, જો અહીં બંદૂકથી નિશાન તાકવામાં આવે, તો કેટલા બધા પક્ષીઓને શિકારના શોખનો ભોગ બનાવી શકાય ? તળાવમાં તરતી જળકૂકડીઓની કતાર જોઈને અંગ્રેજ અમલદારની જીભમાંથી પાણી છૂટ્યું અને એનો હાથ બંદૂક પકડીને નિશાન તાકવા અધીરો બની ઉઠ્યો. શિકારના દિવાસ્વપ્ન નિહાળતો એ પોતાના મુકામે પહોંચ્યો, એ રાતે એની આંખોમાં ઊંઘ કરતાં શિકારનાં સ્વપ્નો જ વધુ ઘેરાયા.

બીજે દિવસે અધીરાઈનો ભોગ બની ચૂકેલો અંગ્રેજ અમલદાર વહેલોવહેલો તળાવની પાસે જઈ પહોંચ્યો. હજી તો સૂર્યોદય થયો નહતો, પૂરું ગામ હજી એકદમ જાગ્યું પણ નહતું. ત્યાં તો અંગ્રેજે બંદૂકના ધડાકા કરીને, એકદમ નિર્ભયતામાં મહાલતી જળકૂકડીઓની સૃષ્ટિને ભયથી ફફ્તી અને આમતેમ ઉડાઉડ કરતી કરી દીધી. એથી એક તરફ શાંત તળાવ એકદમ ખળભળી ઉઠ્યું, તો બીજી તરફ આવા ધડાકાથી ગામ પણ સફાળું જાગી ઉઠ્યું. અને પરિસ્થિતિનો તાગ પામવા કેટલાય ગામજનો તળાવના કિનારે દોડતા આવીને એકઠા થઈ ગયા.

આ પૂર્વે જ અંગ્રેજ અમલદાર તો શિકારનો ભોગ બનેલી જળકૂકડીઓને ઘરભેગી કરવા અંગેના કેટલાક હુકમ છોડીને મુકામે પહોંચી ગયો હતો. અંગ્રેજને એવો તો વિચાર પણ ક્યાંથી આવે કે, પોતે આજે સૂતેલા કોઈ સિંહ પર કાંકરીચાળો કરવાની ભૂલ કરી બેઠો છે. એ તો પોતાની ધૂનમાં, મસ્તીમાં

અને તોરમાં જ હતો. પળ બે પળમાં જ અબોલ-જીવોના કેટલાય વર્ષોની ધૂળધાણી કરી નાંખનારો શિકાર એને મન તો શોખ જ હતો. એથી હવે પછી સરજાનારી પરિસ્થિતિની ગંભીરતાનો એને તો ખ્યાલ જ ક્યાંથી આવી શકે ?

ગામના ગોંદરે ટોળે વળેલા લોકોના ખ્યાલમાં જ્યારે સાચી પરિસ્થિતિ આવી, ત્યારે તો ગોકીરો મચી ગયો. શિકારના શોખને પોષવા જતા અંગ્રેજે જળકૂકડીઓના જાન સાથે જે ખતરનાક ખેલ ખેલી જાણ્યો હતો, એથી સૌ એટલા બધા ઉશ્કેરાઈ ગયા હતા કે, ન પૂછો વાત ! એ અમલદાર અંગ્રેજ નહોત, તો એના બાર વાગી ગયા વિના ન રહેત. અંગ્રેજ અમલદાર તરીકે એની થોડીક અદબ જાળવવી પડે એમ હતી, આમ છતાં જીવદયાના સંસ્કારોની સામે એણે ખુલ્લેખુલ્લો સંગ્રામ છેડ્યો હતો, એથી એને બરાબરનો બોધપાઠ પઢાવવાનો નિર્ણય લઈ લીધા બાદ ડાહ્યા-માણસોએ વિચાર-વિમર્શ શરૂ કર્યો, જેથી પગલું ઉઠાવ્યા બાદ પીછેહઠ કરવાનો વખત ન આવે. લાંબી-ટૂંકી વિચારણાને અંતે ગોવિંદજીભાઈ રાવળે જે સલાહ આપી, એ મુજબ આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ગોવિંદજીભાઈ રાવળની સલાહ એવી હતી કે, આપણે મહાજનને મળીએ અને પછી મહાજનના માર્ગદર્શન મુજબ જ આ લડતને આગળ વધારીએ, તો જરૂર આપણને ફત્તેહ મળશે, મળશે ને મળશે જ. આ સલાહને શિરોધાર્ય ગણીને ગામના આગેવાનો તરત જ મહાજન સમક્ષ ઉપસ્થિત થયા. બધી પરિસ્થિતિ જાણીને મહાજને કહ્યું કે, રોગ અને શત્રુ તો ઉગતાં જ ડામવા સારા. આજે અંગ્રેજ અમલદારે હિંસાનું તાંડવ ખેલ્યું છે, આની સામે પગલાં નહિ ભરીએ, તો કાલે બીજો કોઈ આ રીતે રોકટોક વિના જીવહત્યા કરવાની ધિઠ્ઠાઈ કરશે. માટે આપણે પ્રથમ તો તળાવની પાળે 'હિંસાબંધી'નું ફરમાન સૂચવતું એક બોર્ડ તરત જ લગાવી દેવું જોઈએ, જેથી એનો ભંગ કરનારની સામે કાયદેસરના કદમ ઉઠાવી શકાય.

ગામલોકોને મહાજનની આ વાત એકદમ ગળે ઉતરી ગઈ. એથી રાતોરાત જ મોટા અક્ષરોમાં ચિતરાવાયેલું એક બોર્ડ તળાવની પાળ પર મુખ્ય જગાએ લાગી ગયું. જેમાં સાફ સાફ શબ્દોમાં એવી ચેતવણી દર્શાવવામાં આવી હતી કે, કોઈએ જીવહિંસા કરવી નહિ, ગામના સમસ્ત મહાજનની આ આણનો ભંગ કરનારની સામે કાયદેસરનાં પગલાં ઉઠાવવામાં આવશે.

તળાવની પાળે 'હિંસાબંધી'નું બોર્ડ લાગી જતા અંગ્રેજ અમલદારની સામે કાયદેસરના પગલા ભરવા માટેની પૂર્વભૂમિકા રચાઈ જતા હવે સૌ આવતીકાલની પ્રતીક્ષા કરી રહ્યા. અંગ્રેજ અમલદાર તો પોતાના તોરમાં જ મસ્ત હતો. શિકારના શોખને રમવા-કૂદવા માટેનું મુક્ત-મેદાન ગઈકાલે મળી જતા આજે એ વધુ ઉત્કંઠિત બનીને તળાવની પાળે આવ્યો અને ત્યાં એણે બંદૂક તાકીને ગોળી છોડવાની તૈયારી કરવા માંડી, ત્યાં જ ગામલોકોએ એવો ગોકીરો મચાવી દીધો કે, હિંસાબંધીનું આ ફરમાન વાંચીને બંદૂક નીચે મૂકી દો તો સારી વાત છે, નહિ તો મહાજનની આણને અખંડ રાખવા આ બંદૂકને ઝૂંટવી લેતા અમને અંગ્રેજ અમલદારની પણ શેહ શરમ આડે નહિ જ આવે.

પોતાની સામે ઉઠેલા આવા અવાજથી તો એ અંગ્રેજ છંછેડાઈ ગયો. એણે તુમાખીપૂર્વક કહ્યું કે, આ તળાવની પાળે મેં હજી ગઈકાલે જ શિકાર ખેલ્યો છે. મને શિકાર ખેલતો અટકાવવા તમે બધા રાતોરાત આવું બોર્ડ લગાવી દો, એથી કંઈ હું ડરી નહિ જાઉં. જેટલા દિવસ હું અહીં રહીશ, એટલા દિવસ હું શિકાર કર્યા વિના નહિ જ રહું, એટલું તમે લખી રાખજો. તમારું આ બોર્ડ બીજા કોઈને ભલે હિંસા કરતા અટકાવે, પણ હું તો અંગ્રેજ અમલદાર છું. હું કંઈ આ બોર્ડ મુજબ વર્તવા બંધાયેલો નથી. આટલું સમજી રાખીને મારી આગળ એક અક્ષર પણ બોલતા હવે પછી હજારવાર વિચાર કરવાની મારી સલાહ તમે સ્વીકારી લેશો, તો શાંતિથી જીવી શકશો, નહિ તો અહીં રહેવું તમને ભારે પડ્યા વિના નહિ રહે.

ચોરી પર શિરજોરી ચલાવતો અંગ્રેજ અમલદાર

એ દહાડે મૂડ ખોઈ બેઠો હતો, એથી શિકાર ખેલ્યા વિના જ એણે ચાલતી પકડી. પણ એની આવી જોહુકમી જોઈને તો આખું ગામ સમસમી / સળગી ઉઠ્યું હતું અને અમલદારને બરાબરનો બોધપાઠ આપવા કૃતનિશ્ચયી બની ચૂક્યું હતું. એથી લોકોનું એ ટોળું તળાવની એ પાળેથી સીધું જ ગોવિંદજીભાઈ રાવળના ઘરે પહોંચ્યું, ગામલોકોએ અંગ્રેજ અમલદારની તુમાખીને સવિસ્તર વર્ણવીને પછી કહ્યું કે, આપની આગેવાની હેઠળ અમે થાણંદાર સમક્ષ જઈને આ પ્રશ્નની રજૂઆત કરવા માંગીએ છીએ, એટલું જ નહિ, થાણદારને સાથે લઈને અમે ભાવનગર સુધી જવા માંગીએ છીએ અને ભાવનગરના દીવાન આગળ અંગ્રેજ અમલદારની આ તાનાશાહીનો પ્રશ્ન છેડીને અહિંસા તરફી આખરી ફેંસલો લાવીને પછી જ જંપવાનો અમારો 'મરેંગે લેકિન કરેંગે' જેવો નક્કર નિર્ણય છે.

ગોવિંદજી રાવળનું પુણ્ય એ વખતે તપતું હતું. મુંબઈમાં એમની પેઢીઓ ધમધોકાર ચાલતી હતી. તદુપરાંત કોલાબામાં આરસપહાણનો એમનો વેપાર મોટાપાયે વિસ્તરેલો હતો. એથી ભાવનગર, રાજ્યમાં તો એમની ભારે નામના-કામના જામેલી હતી. અંગ્રેજ અમલદારની તુમાખી અંગેની બધી વાતચીત સાંભળીને તેઓ પણ ધૂંઆપૂંઆ થતા બોલ્યા કે, જાત અંગ્રેજની અને હોદ્દો અમલદારનો ! આ તો વાંદરાએ દારૂ પીધા જેવો ઘાટ ઘડાયો ગણાય. અહિંસાનો 'અ' પણ જેણે ઘૂંટ્યો ન હોય, એ શિકારની ભયાનકતા તો ક્યાંથી સમજી શકે ? અને એને વળી આ ધરતી પરના સંસ્કારની જાળવણીની તો શી પડી હોય ? માટે આને તો બરાબરનો બોધપાઠ આપવો જ જોઈએ. ચાલો, આપણે સૌ આજે ને આજે જ ભાવનગરના દીવાન સમક્ષ આ પ્રશ્ન રજૂ કરીને ન્યાયની માંગણી મૂકીએ.

ભાવનગર રાજ્યમાં ત્યારે બુદ્ધિશાળી દીવાન તરીકે ગગા ઓઝાની સારામાં સારી ખ્યાતિ હતી. એમનું પૂરું નામ તો ગૌરીશંકર ઉદયશંકર ઓઝા હતું. પણ ગગા ઓઝાના હુલામણાં નામે જ એઓ વધુ વિખ્યાત હતા. મુત્સદ્દીગીરી માટેય એઓ માનીતા હતા. એમની આગેવાની હેઠળ થાણદારને સાથે લઈને એ ગામજનો ભાવનગર જઈ પહોંચ્યા. મહત્વના કામ માટે સૌ આવ્યા હતા, એથી દીવાને તરત જ એમને મુલાકાત આપી. મુલાકાતના માધ્યમે બધી જ વાત જાણી લીધા બાદ મુત્સદ્દીગીરી માટે જાણીતા દીવાને ગોવિંદજીભાઈ રાવળ અને થાણદાર સાથે ખાનગીમાં થોડી મંત્રણા કરીને અંગ્રેજ અમલદાર સામે લેવાના પગલા અંગે માર્ગદર્શન કરાવ્યું.

દીવાને જે અખતરો કરવાનું દર્શાવ્યું હતું, એ ખતરાભર્યો હોવા છતાં દીવાનની મુત્સદ્દીગીરી પર ગોવિંદજીભાઈ રાવળ અને થાણદારને પૂરેપૂરો વિશ્વાસ હોવાથી થોડી પણ આનાકાની કર્યા વિના તેઓ ભુંભલી તરફ જવા રવાના થઈ ગયા. દીવાને કઈ જાતનું માર્ગદર્શન આપ્યું, એની ગામલોકોને ખબર નહતી, પણ સૌનો એ નિર્ણય હતો કે, થાણદાર અને ગોવિંદભાઈ રાવળની રાહબરી હેઠળ જે કરવું પડે, એ કરીને પણ અંગ્રેજ અમલદારની સાન તો બરાબર ઠેકાણે લાવવી જ !

અંગ્રેજ અમલદારને તો એ વાતનો ખ્યાલ જ નહતો કે, પોતાની સામે પડકાર પાડવા પૂરું ગામ સજ્જ થઈ રહ્યું હતું અને જળકૂકડીની હિંસાને હંફાવવા જે કઈ કરવું પડે, એ કરીને સૌ હિંસાને હંફાવીને જ જંપનાર હતા. આવો કોઈ જ ખ્યાલ ન હોવાથી બીજે દિવસે એ તો પૂરી તૈયારી સાથે બંદૂકને ખભે ભરાવીને તળાવની પાળે હાજર થઈ ગયો. જ્યાં એણે બંદૂક ઉઠાવી, ત્યાં જ થાણદારે આગળ આવીને એ અંગ્રેજની સામે આક્રમક અવાજે કહ્યું કે, હિંસાબંધીનું આ બોર્ડ ગુજરાતીમાં લખાયેલું હોવાથી જો વાંચી શક્યા ન હો, તો કાન ખુલ્લા રાખીને સાંભળી લો કે, આ તળાવ પર હિંસા કરવાની બંધી છે.

થાણદાર આથી વધુ કઈ બોલે, એ પૂર્વે જ ગોવિંદભાઈ રાવળ અને એમની પાછળ પાછળ ગામના આગેવાનો આગળ આવ્યા અને સૌએ સમસ્વરે જોરથી સંભળાવવા માંડ્યું કે, હિંસાબંધીની મહાજનની આણનો જે લોપ કરે, એની સામે કાયદેસરના કડક

પગલા ઉઠાવવાની વાત પણ આ બોર્ડમાં લખવામાં આવી છે.

ગામમાંથી મચેલો આ ગોકીરો સાંભળીને અંગ્રેજ અમલદારનો પિત્તો ગયો, એ વધુ કઈ બોલવા જાય, એ પૂર્વે તો થાણદારના એક ઇશારે કેટલાય પોલીસો ધસી આવ્યા અને બીજી જ પળે અંગ્રેજ અમલદાર કેદખાનાની કોટડીમાં કેદ થઈ ગયો. કોઈએ ધાર્યું ન હતું, એવી પરિસ્થિતિ અણધારી જ સરજાઈ જતા ચારેબાજુ હો-હા મચી ગઈ. અમલદારના તો હોશકોશ જ ઉડી ગયા હતા. એની આબરુની ધૂળધાણી થઈ ગઈ હતી. અમલદારને કાળી કોટડીમાં ધકેલી દેનાર થાણદાર પાસેથી જવાબ માંગવા અમલદારનો સાગરીત-વર્ગ ધૂંઆપૂંઆ બની ઊઠ્યો હતો. એ વર્ગ તરત જ ભાવનગર જઈને દીવાનની સામે આ ફરિયાદ રજૂ કરીને તરત જ એનો ફેંસલો ફડાવી લેવા માંગતો હતો. એથી મારતે ઘોડે થોડા માણસો ભાવનગર પહોંચી ગયા અને દીવાનના દરબારના દરવાજા ખખડાવીને ભુંભલીમાં બનેલા બનાવને એમણે મરચું-મીઠું ભભરાવીને રજૂ કર્યો. એ બનાવની વિગતો જાણીને દીવાને ખૂબ અજુગતું બની ગયાનો ભાવ મોઢા પર દર્શાવીને સામેથી જણાવ્યું કે,

અંગ્રેજ અમલદારનું આવું અપમાન ચલાવી લેવાય જ નહિ ! ચાલો, થાણદાર પાસે આનો જવાબ લેવા હું પણ તમારી સાથે ભુંભલી આવવા તૈયાર છું અને આ ફરિયાદનો ફેંસલો ફાડી દેવાની પણ મારી તૈયારી છે.'

દીવાનની આ વાત સાંભળીને અમલદારના સાગરીતો ખુશખુશાલ બની ગયા. વળતી જ પળે દીવાનને સાથે લઈને એ બધા ભુંભલી આવ્યા. સીધા જ કેદની કોટડી સમક્ષ ખડા થઈ જઈને, થાણદારને બચાવ કરવાની કે બીજા કોઈને ફરિયાદ કરવાની તક આપ્યા વિના જ દીવાને અંગ્રેજ અમલદારને સાવ સહજભાવે કહ્યું કે, અમારા થાણદારનું મગજ જરા અસ્થિર જેવું છે. બંદૂકના ભડાકા જ નહિ, માત્ર બંદૂક જોઈને પણ આ થાણદાર મગજ પરનો કાબૂ ગુમાવી બેસે છે. અંગ્રેજ અમલદાર તરીકે આપનું આવું અપમાન થાય અને એની સામે હું કોઈ પગલાં ન ભરું, એવું બને જ નહિ ને ? બધી વિગત જાણ્યા બાદ થાણદારની હકાલપટ્ટી કરવાનો નિર્ણય લઈને જ હું અહીં આવ્યો છું.

દીવાને થાણદાર સમક્ષ નજર કરીને જરા સત્તાવાહી સુરે કહ્યું કે, આ કોટડીના તાળાં ખોલી નાખ. આ અંગ્રેજ અમલદારને તો મારે ભાવનગર પધારવા આમંત્રવાના છે.

પૂર્વ સંકેત મુજબ થાણદારની હકાલપટ્ટી કરવાનું હુકમનામું લઈને જ દીવાન આવ્યા હતા. એ હુકમનામું જોતા જ અંગ્રેજ અમલદારને સંતોષ થઈ ગયો. ભુંભલીમાં થોડા દિવસો રહીને શિકાર ખેલવાના એમના સ્વપ્ન મનમાં જ રહી ગયા. ગામલોકો તરફથી જે રીતે બોધપાઠ ઉપરાંત શિક્ષા મળી હતી, એ એવી ભારે હતી કે, હવે સ્વપ્નેય શિકારનાં શોખને પંપાળવાની ભૂલના તેઓ ભોગ બને એમ નહતા.

અંગ્રેજ અમલદાર ભાવનગરનો અતિથિ બનીને થોડા જ દિવસ બાદ અમદાવાદ ભણી રવાના થઈ ગયો. દીવાનની મુત્સદ્દીગીરીના એક વ્યૂહરૂપે જ ભુંભલીના થાણેદાર થોડો સમય સ્થાનાંતર કરીને જ્યારે પાછા ભુંભલીમાં પ્રવેશ્યા ત્યારે સહુને થયું કે, આનું જ નામ મુત્સદ્દીગીરી ! અંગ્રેજ અમલદાર સામેનો સામનો કેટલો સફળ થાત, એ સવાલ હતો. જ્યારે આવો વ્યૂહ તો હિંસાને હંફાવવામાં ધાર્યા કરતા વધુ સફળતા વર્યો હતો, એ તો બંધ આંખે પણ નિહાળી શકાય એવું સૂર્ય જેવું એક સત્ય હતું.

### કાવ્યોપદેશ

અભાવ આકાશ કા નહીં, ઉડનેવાલી પાંખો કા હૈ
અભાવ પ્રકાશ કા નહીં દેખનેવાલી આંખો કા હૈ
ભરે સમંદર કે બીચ રહકરભી મીન પ્યાસી ક્યોં ?
યહ પ્રશ્ન સિર્ફ મેરા નહીં હજારો લાખોં કા હૈ.

o

હર દીપક કે તલે અંધેરા હોતા હૈ
હર અંધેરી રાત કે પીછે સવેરા હોતા હૈ
ઘબરા જાતે હૈં લોગ મુસીબતોં કો દેખકર પર
હર મુસીબત કે પીછે સુખ કા ડેરા હોતા હૈ.

## જૈનો જો જાગે, તો જરૂર પાલિતાણા-જૂનાગઢમાં પણ માંસાહાર અટકાવી શકે

સૌરાષ્ટ્રમાં આવેલા પાલીતાણા શહેરમાં નદી ઉપરનો પુલ ઓળંગીને પ્રવેશ કરીએ, એટલે તરત જ ઇંડાની આમલેટ બનાવતી રેંકડીઓ જોવા મળે છે. અત્યંત પવિત્ર ગણાતા પાલિતાણા શહેરમાં અમુક વિસ્તારોમાં ખુલ્લે આમ પશુઓની કતલ કરવામાં આવે છે અને માંસનું વેચાણ પણ કરવામાં આવે છે. આવી જ પરિસ્થિતિ ગિરનાર જેવું પવિત્ર યાત્રાધામ જ્યાં આવેલું છે તે જૂનાગઢ શહેરની છે. જૂનાગઢ શહેરમાં તો મુખ્ય રસ્તાઓ ઉપર માંસની દુકાનો આવેલી છે. દ્વારિકા, અંબાજી અને પાવાગઢ જેવા યાત્રાધામોની પરિસ્થિતિ પણ અલગ નથી. રાજસ્થાનમાં આવેલા તીર્થધામ રાણકપુરની તદ્દન નજીક માંસાહાર પીરસતી હોટેલ ખૂલી ગઈ છે. શું આ બધા તીર્થધામોને અભડાવતી માંસ, મચ્છી અને ઇંડાની દુકાનો અને હોટેલો ઉપર સ્થાનિક નગર પાલિકા કે મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રતિબંધ મૂકી શકે ખરી ? તેનો જવાબ આ દેશની સુપ્રીમ કોર્ટે હકારમાં આપી આ પ્રકારના પ્રતિબંધ મૂકવા સામેના બધા જ અવરોધો દૂર કર્યા છે. હવે દડો ગુજરાત સરકારની અને પવિત્ર શહેરની સુધરાઈના હાથમાં છે. આ પવિત્ર શહેરની યાત્રા કરવા માટે આવતા લાખો શ્રદ્ધાળુઓની ધાર્મિક ભાવનાની કદર કરી તેઓ આ પ્રકારનો પ્રતિબંધ જરૂર ફરમાવી શકે છે. તેમાં દેશનો કોઈ કાયદો કે બંધારણની કોઈ જ કલમ વચ્ચે નથી આવતી એવું દેશની સર્વોચ્ચ અદાલતે સાબિત કરી આપ્યું છે. આટલું થયા પછી તે પવિત્ર શહેરોની નગર પાલિકાઓ આ પ્રકારનો ઠરાવ પસાર કરવા તૈયાર ન હોય, તો તેનો અર્થ એટલો જ થાય છે કે, તેને મુઠ્ઠીભર માંસના વેપારીઓના હિતોની જેટલી ચિંતા છે, તેટલી ચિંતા લાખો શ્રદ્ધાળુઓની ધાર્મિક ભાવનાની નથી.

સુપ્રીમ કોર્ટમાં આવેલા કેસની વિગતો મુજબ ઈ.સ. ૧૯૮૬માં ઉત્તરપ્રદેશમાં આવેલા હરિદ્વારની મહાનગર પાલિકાએ એક જાહેરનામું બહાર પાડીને શહેરની હદમાં માંસ, મચ્છી અને ઇંડાના વેચાણ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરકાવી દીધો હતો. આ પ્રતિબંધ હરિદ્વાર ઉપરાંત ઋષિકેશ અને 'મુન્ની કી રેતી' વિસ્તારોમાં પણ લાગુ પાડવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ ઈ.સ. ૧૯૧૬ના ઉત્તરપ્રદેશ મ્યુનિસિપલ એક્ટની કલમ ૨૯૮ (૨) અન્વયે લાગુ કરવામાં આવ્યો હતો. આ કલમમાં માત્ર માંસ અને મચ્છીનો જ ઉલ્લેખ નહોતો, હરિદ્વારની મહાનગરપાલિકા આ પ્રતિબંધમાં ઇંડાનો પણ સમાવેશ કરવા માંગતી હતી. આ માટે તેણે બંધારણમાં ફેરફાર કરી તેમાં ઇંડાને પણ સામેલ કર્યા હતા. મ્યુનિસિપાલિટીના આદેશને પગલે હરિદ્વાર, ઋષિકેશ અને મુન્ની કી રેતી આ ત્રણેય શહેરોમાં માંસ, મચ્છી અને ઇંડાની બધી દુકાનો અને હોટલો બંધ થઈ ગઈ હતી.

ભારતના બંધારણની કલમ ૧૯ (૧) એમ કહે છે કે ભારતનો દરેક નાગરિક દેશમાં કોઈ પણ સ્થળે પોતપોતાનો ધંધો મુક્ત રીતે કરી શકે છે. હરિદ્વાર મ્યુનિસિપાલિટી વિસ્તારમાં માંસનો ધંધો કરતા વેપારીઓને લાગ્યું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનને આ પ્રતિબંધ દ્વારા તેમનો મુક્ત રીતે ધંધો કરવાનો મૂળભૂત અધિકાર છીનવી લીધો છે. આ લાગણી સાથે તેમણે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધ્યાદેશને ઉત્તરપ્રદેશની હાઈકોર્ટની અલ્હાબાદ બેન્ચમાં રિટ પિટિશન કરીને પડકાર્યો હતો. આ કેસનો દસ વર્ષ પછી ચુકાદો આવ્યો હતો. જેમાં ઋષિકેશની મ્યુનિસિપાલીટીના આદેશને વાજબી ઠરાવવામાં આવ્યો હતો. આ ચુકાદા સામે ઓમ પ્રકાશ અને બીજા માંસના વેપારીઓએ ઈ.સ. ૧૯૯૮માં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જેનો ચુકાદો આ વર્ષની નવમી માર્ચે આવ્યો હતો, આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટના બે ન્યાયાધીશોની બેન્ચે અપીલને ડિસમિસ કરી નાખી હતી. સુપ્રીમ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિઓ શ્રી શિવરાજ વી. પાટિલ અને શ્રી ડી. એમ. ધર્માધિકારીની બેન્ચે જે ચુકાદો આપ્યો

છે, તે અનેક રીતે ઐતિહાસિક છે અને સીમાચિહ્નરૂપ છે, કારણ કે તેનો અમલ સમગ્ર ભારતનાં બધાં જ તીર્થસ્થાનોમાં કરી શકાય છે. એ વસ્તુ યાદ રહેવી જોઈએ કે હરિદ્વાર અને ઋષિકેશ એ કોઈ નાનાં ગામડાંઓ નથી, પણ મોટાં શહેરો છે. તેમ છતાં વૈદિક ધર્મના પવિત્ર તીર્થધામ હોવાને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન ધરાવતા અને કુલ પાંચેક લાખની વસતી ધરાવતા આ શહેરોમાં માંસ, મચ્છી અને ઈંડાનું વેચાણ બંધ કરી શકાતું હોય, તો ગુજરાતમાં જૂનાગઢ અને પાલિતાણા જેવા શહેરોમાં આ પ્રકારનો પ્રતિબંધ લાદી ન શકાય તેવું કોઈ જ કારણ નથી. આ પ્રતિબંધ શા માટે લાદવો જોઈએ. એ સમજવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું અવલોકન કરવું જરૂરી બને છે.

ઉત્તર પ્રદેશના મ્યુનિસિપલ એક્ટની કલમ ૨૯૮ (૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનને તેના રહેવાસીઓના આરોગ્ય, સલામતી અને સુવિધા ખાતર નિયમો બનાવવાનો અધિકાર છે. આ નિયમો કે પેટા નિયમો એવા ન હોવા જોઈએ કે, મૂળ કાયદાની ભાવના સાથે અસંગત હોય. ઋષિકેશ મ્યુનિસિપલ કોર્પોરેશને આવા જાહેર આરોગ્ય માટે હાનિકારક પદાર્થોની જે યાદી હતી, તેમાં સુધારો કરીને તેમાં ઈંડાનો પણ સમાવેશ કર્યો, તે મૂળ કાયદાની ભાવના સાથે સુસંગત જ હતું. એમ જસ્ટિસ શ્રી શિવરાજ પાટિલ પોતાના ચુકાદામાં જણાવે છે. આ કારણે આ પેટા નિયમ ગેરકાયદે નથી. એમ ન્યાયમૂર્તિશ્રી પોતાના ચુકાદામાં જણાવે છે. આ રીતે ન્યાયમૂર્તિશ્રી શિવરાજ પાટિલનો ચુકાદો સ્પષ્ટ જણાવે છે કે, ઋષિકેશ મહાનગર પાલિકાએ જે ઈંડા, માંસ અને મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવતો અધ્યાદેશ બહાર પાડ્યો છે તે પ્રજાના કલ્યાણ માટે જ છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચ પૈકી ન્યાયમૂર્તિશ્રી જસ્ટિસ ડી. એમ. ધર્માધિકારીએ પોતાનો અલગ ચુકાદો આપતા ઋષિકેશ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિર્ણયને વાજબી ગણાવ્યો છે. આ નિર્ણયનું સમર્થન કરતા જ જસ્ટિસ ધર્માધિકારીએ જે દલીલો કરી છે, તે ખૂબ જ રસપ્રદ છે. તેઓ પોતાના ચુકાદામાં જણાવે છે : ''બંધારણની કલમ ૧૯ની પેટા કલમ ૬ હેઠળ કોઈ પણ ધંધાને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવાનું પગલું ત્યારે જ વાજબી ગણાય કે, જ્યારે આ પ્રકારના પ્રતિબંધથી લોકોના હિતોની મોટા પ્રમાણમાં રક્ષા થવાની હોય. કોઈ પણ શહેરી કે ગ્રામીણ વિસ્તારના સ્થાનિક વહીવટીતંત્રનું નિયમન કરતા કાયદા સમાજની સામાજિક અને આર્થિક જિંદગીને સ્પર્શતા હોય છે. આ કિસ્સામાં ઋષિકેશની મુલાકાતે આવતા અને ત્યાં રહેતા મોટાભાગના લોકો ચુસ્ત શાકાહારી છે. આ તેમનો ધર્મ છે અને તેમની જીવન પ્રણાલી પણ છે. અહીં જે અપીલ કરનારાઓ છે, તેઓ હોટેલો અને રેસ્ટોરાં ચલાવે છે, તો કેટલાક માંસાહારી ખાદ્યપદાર્થોનો ધંધો કરે છે. આ પ્રકારના લોકો શહેરની વસતીનો ખૂબ જ નાનકડો હિસ્સો છે. આ કારણે ઋષિકેશમાં માંસાહારી પદાર્થોના વેચાણ ઉપર જે પ્રતિબંધ ફરમાવમાં આવ્યો છે, તે આ ત્રણ શહેરોના ધાર્મિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં તપાસવો જોઈએ. એ ખૂબ જાણીતી વાત છે કે, ભારતની અનેક કોમો ચુસ્ત શાકાહારી અને તેઓ માંસ, મચ્છી તેમજ ઈંડાથી દૂર રહે છે. આવા લોકો યાત્રાના હેતુ માટે હરિદ્વાર, ઋષિકેશ અને મુન્ની કી રેતીની નિયમિત મુલાકાત લે છે. આ ત્રણ શહેરમાં લોકો મોટા ભાગે ધાર્મિક અનુષ્ઠાનો માટે ભેગા થતા હોય છે.

ભારતના બંધારણની ૫૧-એ કલમ કહે છે કે તમામ નાગરિકોની મૂળભૂત ફરજ છે કે, બધાની ધાર્મિક ભાવનાનો આદર કરવો અને ભારત જેવા બહુરંગી સમાજમાં પરસ્પર ભ્રાતૃભાવ વધે તેવા પ્રયત્નો કરવા. આ કારણે મ્યુનિસિપલ કોર્પોરેશને જે આદેશ બહાર પાડ્યો છે તે આ ત્રણ શહેરોની મોટા પાયે મુલાકાત લેવા શ્રદ્ધાળુઓની ધાર્મિક અને સાંસ્કૃતિક લાગણીઓને લક્ષ્યમાં લઈને જ બહાર પાડવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કોર્ટને એમ કહેવામાં આવ્યું છે કે, આ ત્રણેય શહેરોની મહાનગરપાલિકાની આવકનો મુખ્ય આધાર પણ યાત્રિકો જ છે. દરેક ધાર્મિક સ્થળોમાં સ્વચ્છ અને શુદ્ધ વાતાવરણ જાળવી રાખવું એ યાત્રાળુઓના અને સ્થાનિક પ્રજાના પણ હિતમાં છે.

**''કચ્છ વિકાસ''માંથી સાભાર**

## નિશાળને નવગજના નમસ્કાર

### ઘરની શાળામાં ભણતા ૨૦ લાખ અમેરિકન બાળક

અમેરિકાના શિક્ષણ જગતમાં નવો માહોલ જોવા મળ્યો. બે-ત્રણ વર્ષ અગાઉ નામાંકિત યુનિવર્સિટીઓની એમ.બી.એ.ની પદવી પ્રાપ્ત કરવી એ અમેરિકાના અને અમેરિકામાં અભ્યાસ કરતાં તેજસ્વી વિદ્યાર્થીનું સ્વપ્ન હતું. પરંતુ હવે એક નવો પ્રવાહ જાગ્યો છે, એ કહે છે કે આવી ઊંચી પદવી કે ઊંચો ગ્રેડ મહત્વનો નથી. ખરી મહત્વની શિક્ષા તો વાસ્તવિક જગતમાં તમારા વ્યવસાયનો કસબ સિદ્ધ કરવાનો છે. આથી હવે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને એમ.બી.એ.ની પદવી હાંસલ કરવાના જુવાળમાં થોડી ઓટ આવી છે.

અમેરિકાના મારા પ્રવાસ દરમિયાન, ન્યૂયોર્કમાં મિત્ર ડેનિયલ બ્રાઉનના ઘરે જવાનું બન્યું. એના ઘરમાં પ્રવેશતાં અતિ આશ્ચર્ય થયું. એના ઘરના એક ખંડમાં નાનાં નાનાં ડેસ્ક હતાં, બાજુમાં પાઠ્યપુસ્તક હતાં અને એના પત્ની બાર્બી બ્રાઉન બાળકોને ભણાવી રહ્યા હતા.

મેં મિત્ર ડેનિયલ બ્રાઉનને પૂછ્યું, ''શું બાર્બી ઘરમાં ટ્યુશન ક્લાસ ચલાવે છે ? આ ત્રણ બાળકો તેમનું ટ્યુશન લઈ રહ્યાં છે ?''

ડેનિયલ બ્રાઉને કહ્યું ''આ કોઈ અન્યનાં બાળકો નથી પણ મારાં સંતાનો છે.''

મેં મજાકમાં કહ્યું : ''દોસ્ત, એનો અર્થ એ કે તે ઘરમાં નિશાળ ખોલી છે, ખરું ને ! અને એ નિશાળમાં વિદ્યાર્થીઓ છે માત્ર તારા બાળકો.''

ડેનિયલ બ્રાઉને કહ્યું, ''હા, મેં ખરેખર ઘરમાં નિશાળ ખોલી છે. મારી પત્ની બાર્બીએ આ ઘરની નિશાળ માટે ઊંચી આવકની નોકરી છોડી દીધી છે. એ બાળકોને ઘેર ભણાવે છે, અભ્યાસક્રમ શીખવે છે અને ઈતર પ્રવૃત્તિઓ પણ શીખવે છે.''

મને પારાવાર આશ્ચર્ય થયું, કારણ કે ડેનિયલ એટલો બધો ધનવાન નહોતો કે એની પત્ની 'જોબ' ન કરે તો પણ અનું ઘર ચાલે. એણે તેની પત્નીને નોકરી કરવાને બદલે સંતાનોની કેળવણી માટે ઘેર રાખીને સાહસ જ કર્યું કહેવાય. ''આ અમારો સંયુક્ત અને ઘણો કપરો નિર્ણય હતો.'' એમ ડેનિયલે જણાવતાં મેં પૂછ્યું, ''આવું સાહસ કરવાનો તને કઈ રીતે વિચાર આવ્યો ?'' ડેનિયલે કહ્યું ''અમારી નિશાળો અભ્યાસક્રમ શીખવે છે, પણ જીવનક્રમ શીખવતી નથી. બીજી મહત્વની બાબત છે આજની નિશાળોનું ચિંતાપ્રેરક વાતાવરણ. તમને આશ્ચર્ય થશે કે આ શાળાઓમાં ભણતા બાળકોમાં હિંસકવૃત્તિ ઘણી વકરી જાય છે. નિશાળમાં સાથીઓ સાથેની મારામારીથી માંડીને હત્યા કરવા સુધીની ઘટનાઓ બને છે. બાળકોની આવી હિંસક વર્તણૂક એના સમગ્ર જીવન વ્યવહારમાં પ્રગટ થાય છે. વળી એક મોટો ભય ડ્રગની આદતનો છે. આજે નિશાળમાં ડ્રગ્સસેવન એટલું બધું વધી ગયું છે કે તમને કલ્પના પણ ન આવે. તમે તમારા સંતાનો પર ગમે તેટલી નજર રાખો, પણ નિશાળના લાંબા કાળ પર તમારો કોઈ કાબૂ હોતો નથી.''

મને ડેનિયલ બ્રાઉનની વાતમાં તથ્ય લાગ્યું અને નિશાળમાં ભણતા બાળકો એમની આસપાસના જ જગતમાંથી કેવી દોસ્તી, દૂષણો અને દેખાડો મેળવે છે, એ તો મેં મારા પ્રવાસમાં નજરો નજર જોયું હતું.

ડેનિયલ મારા પ્રશ્નનો ઉત્તર આપતો હતો, એવામાં જ બાર્બી આવી અને તેણે કહ્યું, ''આમાં હું એક વાતનું ઉમેરણ કરું છું અને તે એ કે નિશાળોમાં ધર્મના કોઈ સંસ્કાર અપાતા નથી. હું ખ્રિસ્તી ધર્મમાં માનું છું અને મારા બાળકોને એ ધર્મસંસ્કાર આપવા ચાહું છું. એમનામાં કોઈ ધર્માંધતા લાવવી નથી, પરંતુ એમને ધર્મની સાચી સમજણ આપીને મારે એમને સારા બાળક અને ભવિષ્યના સારા નાગરિક બનાવવા છે.''

ડેનિયલ બ્રાઉને કહ્યું; ''એક બીજી હકીકત તરફ તારું ધ્યાન દોરું. આજે અમેરિકામાં બહુ ઓછી નિશાળોમાં ગુણવત્તાવાળું શિક્ષણ આપવામાં આવે છે. આ નિશાળોમાં એવું શિક્ષણ મળે છે કે, બાળકને શિક્ષણ માટે કોચિંગ કલાસ કે ટ્યુશન રાખવા જ પડે છે. જો નિશાળની આ જ પરિસ્થિતિ હોય, તો પછી એને ભણવા મોકલવાનો અર્થ શો ? આથી અમે નક્કી કર્યું કે, અમારાં બાળકોને અમે ઘેર ભણાવીશું. એને માટે બાર્બીએ 'જોબ' છોડી. અમે ઘરના બજેટમાં કાપ મૂક્યો અને ઓછા ખર્ચે રહેવાનું સ્વીકાર્યું. થોડો ભોગ આપ્યો, પણ તે બધું બાળકો માટે.''

મારા મનમાં નવો સંશય જાગ્યો કે બાળકોને આ રીતે નિશાળથી દૂર રાખવાથી એનામાં આસપાસની પરિસ્થિતિનો સામનો કરવાની કે સમાજમાં ભળવાની શક્તિ આવે નહિ, તેવું થાય ખરું ?

બાર્બીએ કહ્યું; ''ના, આ બાબતમાં મારો અનુભવ જુદો છે. હું મારા સંતાનોને રોજ ચારેક કલાક ભણાવું છું. એ પછી તેઓ ઇતર પ્રવૃત્તિ કરે છે અને હકીકતમાં તો જાહેર નિશાળના બાળકો જેટલો સમય બહાર વીતાવે છે, તેના કરતાં ઘણો વધુ સમય આ બાળકો ઘરની બહાર શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં, રમત સ્પર્ધાઓમાં, અને હળવા-મળવામાં ગાળે છે. આથી સામાન્ય રીતે ઘરમાં ભણતાં બાળકો વિખૂટા કે એકલા પડી જાય છે એવું નથી. આજે અમેરિકામાં આવી રીતે વીસ લાખ બાળકો ઘરની સ્કૂલમાં અભ્યાસ કરે છે.''

ડેનિયલે ટાપસી પૂરી : ''અને દર વર્ષે જાહેર નિશાળોમાંથી એક યા બીજા કારણસર માતાપિતા એમનાં બાળકોને ઉઠાડી લે છે અને ઘરમાં ભણાવે છે. હિંસા સ્વચ્છંદતા અને વ્યસન-એ ત્રણ ભયને કારણે બાળકને આવી રીતે ઘરમાં અભ્યાસ કરાવવામાં આવે છે.

બાર્બીએ તો આંકડા આપીને કહ્યું; ''જુદી જુદી જાહેર પરીક્ષાઓમાં, નિશાળોમાં ભણનાર બાળકો કરતાં વધુ આવડત, ઘરમાં અભ્યાસ કરતા બાળકોએ બતાવી છે. એથી ય વધારે અમેરિકામાં, વિદ્યાર્થીઓ માટે યોજાતી જુદી જુદી સ્પર્ધાઓમાં આવા બાળકોએ વિજય મેળવ્યો છે. સૌથી વધુ સ્પેલિંગ કોને યાદ છે તે સ્પર્ધામાં વિજય મેળવનાર ઘરની નિશાળમાં ભણેલો બાળક હતો.''

ડેનિયલ બ્રાઉને વાતનું સમાપન કરતા કહ્યું : ''મિત્ર, આવી રીતે ઘેર અભ્યાસ કરીને આગળ વધેલા વિદ્યાર્થીઓ માટે આગવી કોલેજો પણ છે અને એ કોલેજોમાં ઘેર રહીને ભણેલા બાળકોને વિશેષ સ્થાન મળે છે.''

મેં ડેનિયલને કહ્યું : ''તારી વાત સાચી, અમારા ગુજરાતના એક સમર્થ કવિ અને એક ઉમદા ઇન્સાન રાજેન્દ્ર શુક્લએ તો વર્ષો પહેલાં પોતાના સંતાનોને આ રીતે શિક્ષણ આપ્યું હતું. સમજ્યોને ! એની મને આ બધી વાતો સાંભળીને સ્મૃતિ થઇ આવે છે.

**ડો. કુમારપાળ દેસાઈ**

## अचम्भा होगा आप सबको जान कर यह सच्चाई पालीताणा में मांस की बिक्री अब भी जारी है ।

पिछले दिनो मेरे मोबाईल पर कई मैसेज आये । वो सबके सब खुशी का इजहार करते हुये थे कि ''गुजरात सरकार ने अण्डे, मांस, मछली, मटन इत्यादि की बिक्री पर पालिताणा में रोक लगा दी । कृपया यह SMS सभी जैनों को भेजिये, जय जिनेन्द्र ।''

पहले तो मुझे यह समझ नहीं आया कि यदि सचमुच गुजरात सरकार ने मांस मछली, अण्डे मटन पालीताणा में बिक्री पर रोक लगा दी हैं तो ये खबर SMS द्वारा सब जैनों तक पहुँचाने की क्या आवश्यकता ? हकीकत में SMS मांसाहारियों को भेजना चाहिये था कि 'पालिताणा में गुजरात सरकार ने अण्डे, मांस, मछली, मटन की बिक्री पर रोक लगा दी है, अत: अब यह काम वहां न करके इस शाश्वत तीर्थ की पवित्रता कायम रखने में सक्रिय भूमिका निभाना ।''

पर हम बड़े भावुक है अत: भावुकता में खुशी अनुभव करते हुये धड़ाधड़ SMS करने मैं लीन हो गये। मुझसे रहा नहीं गया । मैंने अपने प्रतिनिधि को वहाँ भेजा और हकीकत जानने की कोशिश की । हकीकत जानकर रौंगटे खड़े हो गये । पालीताणा में एक क्षेत्र है, वहाँ जानवर आज भी कटते हैं । व खुलेआम वहां मांस की बिक्री हो रही है । वहां पहाड़ के पास में जो झील या तालाब है वहां मछुवारे मछली आज भी पकड़ रहे हैं । इसके कुछ रंगीन छायाचित्र मेरे पास मोजुद है । इस लेख को पढ़कर गुजरात सरकार को राजनीतिक कुचक्र की इस कुटिल चाल से जैनों को भ्रमित कर इस शाश्वत तीर्थ के साथ क्रूर मजाक करने के लिये पत्र द्वारा लताडें व आनेवाले गुजरात के चुनावों में समस्त शाकाहारी समाज इस मुद्दे को उठाये व चुनाव में मुँहतोड़ जवाब दे ।

गुजरात के मुख्यमंत्री श्री नरेन्द्र मोदीजी को पालीताणा तीर्थ पर मांस बिक्री पर सम्पूर्ण प्रतिबन्ध अब तक नहीं लग पाने की जाँच के लिये व इस नियम का सख्ती से पालन करवाने हेतु एक पत्र अवश्य लिखें । बहुत पुण्य मिलेगा । आपका एक पोस्टकार्ड आपको जीवदया के पुण्य में बहुत बडा भागीदार बनायेगा ॥

'युग-प्रवाह' पाक्षिकमांथी साभार
युगराज जैन, ओक्टोबर-२००७

# નવી નજરે

૦ ઉમંગ શાહ, કર્ણાવતી

*આજની દૃષ્ટિએ વિશ્વના ટોચનાં કહી શકાય એવા મેનેજમેન્ટ ગુરુઓ તેમજ સફળ હસ્તીઓ તરીકે સુપ્રસિદ્ધ લેખકોના ૪૨ લેખોનો સંગ્રહ 'પર્સનલ એક્સેલંસ' પુસ્તિકામાં પ્રકાશિત થયેલ છે. બૌદ્ધિકો માટે બહુમાન્ય આ પુસ્તિકામાં અમેરિકાના પૂર્વ-પ્રમુખ, ઉપપ્રમુખ, શિક્ષા-સલાહકાર, ઓલંપિક વિજેતા, મનોચિકિત્સકો, ખ્યાતનામ ધર્મ-ગુરુઓ જેવી વ્યક્તિઓએ આંતરિક વ્યક્તિત્વના વિકાસ માટેના સુવર્ણ-સૂત્રો સુંદર શૈલીમાં રજૂ કર્યા છે. હિલેરી ક્લિંટન, માર્ગરેટ થેચર, સ્ટીફન કોવી, ઝિગ ઝેવલર, અલગોરે, પોપ જોન પોલ, દીપક ચોપરા વગેરે એના લેખકો છે. એનું પ્રકાશન 'રિડર્સ ડાયજેસ્ટ' દ્વારા થયેલ છે. એમાંથી ચૂંટેલા આઠેક લેખો ઉમંગ શાહની કલમે સંયોજિત-સંકલિત અને સંસ્કારિત થઈને 'કલ્યાણ'ના હજારો વાચકો સમક્ષ આ અંકથી 'નવી નજરે' નામક લેખમાળા તરીકે પ્રસિદ્ધ થવા પામશે. ઉમંગ શાહે લેખોનું સંસ્કરણ જૈન વિચારધારાને નજર સમક્ષ રાખીને કર્યું હોવા છતાં મૂળ-લેખકો અજૈન હોવાથી વાચકો વિવેકપૂર્વક આનું વાચન-મનન કરે એવી અપેક્ષા રાખવી અસ્થાને નહિ ગણાય. વિવેકપૂર્વક આનું વાચન થશે તો વાચકો 'નવી જ નજર' મળ્યા જેવો આશ્ચર્યાનંદ જરૂર અનુભવ્યા વિના નહિ રહે. પ્રતિભાવ જણાવવાની ભાવના પૂર્ણ થઈ શકે માટે વાચકોએ નીચે મુજબનું સંપર્ક-સૂત્ર પોતાની ડાયરીમાં નોંધી લેવા વિનંતી સંપા. એ-૨૪, સુગમ એપાર્ટમેન્ટ, મધુર હોલ પાસે શ્યામલ રો હાઉસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૮૨૫૧૨૮૪૮૬*

## ૧. આસ્તિકતા : એકવીસમી સદીનો આદર્શ

થોડા વરસ પહેલાં એવો સમય હતો, જ્યારે માણસો પોતાને નાસ્તિક તરીકે ઓળખવામાં ગૌરવ અનુભવતા, બુદ્ધિજીવીઓમાં નાસ્તિક હોવાની ફેશન હતી. જમાનો બદલાયો છે. આજે ભગવાનના ભક્તોની સંખ્યા વધી છે. સ્વાસ્થ્ય અને શાંતિના પાઠ શીખવતા સંન્યાસીઓ-ગુરુઓ પાછળ યુવાનો પાગલ છે. ધર્મની શ્રદ્ધા ધરાવવાનો ક્રેઝ વધ્યો છે. નવી પેઢીના મનમાં આસ્થાનો ઉદય થઈ રહ્યો છે. દેખીતી દુનિયાનું આ દેખીતું દૃશ્ય છે.

જીવનમાં ઈશ્વરનું સ્થાન શું છે ? એ ઈશ્વરને પામ્યા વિના કે અનુભવ્યા વિના સમજાય તેમ નથી. પણ એટલું ચોક્કસ છે કે, મનના એક ખૂણામાં ભગવાન માટે જગ્યા રાખવાથી મન હળવાશ અનુભવે છે. તદ્દન નિઃસહાય અવસ્થામાં આશ્વાસનનું એક સ્થાન મળી રહે છે. એક સંપૂર્ણ અને સર્વોત્તમ શક્તિની શ્રદ્ધા મનને મજબૂત બનાવી રાખવાનું કામ કરે છે.

માણસના મનમાં સારા બનવાની અને સારા કામ કરવાની પ્રેરણા જીવતી રહે, એ માટે ઈશ્વરની આસ્થા જરૂરી છે.' એવું ઇઝરાયલના વિદ્વાન હેરોલ્ડ કુશનેર કહે છે. એકવીસમી સદી પછીના વિશ્વમાં આસ્તિકતા જીવનનો પાયો બની રહેવાની છે. આજથી દોઢસો વરસ પછી પૈસાની બોલબાલા નહીં હોય, આસ્તિકતાની હશે. 'વ્હાય બી એંડ ટુ ગુડ' નામના લેખમાં કુશનેર જે કહે છે, તે ભારતદેશના સંતોનાં વચનોનો અનુવાદ લાગે. સદીઓથી જે વાત આ ભૂમિના પ્રબુદ્ધ પુરુષો કહી ગયા છે, તે આજે નવા અર્થમાં પ્રસ્તુત થઈ રહી છે. તે કહે છે : જીવન કેવળ શરીરથી નથી બનતું, શ્વાસથી કેવળ શરીર ચાલે છે, જીવન નહી. શરીર ફીઝીકલ છે. ભૌતિક પદાર્થોની રચના છે. પણ આ શરીરમાં મારા જ અસ્તિત્વનો એક ભાગ અભૌતિક છે. નોન-ફીઝીકલ છે. તેને હું ઊર્જા શક્તિ કહું છું અથવા તો આત્મા. મારી ઓળખ, મારાં મૂલ્યો, મારી સ્મૃતિઓ, મારી લાગણીઓ આ બધું મારા અસ્તિત્વનો હિસ્સો છે. પણ મારા શરીરથી પર છે. અભૌતિક નોન ફીઝીકલ છે. મારું અસ્તિત્વ ભૌતિક નથી માટે જ તેનું મરણ થવાનું નથી. મારો આત્મા અમર છે. અને આ વાત કેવળ ધાર્મિક અંધશ્રદ્ધા નથી, પણ વૈજ્ઞાનિક હકીકત છે. આત્માના અસ્તિત્વની વિરુદ્ધમાં કોઈ દલીલ થઈ શકે તેવી નથી. આત્મા જ આપણું સાચું અસ્તિત્વ છે. પણ આપણે તેને પૂરેપૂરો જાણતા નથી. 'હું મારા વિષે જે જાણું છું તે કરતાં ભગવાન વધારે સારી રીતે જાણે છે.' ભગવાન પર વિશ્વાસ મૂકવાનું કારણ જ 'આત્મા' છે. ભગવાન ન હોય તો આપણને જીવવાની પ્રેરણા પીઠબળ કોણ આપે ? માર્ગ ભૂલેલા આપણને સાચો રાહ કોણ

બતાવે ? દોષોના કાદવમાં ખૂંપેલા આપણા હાથને ભગવાન વિના કોણ ઝાલે ? ભગવાન ન હોય તો આપણે આ વિરાટ વિશ્વમાં સાવ એકલા ન પડી જઈએ ?

પ્રેમ આપણી ભીતરમાં રહેલી સારાઈને ઉજાગર કરે છે અને ભગવાન આપણા ભીતરમાં સ્નેહનીરનું સિંચન કરે છે. આપણે સહુ ભગવાનનો અને કુદરતની રચનાઓનો આદર કરવાનું ભૂલીને માનવનિર્મિત સાધનોની પૂજા કરવા લાગ્યા છીએ. ટેક્નોલોજીની પૂજાથી વિકાસ થતો હશે, પણ એ વિકાસનું ક્ષેત્ર અત્યંત સ્થૂલ અને મર્યાદિત છે. મર્યાદિત ચીજની પૂજા આપણને પણ મર્યાદિત જ બનાવે છે. આપણી ભીતર અસીમને પામવાની પાત્રતા છે. વિજ્ઞાને એ પાત્રતાને રુંધી નાંખી છે.

ઈશ્વરની સત્તામાં ગુરુત્વાકર્ષણના નિયમની જેમ સુનિશ્ચિત થયેલા સિદ્ધાંતો છે. સારું ખરાબ, પાપ-પુણ્ય, નૈમિક્તા-નૈતિક્તા વગેરે ધોરણો સ્વયંસિદ્ધ છે. તેને સાબિત કરવા બહુમતીની જરૂર નથી. જે માણસ આ ધોરણો મુજબ જીવે છે તે ઊંચે ઊઠે છે. માણસ વધારે સારો માણસ બને છે.

દરેક માણસની ભીતરમાં સાચા-ખોટાની પરખ કરવાની શક્તિ હોય છે. આત્માનો અવાજ દરેક જણને સંભળાય છે. આત્માના અવાજને કચડે છે તેને માફી મળે છે, પણ તે પહેલા તેણે આત્મશુદ્ધિની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. (આપણે તેને કર્મની સજા કહીએ છીએ.) મારા વિષે મને જે ખબર છે, તેના કરતા ભગવાનને વધારે ખબર છે, મારા માટે હું જે કરી શકીશ, તે કરતાં ભગવાન ચોક્કસપણે વધુ સારું કરશે. માટે જ મને ભગવાનની જરૂર છે સહુને ભગવાનની જરૂર છે.

**(હેરોલ્ડ-કુશનર-ઇઝરાયલ)**
**'પર્સનલ એક્સેલંસ-૪'**



**''વિજયકુમાર એન્ડ પાર્ટી''**

**પ્રસ્તુત કરે છે**


**સંગીતના આબેહૂબ લાઈવ કાર્યક્રમો**

પર્યુષણ પર્વમાં રાત્રિભાવના, પ્રતિષ્ઠા મહોત્સવ, તપસ્યાના સાંજી ગીતો, પૂજનો, પાર્શ્વ વંદનાવલી, દાંડીયા રાસ અને પ્રાર્થના ગીતો વગેરે કાર્યક્રમો માટે

**-: સંપર્ક :-**



મો. ૯૮૬૭૮૦૯૮૮૧
(ઓ.) ૦૨૨-૨૮૨૬૨૭૪૫
(ઓ.) ૬૯૫૯૯૮૩૬
(આર.) ૦૨૨-૨૮૨૨૨૫૯૭



# વીર કુંવરની વાતડી

o ગીતકાર : પૂ. મુનિરાજ શ્રી ધુરંધર વિજયજી મહારાજ, ડીસા

(રાગ : મંદિર છો મુક્તિતણા...)

જ્યારે પધાર્યા આપ બ્રાહ્મણ ઋષભદત્ત તણાં ઘરે
ત્યારે જગતના ચોકમાં સૂરજ કરોડો ઝળહળે
ને કર્ણમંજુલનાદથી નભ દેવદુંદુભિ ગડગડે
**તે દૃશ્ય ત્યારે જેમણે જોયું હશે તે ધન્ય છે. ૧**

બેઠા હતા ત્યારે સુરેશ્વર શક્રનામ સિંહાસને
કંપેલ આસનથી નિહાળ્યા અવતરેલા આપને
સ્તવના કરે અતિ નમ્રભાવે આપની શક્રસ્તવે
**તે દૃશ્ય ... ૨**

જ્યાં બ્રહ્મકુળમાં આપના બ્યાસી દિવસ પૂરા થતા શક્રેન્દ્રની
આજ્ઞા થકી હરિણૈગમેષી આવતા
ત્રિશલાતણા શુભગર્ભમાં પ્રભુ આપનું થાપન કરે
**તે દૃશ્ય... ૩**

પીડા ન થાઓ માતને ઈમ ચિંતવીને થિર રહ્યા
સમજી અમંગળ ગર્ભનું માતા ઘણાં દુઃખી થયાં
તવ અંગ સહેજ હલાવી પ્રભુએ હર્ષ આપ્યો માતને
**તે દૃશ્ય... ૪**

અતિહેત દેખી માતનું ત્યારે પ્રતિજ્ઞા તું કરે
મા-બાપ જીવે ત્યાં લગી દીક્ષા ન લેવી માહરે
માતા પિતાને ગર્ભમાં પણ સર્વથી ઊંચા ગણે
**તે દૃશ્ય.. ૫**

શુભલગ્ન ને શુભ પળ ઘડીએ જન્મ પ્રભુનો થાય છે
ત્રણ ભુવનમાં આનંદ ને સુખની લહર વર્તાય છે
દિક્કુમરી છપ્પન ભક્તિભાવે સૂતિકર્મ તદા કરે
**તે દૃશ્ય... ૬**

હરિ પંચરૂપે વીરને લઈ મેરૂગિરિ પર આવતા
ને જન્મના અભિષેક અર્થે ગોદમાં પધરાવતા
ક્રોડો કનક કળશા ભરે તવ ક્ષીરસાગરના જળે
**તે દૃશ્ય.. ૭**

આવા મહા અભિષેક જળને કેમ સહશે બાળ આ
શક્રેન્દ્રનો સંશય નિહાળી જ્ઞાનથી તત્કાળ ત્યાં
જે વામ અંગૂઠે દબાવી મેરુ કંપાવ્યો તમે
**તે દૃશ્ય... ૮**

દેખી અનંતુ વીરનું બળ ઇન્દ્રનો સંશય ગયો
ને ક્ષીરસાગર નીરનો અભિષેક પ્રભુ અંગે થયો
પથરાઈ જાણે ચાંદની તવ મેરુગિરિના શિખરે
**તે દૃશ્ય... ૯**

પ્રભુ ગર્ભમાં આવ્યા પછી સિદ્ધાર્થ રાજાના ઘરે
સોનું વધ્યું રૂપું વધ્યું સઘળું વધ્યું તેથી ખરે
માતા-પિતાએ નામ આપ્યું વર્ધમાન કુમાર જે
**તે દૃશ્ય... ૧૦**

શિશુવીરને ખેલાવવા સહુ બાળ લેવા આવતા
માની ચૂકાવી નજર રમવા વીર જબ નાસી જતા
થઈ બાવરી મા ગોતતી'તી શેરીઓમાં વીરને
**તે દૃશ્ય... ૧૧**

માતા અને સખીઓ પકડવા વીરની પાછળ પડે
દઈ હાથતાળી દોડતાને ભાગતા હાથે ચડે
તવ વ્હાલથી ટપલી લગાવી ગાલ ચૂમે માત જે
**તે દૃશ્ય.. ૧૨**

જ્યાં આમલી પીંપળી પ્રભુ રમવા જતા'તા ત્યાં કને
થઈને ફણીધર દેવ કોઈ વીંટળાયો વૃક્ષને
ખેંચી પલકમાં દૂર નાંખ્યો બાળવીરે નાગને
**તે દૃશ્ય... ૧૩**

તે દેવ મિથ્યાત્વી વળી થઈ બાળ રમવા આવતો
પ્રભુને ઉઠાવી કાંધ પર વિકરાળ થઈ બીવરાવતો
પ્રભુ એક મુષ્ટિના પ્રહારે ગર્વ તેનો સંહરે
**તે દૃશ્ય... ૧૪**

લઘુ ઉમ્મરે પણ વીર્ય અતુલિત વીરનું નિહાળતા
જબ દેવપર્ષદમાં હરખથી દેવરાજ વખાણતા
તબ 'વીર' પ્રભુનું નામ રાખી દેવગણ જયરવ કરે
**તે દૃશ્ય... ૧૫**

મા-બાપ પ્રભુને આઠમા વરસે નિશાળે લઈ જતા
તે જોઈ જ્ઞાને ઇન્દ્ર પંડિતરૂપથી ત્યાં આવતા
પૂછી કઠિન પ્રશ્નો પ્રભુના જ્ઞાનને પરગટ કરે
**તે દૃશ્ય... ૧૬**

યોગ્યવયમાં વીરના જ્યારે વિવાહ કર્યા હશે
તે નાનકા વરવહુ નિહાળી માત બહુ હરખ્યા હશે
ને ઇન્દ્ર ને ઇન્દ્રાણી તેડી બેઉને નાચ્યા હશે !
**તે દૃશ્ય... ૧૭**

માતા-પિતા સ્વર્ગે ગયા ને વીર વ્રતનું મન કરે
બે વર્ષ માટે નંદિવર્ધન રોકતા પ્રભુને ઘરે
નિઃસંગ ભાવે ધ્યાનમાં થઈ લીન ગાળ્યો કાળ તે
**તે દૃશ્ય... ૧૮**

અવસર થયો ને દેવ લોકાંતિક પ્રભુને વિનવે
જગ તારનારા તીર્થ-સ્થાપન કાજ વ્રત ઉચરો હવે
દઈ દાન વાર્ષિક લીધું સંયમ, જ્ઞાતવનમાં જે તમે
**તે દૃશ્ય... ૧૯**

સંસારત્યાગી વીતરાગી વિહરવા ઉદ્યત થયા
તવ નંદિવર્ધન લાગણીથી જડ બની જોતા રહ્યા
વૈરાગ્ય ને અનુરાગનો જે રંગ પ્રગટ્યો તે ક્ષણે
**તે દૃશ્ય... ૨૦**

તેં વર્ષ સાડા બાર કીધો ઘોર તપ કષ્ટો સહ્યા
વિચર્યા નિરંતર એકલા ને મૌનવ્રતધારી રહ્યા
તોયે તમારી દિવ્ય કરુણા કે જીવોને ઉદ્ધરે
તે દૃશ્ય... ૨૧

રે ચંડકૌશિક નાગમાં કેવો ભભકતો'તો અનલ
કરુણા તમારી એવી વરસી થઈ ગયો તે હિમશીતલ
ને ઘોર નર્કોનો પ્રવાસી સ્વર્ગનો વાસી બને
તે દૃશ્ય... ૨૨

રે શૂલપાણિ યક્ષ કેવો લોહીનો તરસ્યો હતો
કરુણા તણો તુજ મેઘ તેની ઉપર શું ? વરસ્યો હતો
કે મારનારો લોકને જીવાડનાર બની રહ્યો
તે દૃશ્ય... ૨૩

પ્રાણાંત કરનારા ભયંકર ઘોર ઉપસર્ગો કરે
સંગમ સુરાધમ તોય તુજ સમભાવ ના સહેજે ખરે
કરુણા થકી ભીનાં બન્યાં લોચન તમારા તે પળે
તે દૃશ્ય... ૨૪

તુજ ચરણ વચ્ચે ચેતવી ચૂલો પકાવી ખીરને
વળી કાનમાં ખીલા જડ્યા'તા દુષ્ટ ગોવાળે તને
તે ઘોરપીડા નયનમાંથી દિવ્યકરૂણા થઈ વહે
તે દૃશ્ય... ૨૫

દિવ્ય કરુણાના તરંગો વનવને પ્રસર્યા હતા
તેથી જ હિંસક પ્રાણીઓ પણ પ્રેમવંત બન્યા હતા
ત્યાં હેતથી રહેતા હતા વરૂ-વાઘ બકરી હરણ જે
તે દૃશ્ય... ૨૬

દાસી બનેલી ચંદના બેઠી હતી ઘર ઉંબરે
બેડી વડે જકડાયેલી ઉપવાસીને મુંડિત શિરે
દીધા અડદના બાકુળા રડતા નયનથી આપને
તે દૃશ્ય... ૨૭

પૂર્યો અભિગ્રહ આપનો ને દાસતા દૂરે ટળી
શિરપર સુંવાળા વાળે ફૂટ્યા બેડીઓ થઈ ઝાંઝરો
ઉત્કૃષ્ટ પ્રગટ્યા પંચદિવ્યો ચંદનાનાં આંગણે
તે દૃશ્ય... ૨૮

તુજ ચંદ્ર જેવી સૌમ્યતા સાગર સમી ગંભીરતા
સૂરજ સમી તેજસ્વિતા સુરગિરિ સમી અતિધીરતા
જે સાધના સમયે અજબ સાધ્યા હતા ગુણવૃંદને
તે દૃશ્ય... ૨૯

તે ધન્ય નદી ઋજુવાલુકા ને ધન્ય તરૂવર શાલનું
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી દહન કીધું કર્મનું,
ગોદોહિકાસનમાં અડગ બેસી વર્યા કૈવલ્યને
તે દૃશ્ય... ૩૦

માયાવી ઠગ કહેતા તમોને ઇન્દ્રભૂતિ આવિયા
તુજ સમવસરણાદિક નિહાળી બોધને તે પામિયા
સંશય હરી દીક્ષિત કરી થાપ્યા પ્રથમ ગણધર પદે
તે દૃશ્ય... ૩૧

અગ્યાર ગણધરને તમે જે દાન ત્રિપદીનું કર્યું
તેના સહારે દ્વાદશાંગીનું મહાસર્જન થયું
દીધી અનુજ્ઞા તીર્થની કરી વાસ નિક્ખેવો શિરે
તે દૃશ્ય... ૩૨

તે ધન્ય ગૌતમ ! ધન્ય ગણધરવૃંદ ધન્યકુમારને
તે ધન્ય ધન્નો ધન્ય શાલિભદ્ર અભયકુમારને
તે ધન્ય ચૌદ હજાર મુનિઓ તુજ ચરણ સેવા કરે
તે દૃશ્ય... ૩૩

તેં ખાસ સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેલ જે
ને રેવતીને ખાસ દેવા લાભ સૂચન કરેલ જે
વિદુષી જયંતિ શ્રાવિકાના પ્રશ્ન સંતોષ્યા તમે
તે દૃશ્ય... ૩૪

કૈવલ્ય પામી ત્રીસ વર્ષ ફર્યા હતા પૃથ્વી તળે
સીંચી હતી ધરતી તપેલી પ્રેમને કરુણા જલે
મૈત્રી તણી શીતળ હવા વ્યાપી હતી સર્વત્ર જે
તે દૃશ્ય... ૩૫

પૂરી અપાપાયે કર્યું ચોમાસું અંતિમ નાથ તેં
દીધી અખંડિત દેશના બે દિવસને બે રાત તેં
કેવી ગજબ કરૂણા વહી આયુષ્યની અંતિમ પળે
તે દૃશ્ય... ૩૬

નિર્વાણ પામ્યા નાથ તબ તે પર્વ દીપોત્સવ બને
ગણ નૃપ અઢારે દીપ પ્રગટાવી હટાવે તિમિરને
ગુરુરાગ તૂટ્યો ને લહ્યું કૈવલ્ય ગૌતમ ગણધરે
તે દૃશ્ય... ૩૭

સિદ્ધાર્થના કુલદીપ વહાલા નાથ તમને વંદના
શ્રીનંદિવર્ધનના વિનયી લઘુ ભ્રાત તમને વંદના
ત્રિશલા તણા નંદન અનુપમ દેવ તમને વંદના
રાણી યશોદાના પરમ પ્રિયતમ તમોને વંદના ૩૮
ઓ પ્રાણ પ્યારા વીર તમને કોટિ કોટિ વંદના
શાસનપતિ મહાવીર તમને કોટિ કોટિ વંદના
ત્રણ ભુવન તારણહાર તમને કોટિ કોટિ વંદના
સહુ સંઘના આધાર તમને કોટિ કોટિ વંદના. ૩૯
આ તીર્થ મૂછાળા મહાવીર, કેરું આજે ફરસતાં પ્રભુવીર
કેરું જીવન ગાયું, ભક્તહૃદયે હરખતા
તુમ ભક્તિ ઘેલા ભક્તની હે નાથ કોટિ વંદના
કવિ મુનિ ધુરંધર વિજયની હે નાથકોટિ વંદના ૪૦.

**પાઠશાળા-ગ્રંથ-૨.** પૂ. આ. શ્રી પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી મહારાજ. સંપા. સંયો. રમેશ શાહ, પાઠશાળા પ્રકાશન, બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ, ૭૦૩, નૂતનનિવાસ, ભટાર માર્ગ, સુરત-૩૯૫૦૦૧. પૃષ્ઠ ૨૬૭ મૂલ્ય : ૨૦૦/-

**આભના ટેકા.** લેખક પ્રકાશક આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૧૮૩ મૂલ્ય : ૧૦૦-૦૦

**કાર્તિકી પૂનમ.** પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા જિતેન્દ્ર કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, લાભચેમ્બર્સ, ૧૨-બી, સત્તર તાલુકા સો. પો. નવજીવન અમદાવાદ-૧૪

**પત્રમાં તત્વજ્ઞાન.** વિવરણકાર : પૂ. આ. શ્રી ધર્મધુરંધર સૂરિજી મ. (ત્યારે મુનિવર) પ્રકા. આદિ ઉપર મુજબ.

**બીજું પાનું.** લેખક આદિ ઉપર મુજબ સંપા. અતુલ વ્રજલાલ શાહ-કાંદિવલી-મુંબઈ પૃષ્ઠ ૧૨૨ મૂલ્ય : ૨૩-૦૦

**પુરાણા પુષ્પો.** લેખક : સુશીલ, પ્રકાશક આદિ ઉપર મુજબ પૃષ્ઠ ૧૫૪, મૂલ્ય : ૫૦-૦૦.

થોડા સમય પૂર્વે જ મુંબઈ-કાંદિવલી-પૂર્વ ધર્મશાંતિ ચેરિટેબલ ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ઉપાશ્રય સંઘના ઉપક્રમે ઉપરોક્ત પુસ્તકોનો વિમોચન-સમારોહ એકી સાથે ઉજવાયો હતો, આ વિશેષતા ઉપરાંત પ્રત્યેક પુસ્તક પણ આગવી વિશેષતા ધરાવે છે. સુંદર-સ્વચ્છ મુદ્રણ ધરાવતાં અને ઉડીને આંખે વળગતા આ પ્રકાશનોને 'પાઠશાળા'ના ઉપકાર-ઉપહાર તરીકે વધાવવા જ રહ્યાં. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.ના ચિંતન-મનનથી સમૃદ્ધ દ્વિમાસિક **'પાઠશાળા'**ના ૪૬ થી ૬૦ સુધીના અંકોના સમગ્ર લેખોનો વિભાગવાર સંચય-સંગ્રહ **'પાઠશાળા ગ્રંથ-૨'**માં થવા પામ્યો છે. પૂર્વે પ્રકાશિત **પાઠશાળા ગ્રંથ-૧**ની જેમ જ આ સંચય પણ સર્વત્ર સમાદર પામ્યા વિના નહિ જ રહે. કેમકે આમાં 'પાઠશાળા'નો સમગ્ર-સંગ્રહ 'ચિંતન-મનન-સાધુ-શ્રાવક આદિ ૯ વિભાગો પૂર્વક અત્યાકર્ષક લે-આઉટ પૂર્વક મુદ્રિત બન્યો છે. **'આભના ટેકા'**માં 'પાઠશાળા'ના ૧ થી ૬૦ સુધીના અંકોમાં પ્રકાશિત તમામ કથાનકો સંચિત બન્યા છે. નાના-મોટા થઈને કથાનકોની સંખ્યા ૭૦ આસપાસ થવા પામે છે. પ્રસંગો જાણ્યા-અજાણ્યા હોવા છતાં એની આગળ-પાછળની જે રજૂઆત છે, એને તો તદ્દન અવનવી જ કહેવી પડે એમ છે. **'નવ પર્વનાં પ્રવચનો'** અંતર્ગત **'કાર્તિકી પૂનમ'**માં મુખ્યત્વે શત્રુંજય સંબંધી ઘણી ઘણી માહિતી સચિત્ર રજૂ થવા પામી છે. આના વાચન પછી શત્રુંજયની યાત્રા કરતા ઓર જ ભાવ-ભક્તિની ભરતી હૈયાના સાગરે ઉભરાયા વિના નહિ જ રહે. કલિકાલ-સર્વજ્ઞની સ્મૃતિને પણ આમાં છેલ્લાં પૃષ્ઠોમાં સજીવન કરવામાં આવી છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ તરીકે જ વધુ સુપ્રસિદ્ધ શ્રીયશોવિજયજી વાચકે શ્રાવકોની જિજ્ઞાસાને સંતોષવા તે કાળની ગુજરાતી-ભાષામાં લખેલાં બે પત્રો **'પત્રમાં તત્વજ્ઞાન'**ના સાર્થક નામે પ્રકાશિત થયા છે. ખરેખર પત્રમાં પણ કેવું કેવું તત્વજ્ઞાન પીરસી શકાય છે, એ વેધક વિવરણ દ્વારા જાણી શકાય છે. કારણ કે વિવરણકાર પૂજ્યશ્રીની વિદ્વત્તા પણ સંઘમાં શ્રદ્ધેય અને સુપ્રસિદ્ધ હતી.

પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજનાં પ્રવચનો અને સાહિત્યમાંથી સંકલિત સુવિચારાત્મક વાંચન **'મિડ-ડે'**માં બીજે પાને પ્રતિદિન પ્રસિદ્ધ થવા પામ્યું હતું. અતુલ વ્રજલાલનાં સંપાદન હેઠળ એ પ્રેરક સુવિચારો **'બીજું પાનું'**ના નામે પ્રકાશિત થયા છે. પ્રચલિત પદ્ધતિ કરતા આમાંની કેટલીક વાતો નવી લાગે એવી હોવા છતાં બુદ્ધિગમ્ય બને એ રીતે સાધાર રજૂ થઈ છે. જેમકે જ્ઞાનની અષ્ટપ્રકારી પૂજામાં જલ-ચંદન પૂજા અરીસાના પ્રતિબિંબ પર કરાય છે. એના બદલે આ પૂજા તરીકે વાસક્ષેપ પૂજા અને રૂપાનાણા મૂકવા રૂપ પૂજાનું સૂચન શ્રી રૂપવિજયજી કૃત ૪૫ આગમ પૂજાના આધારે કરાવાયું

છે. આવી અનેક પ્રેરકવાતો એટલે જ **'બીજું પાનું.'** જૈન સંઘના સુપ્રસિદ્ધ સાહિત્યકાર **'સુશીલ'**ની કલમે લખાયેલી રણસિંહની વિસ્તૃત વાર્તા ઉપરાંત નાનીમોટી બીજી ૧૧ જૈન-કથાઓ **'પુરાણા-પુષ્પો'** રૂપે વાચકોને વાચવા મળી રહી છે. નજીકના જ ભૂતકાળમાં થઈ ગયેલા લોકપ્રિય સર્જકની આ વાર્તાઓ ખરેખર ભાવભાષાની ભવ્યતા માણવા પણ ખાસખાસ વાચવા જેવી છે. વેધક વિવેચક, પ્રબુદ્ધ પ્રવચનકાર અને સચોટ સર્જક તરીકે પૂજ્યશ્રી જે નામના-કામના ધરાવે છે. એમાં ચાર ચાર ચાંદ ચમકાવી જનારાં પુસ્તકો તરીકે આ સાહિત્ય-સેટનું હાર્દિક સ્વાગત !

**આત્મધર્મ:** પ્રવચનકાર પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ. સંસ્કૃતાનુવાદક : નારાયણ કંસારા, કર્ણાવતી. સંપા. પૂ. આ. શ્રી યોગતિલક સૂરિજી મ. પ્રકા. દિનેશ સંઘવી, ૯, અનંત એપાર્ટમેન્ટ, રંગીલદાસ મહેતાની શેરી, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત. ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૮. મૂલ્ય ૨૮-૦૦.

વર્ષો પૂર્વે પૂ. પ્રવચનકારશ્રીએ 'આત્મધર્મ' વિષયક જાહેર પ્રવચન ફરમાવ્યું હતું, એનો આ સંસ્કૃત-ભાષામાં અનુવાદ પ્રકાશિત થવા પામ્યો છે. સંસ્કૃતનું ગુજરાતી-ભાષાંતર થાય એ તો સાવ સહજ છે. પણ ગુજરાતીનું સંસ્કૃતમાં રૂપાંતર એ વિરલ ઘટના ગણાય. આવી વિરલતા પૂજ્યશ્રીના પ્રવચનોને સ્વયં વરી હતી, એથી આ સંસ્કૃતાનુવાદ આસ્વાદ્ય બન્યો છે. આની પરથી પ્રેરણા લઈને અન્ય પ્રવચનોના પણ સંસ્કૃત ભાષામાં રૂપાંતરિત કરણની પ્રેરણા મેળવી શકાય એમ છે. ગુજરાતી પ્રવચન પણ આમાં સાથે જ મુદ્રિત છે, જેથી ગુજરાતીના ભાવો કેવો સહજતાથી સંસ્કૃતમાં રૂપાંતરિત કરવામાં સફળતા મળી છે, એનો અંદાજ વાચકોને આવી શકે.

**મંગલવાદ સંગ્રહ :** સંપા. પૂ. મુનિરાજ શ્રી વૈરાગ્યરતિ વિજયજી મહારાજ. પ્રકા. પ્રવચન પ્રકાશન, ૪૮૮, રવિવાર પેઠ, પૂના-૪૧૧૦૦૨. ક્રા. આઠ પેજી સાઈઝ પૃષ્ઠ ૩૮ + ૪૮ મૂલ્ય : ૧૦૦-૦૦.

**તું તારો તારણહાર.** પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મ., પ્રકાશક આદિ ઉપર મુજબ ડેમી સાઈઝ પૃષ્ઠ ૮૦. મૂલ્ય : ૨૦-૦૦.

**ચેતન, જ્ઞાન અજુઆલજે.** લેખક આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૫૮. મૂલ્ય : ૨૫-૦૦.

**મૃત્યુની ભાવયાત્રા.** લેખક આદિ ઉપર મુજબ બુક લેટ સાઈઝ પૃષ્ઠ ૪૧ મૂલ્ય ૧૦-૦૦.

'પ્રવચન-પ્રકાશન' તરફથી સંસ્કૃત-પ્રાકૃત ઉપરાંત ગુજરાતી-સાહિત્યના ક્ષેત્રે પણ પૂ. મુનિરાજશ્રી વૈરાગ્યરતિ-પ્રશમરતિ વિજયજી મહારાજ આ બંધુ-બેલડીના માધ્યમે ઠીકઠીક સૌન્દર્ય-સભર અને ચિરંજીવી સાહિત્ય નિયમિત પ્રકાશિત થતું રહ્યું છે. સંસ્કૃત ગ્રંથોના સંપાદન ક્ષેત્રે પણ ટૂંક સમયમાં ૧૯ જેટલાં પ્રકાશનોનો થાળ 'પ્રવચન-પ્રકાશન' તરફથી સંઘને મળવા પામ્યો છે. ઉપરોક્ત પ્રકાશનો પણ ખૂબ જ સુંદર રૂપરંગ અને સંપાદન પૂર્વક પ્રકાશિત થયેલ છે. **'મંગલવાદ સંગ્રહ'**માં પૂ. ઉપાધ્યાયજી શ્રી સિદ્ધિચન્દ્રજી ગણી, શ્રી યશોવિજયજી ગણી, શ્રી સમયસુંદર ગણી ઉપરાંત શ્રી હરિરામ ભટ્ટાચાર્ય તર્કવાગીશ : આ ચાર કર્તાઓ દ્વારા વિરચિત 'મંગલવાદ' વિષયક રચનાઓ પ્રથમવાર જ પ્રકાશિત-સંગૃહીત બની છે. વિદ્વદ્વર્ય સંપાદક શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજે ૩૪ પૃષ્ઠ પ્રમાણ વિસ્તૃત પ્રાસ્તાવિકમાં મંગલ-વાદનો સુંદર પરિચય કરાવવા ઉપરાંત પ્રમુખ ગ્રંથકાર શ્રીસિદ્ધિચન્દ્ર ગણિવરની જીવન ઝાંખી રજૂ કરી છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ પઠનીય છે. આમાં ઘણી ઘણી અપ્રસિદ્ધ પ્રાયઃ ઘટનાઓ પર પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજે **'તું તારો તારણહાર'**માં શ્રી સોમદેવ સૂરિજી-વિરચિત નીતિવાક્યામૃત ગ્રંથના આધારે ૪૫ જેટલા નીતિ સૂત્રો પરની સચોટ-વિવેચના રજૂ કરી છે. ચાણક્યનાં નીતિ સૂત્રો વિશ્વવિખ્યાત છે. પરંતુ એને પણ ટક્કર મારી જાય એવા નીતિસૂત્રો આમાં પાને પાને જોવા મળે છે. થોડા નમૂના : '**બીજી** વસ્તુઓ નાની છે. માટે જ મેરુ મહાન નથી, પોતાના ગુણોથી જ એ મહાન છે. **ધર્મનું** ફળ અનુભવે પણ અધર્મ

છોડે નહિ તે નાસ્તિક. **સિંહની** જેમ આક્રમક બન્યા જ કરશો તો ઘણું ગુમાવશો. **કામ** પૂરું ન થાય ત્યાં સુધી એની જાહેરાત ન કરવી. **દવા** જાણી લેવાથી જ રોગ મટતો નથી. **બાણ** કરતા બુદ્ધિશાળીની બુદ્ધિ વધુ અસરકારક હોય છે. જીવન-પાથેય બની શકે એ જાતના આવા અનેક નીતિ સૂત્રો આમાં ૧૦ વિભાગોમાં રજૂ થયા છે. ઘણાને એ ખબર નહિ હોય છે, ચેતન, જ્ઞાન અજવાળીએ નામક ૧૯ કડી પ્રમાણ નાની સજ્ઝાય પણ 'વાચક યશે' રચી છે. આ કૃતિને વાચકે અંગત પત્ર રૂપે વાચવી-વાગોળવી હોય, તો **'ચેતન જ્ઞાન અજુઆળજે'**નું ગંભીર-ચિત્તે અવલોકન કરવું જ રહ્યું. જાત સાથેની આ વાત પ્રત્યેક રાતની પળોમાં કરવામાં આવે, તો જીવનમાં સોનેરી પ્રભાત ખીલી ઉઠ્યા વિના ન જ રહે **'મૃત્યુની ભાવયાત્રા'**નો વાચક જેમ પાનાં ફેરવતો જશે, એમ એને એવી અનુભૂતિ થતી જશે કે, જાણે પોતે જ પોતાના મૃત્યુની ભાવયાત્રાએ નીકળી પડ્યો છે. જીવન-યાત્રાને સાચા અર્થમાં આગે ધપાવવી હોય, તો આ મૃત્યુ-યાત્રા જીવતે-જીવ, સદેહે માણવી જ રહી.

**योग-विंशिका प्रकरणं.** રચયિતા: શ્રી હરિભદ્રાચાર્ય. ટીકાકાર : પૂ. ઉપાધ્યાયજીશ્રી યશોવિજયજી ગણિવર સંપાદક-ગુજરાતી અનુવાદક : પૂ. આ. શ્રી કીર્તિયશ સૂરિજી મ. પ્રકા. સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછિયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧. ક્રા. આઠપેજી પૃષ્ઠ ૧૬ + ૧૯૬. મૂલ્ય : ૯૦-૦૦.

**आचार-प्रदीप :** કર્તા : શ્રી રત્નશેખરસૂરિજી મ. સંપા. પૂ. મુનિરાજ શ્રી નિર્મલદર્શન વિજયજી મ. પ્રકાશક આદિ ઉપર મુજબ. પ્રતાકાર પૃષ્ઠ : ૨૫૦ મૂલ્ય : ૧૦૦-૦૦.

**ભગવાને ભાખ્યા ભાવિના લેખ.** પ્રવચનકાર પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. સંપાદક આદિ ઉપર મુજબ. ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૩૦ મૂલ્ય : ૩૦-૦૦.

**ઉચિત આચરણ-૩-૪** પ્રવચનકાર આદિ ઉપર મુજબ પૃષ્ઠ : ૧૪૬. મૂલ્ય : ૩૦-૦૦

સૂરિપુરંદર શ્રી હરિભદ્ર સૂરિજી મહારાજે 'વિંશતિ-વિંશિકા'ની રચના અંતર્ગત ૧૭મી યોગવિંશિકા રચી છે, એની ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજે ટીકાનું સર્જન કર્યું છે. ૨૦ શ્લોક પ્રમાણ જ મૂળ રચના હોવા છતાં આમાં યોગ વિષયક ઘણી ઘણી ગંભીર વાતો સમાવી લેવામાં આવી છે, એથી જૈન શાસનના સાહિત્યમાં આ એક સ્વતંત્ર 'યોગ-ગ્રંથ' જેવું ગૌરવ ધરાવે છે. આની પરનો ગૂર્જરાનુવાદ પૂ. આચાર્યદેવે ખૂબ જ જહેમત ઉઠાવીને જિજ્ઞાસુઓ સરળ રીતે સમજી શકે એ રીતે કર્યો છે. 'યોગ'ને એના ખરા સ્વરૂપમાં સમજવા માટે આ પ્રકાશન ખૂબ જ ઉપયોગી થાય એમ છે. ભારતી સોસાયટી (પાટણ) જૈન સંઘે જ્ઞાનનિધિમાંથી આવા પ્રકાશનનો લાભ લઈને સંઘ સમક્ષ સ્વાધ્યાયોપયોગી એક સુંદર ગ્રંથ- રત્નની ભેટ ધરી છે, એની અનુમોદના ! અનેક ગ્રંથોના કર્તા શ્રી રત્નશેખર સૂરિજી મહારાજે **'आचार-प्रदीप'**માં પાંચ પ્રકાશના વિસ્તારપૂર્વક જ્ઞાન આદિ પંચાચારનો વિષય અનેક દૃષ્ટાંતો સાથે ખૂબ જ સુંદર શૈલીમાં વર્ણવ્યો છે. એથી આ ગ્રંથ સંઘમાં પઠનપાઠનોપયોગી બનતો જ રહ્યો છે. પૂર્વ પ્રકાશિત આ ગ્રંથ અપ્રાપ્ય હોવાથી પૂ. મુનિરાજશ્રીએ અનેક હસ્તપ્રતો નજર સમક્ષ રાખીને ખૂબ ખૂબ ચીવટથી આનું સંશોધન કર્યું હોવાથી આ સંસ્કરણને સર્વાધિક શુદ્ધ સંસ્કરણ તરીકે બિરદાવી શકાય. પ્રાંતે ૩ પરિશિષ્ટોમાં કથાનક આદિના રજૂ થયેલા અકારાદિક્રમે આની મહત્તા ખૂબ જ વધારી દીધી છે. તાજેતરમાં જ ગણિપદથી અલંકૃત બનેલા પિતામુનિશ્રી જગતદર્શન વિજયજી મ.ના પુત્ર-શિષ્ય મુનિશ્રી નિર્મલદર્શન વિજયજી મ.ના હાથે ગણિપદાલંકૃત પર્યાયમાં પણ બીજા બીજા અનેક ગ્રંથો આ રીતે સંશોધિત થતા રહે એવી અપેક્ષા. **'ભગવાને ભાખ્યા ભાવિના લેખ'** ચતુર્થ આવૃત્તિ તરીકે પ્રકાશિત થઈ રહ્યું છે. જે આની-પ્રિયતા દર્શાવે છે. પુણ્યપાલ નરેશને આવેલ આઠ સ્વપ્નોને અનુલક્ષીને ૧૬ પ્રહરની અંતિમ દેશના દરમિયાન પ્રભુ શ્રી મહાવીર દેવે ભરતનું જે ભાવિ ભાખ્યું હતું, એ વિષયક પૂજ્યશ્રીના

પ્રવચનો આ પુસ્તકમાં સુંદર સંપાદન અને આકર્ષક ગેટ-અપ સાથે મુદ્રિત થવા પામ્યા છે. પતિનું પત્ની પ્રત્યેનું ઉચિત આચરણ કેવું હોવું જોઈએ તથા પતિ પ્રત્યેનું પત્નીનું કર્તવ્ય કેવું હોવું જોઈએ ? આ અંગે મનનીય માર્ગદર્શન કરાવતાં પૂજ્યશ્રીનાં પ્રવચનોના આધારે થયેલું સંકલન ખૂબ જ સુંદર ગેટ-અપ પૂર્વક **'ઉચિત આચરણ'**માં રજૂ થયું છે. રોજિંદા જીવન-વ્યવહારને સ્પર્શતી વાતો આમાં સચોટ શૈલીમાં ગુંથી લીધી હોવાથી **'ઉચિત આચરણ'** શીર્ષક હેઠળ પ્રકાશિત પ્રવચન-પુસ્તકો સંઘ અને સમાજમાં ખૂબ ખૂબ પ્રિય નીવડી રહ્યાં છે, ત્રણ-ચાર હજાર નકલોમાં આનું પ્રકાશન થતું હોવા છતાં ટૂંક સમયમાં જ એની નકલો ચપોચપ ઉપડી જાય છે. એની પરથી પણ આ પ્રવચનોની લોકપ્રિયતા અને લોકોપકારકતા અંદાજી શકાય છે. ધર્મનું ધાવણ પચાવનાર વ્યક્તિનો સંસાર-વ્યવહાર પણ કેટલો બધો સુંદર હોય છે, એની પ્રતીતિ પામવા આ પ્રવચન-શ્રેણીનાં પ્રકાશનો વાચવા જ રહ્યાં.

**મારા પ્યારા પારસનાથ.** સંપા. પૂ. મુનિરાજશ્રી તત્વપ્રભ વિજયજી મ., પ્રકા. મધુરભાષી પ્રકાશન, રસિકભાઈ એમ. શાહ, એ-૮, ધવલગિરિ એપા. ૮મે માળે, ખાનપુર બહાઈ સેન્ટર, અમદાવાદ-૧. (ફોન : ૩૦૪૧૮૪૭૩) ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૧૨૦, મૂલ્ય :૩૦/-

વિઘ્નાપહાર પાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન ધામ તરીકે પ્રખ્યાત ઇડર નજીક આવેલા શ્રી મોટા પોશીના તીર્થનો પ્રભાવક ઇતિહાસ રજૂ કરતાં **'મારા પ્યારા પારસનાથ'**માં પૂ. સંપાદકશ્રીએ મુખ્યત્વે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન પ્રસંગે ખૂબ ખૂબ ઉપયોગી થઈ પડે, એવી સામગ્રીનો સંચય રજૂ કર્યો છે. પ્રારંભે શ્રી પાર્શ્વપ્રભુનું સ્તવનાદિ સાહિત્ય રજૂ થયા બાદ ૧૦૮ પાર્શ્વપ્રભુનાં નામ-ધામ, ૧૦૮ પાર્શ્વવંદના દુહા, ૧૦૮ પાર્શ્વધામના સરનામાં, મહિમા-ગર્ભિત ૧૦૮ પાર્શ્વ-સ્તુતિઓ, પાર્શ્વ-પ્રભુ પ્રશ્નોત્તરી આદિનો ઉપયોગી સંગ્રહ થવા પામ્યો હોવાથી ૧૦૮ પાર્શ્વ-પૂજનના પ્રસંગે તો આ પુસ્તિકા અતિ સહાયક થઈ પડશે. પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મ. દ્વારા દુહા રૂપે નવરચિત '૧૦૮ પાર્શ્વવંદના'તો ખાસ પઠનીય છે.

**समवसरण रचना तथा मथुरा-कंकाली टीला और जैनधर्म की प्राचीनता.** સંપા. સંક. પૂ. પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણી, પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, કુમારપાળ વિ. શાહ, ૧૬ કલિકુંડ સો. ધોળકા-૩૮૭૮૧૦ ક્રા. આઠ પેજી પૃષ્ઠ ૩૨.

થોડા સમય પૂર્વે ગુજરાતીમાં પ્રકાશિત આ પુસ્તિકા પૂ. આ. શ્રી જયસુંદરસૂરિજી મ. દ્વારા સંશોધિત થઈને પ્રો. પ્રતાપકુમાર જમનાદાસ ટોલિયા શ્રીમતી સુમિત્રા ટોલિયા દ્વારા હિન્દીમાં અનુવાદિત બનીને પ્રકાશિત થવા પામી છે. પુસ્તિકાના નામ પરથી જ નિર્દિષ્ટ થતા વિષયો અંગે ઐતિહાસિક જાણકારી પામવા માટે પણ આ પ્રકાશન ખૂબ ખૂબ ઉપયોગી બને એવું છે. હિન્દી અનુવાદ અત્યંત રોચક બનવા પામ્યો છે. પુસ્તિકા પઠનીય અને સંગ્રહણીય બની છે.

**સમેતશિખરની ભાવયાત્રા** પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ. પ્રકા. કુસુમ-અમૃત ટ્રસ્ટ, શાંતિનગર-અલકાપુરી, વાપી-૩૯૬૧૯૧. ડેમી સાઈજ પૃષ્ઠ ૪૮, મૂલ્ય : ૧૫-૦૦.

**નૂતન અરિહંત વંદનાવલી.** ગીતકાર આદિ ઉપર મુજબ. બુકલેટ સાઈજ પૃષ્ઠ ૧૬, મૂલ્ય : ૫/-

**''આ પહાડ નથી, પરમેષ્ઠી છે.''** જેવા ચોટદાર પ્રકરણ દ્વારા જેનો પ્રારંભ થયો છે, એવી 'સમેતશિખરની ભાવયાત્રા' નામક પુસ્તિકામાં પાંચ પ્રકરણો દ્વારા સમેતશિખરજીનું જ શબ્દચિત્ર ખડું કરવામાં આવ્યું છે. એના દર્શને મસ્તક નત અને કંઠ ગદ્ગદ બન્યા વિના નહિ રહે અને એ નતમસ્તકેથી એવો નાદ સરી પડશે કે, સમેતશિખર વંદુ જિનવીશ. આ પુસ્તિકાના માધ્યમે સમેતશિખરજીના સાક્ષાત્કાર જેવી અનુભૂતિ માણી શકાશે, કારણ કે આમાં શાસ્ત્ર-ગ્રંથોના આધારે સમેતશિખરજીનો મહિમા, ભરતચક્રવર્તીથી પ્રારંભિત ૨૦ ઉદ્ધારના ઇતિહાસની સાથે છેલ્લા જીર્ણોદ્ધારની

વિગતો, તથા ૨૦ ટૂંકોની યાત્રા સ્તુતિ-ગાન સાથે કરાવાઈ છે. ભાવયાત્રા માટે ભોમિયાની ગરજ સારતી પુસ્તિકાના પ્રભાવે સમેતશિખરજીના સાક્ષાત્દર્શન જેવી અનુભૂતિ અવશ્ય થયા વિના નહિ જ રહે. પૂજ્યશ્રીને વરેલી કવિત્વ-શક્તિનો સાક્ષાત્કાર **'નૂતન અરિહંત વંદનાવલિ'** નામક પુસ્તિકા કરાવી જાય છે. આકર્ષક ગેટઅપમાં પ્રકાશિત આ પુસ્તિકામાં ખૂબ જ ભાવવાહી શૈલીથી શ્રીસિદ્ધસેન દિવાકર વિરચિત 'વર્ધમાન બત્રીશી'ના આધારે અરિહંત પ્રભુને વંદનાવલિ અર્પિત કરવાનો પુણ્ય-પ્રયાસ થયો છે. ગ્રંથકારે સંસ્કૃત-સ્તુતિમાં જે ભાવો ઠલવ્યા છે, એને પૂ. મુનિશ્રીએ ગુજરાતી-કાવ્યમાં આબેહૂબ ઝીલી લીધા છે, માટે એમ કહી શકાય કે, આ નૂતન અરિહંત વંદનાવલિ પણ **'એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હુ નમું'** આ ઠેર ઠેર ગવાતી કૃતિની જેમ થોડા ઘણા સમયમાં વ્યાપક સ્તરે ગવાતી-બોલાતી સાંભળવા મળે તો નવાઈ નહિ.

**सूक्तिः कलापूर्ण-गुरो शिवाय.** સૂક્તિ-શ્લોક રચયિતા : શ્રી અમૃત પટેલ, ભાવાનુવાદ : પૂ. ગણિવર્યશ્રી તીર્થભદ્રવિજયજી મ., પ્રકા. વિજયકલાપૂર્ણસૂરિ સાધના સ્મારક ટ્રસ્ટ, આગમ મંદિરની પાછળ, શંખેશ્વર તીર્થ-૩૮૪૨૪૬ ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૫૧. મૂલ્ય શ્રાવકો માટે ૯૦-૦૦ રૂપિયાનું જ્ઞાન ખાતે અર્પણ.

**હૈમ-અમૃત-સંસ્કૃત.** રચયિતા : અમૃત પટેલ, પ્રેરક આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૩૧૬, મૂલ્ય શ્રાવકો માટે જ્ઞાનખાતે ૫૦-૦૦ રૂપિયાનું અર્પણ.

ખૂબ જ સુંદર ગેટઅપમાં સંપૂર્ણ શુદ્ધિ સહ પ્રકાશિત આ પુસ્તકો પૂ. આ. શ્રી કલાપૂર્ણ સૂરિજી મ.ની દિવ્ય-કૃપાનું અને પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ.ની આશિષનું ફળ છે. અધ્યાત્મયોગી આચાર્યદેવશ્રીની પ્રવચન-વાચના આદિની ગંભીર-ગહન ધર્મ-વાણીને નજર સમક્ષ રાખીને જાણીતા વિદ્વાન શ્રી અમૃત પટેલે ૨૫૧ શ્લોક પ્રમાણ સંસ્કૃત-સૂક્તિઓનું સર્જન કર્યું છે. ભક્તિ-સમતા-વિનય આદિ અઢારેક વિષયોને આવરી લેતી એ રચના પર પૂ. ગણિવરશ્રીના હૃદયંગમ અનુવાદથી આ પ્રકાશન ખરેખર દર્શનીય-પઠનીય-સંગ્રહનીય બનવા પામ્યું છે. પ્રારંભે ૧૮ શ્લોક પ્રમાણ 'કલાપૂર્ણસૂરિ સ્તોત્ર'ની ભક્તિ ભરપૂર ભવ્ય રચના સાનુવાદ રજૂ થઈ છે. સંસ્કૃતના અભ્યાસીઓ માટે અત્યુપયોગી બને એવું પ્રકાશન છે હૈમ-અમૃત-સંસ્કૃત ! અનેક આચાર્યદેવો વિદ્વાનો દ્વારા એકી અવાજે આવકારાયેલાં આ પ્રકાશનને પાઠ્ય પુસ્તક તરીકે આવકારવું જ રહ્યું. કારણ કે આમાં કઠિનાતિકઠિન ભાસતા સંસ્કૃત-વ્યાકરણના અધ્યયનની 'માસ્ટર કી' ૨૯ પાઠો દ્વારા રજૂ કરવામાં આવી છે. આના દ્વારા વ્યાકરણના ક્ષેત્રે માત્ર પ્રવેશ જ નહિ પણ વિદ્યાર્થી પ્રવાસ કરી શકવામાં પણ સફળ બની શકશે, એમ નિઃશંક કરી શકાય. અમૃત પટેલ રચિત ઉપરોક્ત બંને અદ્ભુત પુસ્તકો સર્જન-ક્ષેત્રે અદ્ભુત આદર્શ સ્થાપવા પૂર્વક નવી જ પ્રેરણા પૂરી પાડનારા બની રહેશે.

**ક્રિયાવિધિ સંગ્રહ.** સંગ્રા. પૂ. પં. શ્રી હેમચન્દ્રસાગરજી ગણિવર, પ્રાપ્તિસ્થાન : શ્રુતસરિતા, મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા-૩૮૨૦૦૭ (જિ. અમદાવાદ) પ્રતાકાર બાઇન્ડીંગ પૃષ્ઠ ૧૨૨, મૂલ્ય-અમૂલ્ય.

દીક્ષા-યોગ-પદપ્રદાન-વ્રતોચ્ચારણ આદિ અઢારેક વિધિઓનો સંગ્રહ પ્રતાકારે પાકા બાઇન્ડીંગ પૂર્વક પ્રકાશિત થયો હોવાથી આ પ્રકાશન ખૂબ જ ઉપયોગી નીવડશે. પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજના સમુદાયમાં પ્રચલિત વિધિ-વિધાનનો આ સંગ્રહ લગભગ બધા સમુદાયોને સન્માન્ય થઈ શકે એવો હોવાથી દરેક સમુદાય તરફથી આ પ્રત-પ્રકાશનને હાર્દિક આવકાર મળી રહેશે, એ નિઃશંક છે. મુદ્રણાદિ સુંદર અને શુદ્ધ થયું હોવાથી આ પ્રકાશન સૌ કોઈએ વસાવી લેવા જેવું છે.

**કલ્યાણના ગ્રાહક બનો**
**અન્યને બનવાની પ્રેરણા કરો**

# નવકાર મંત્ર પાંખ અને આંખની સાથે સાથે આખું આકાશ પણ આપે છે

ધર્મના જગતમાં મંત્ર તો અનેક છે, પણ જેને મહામંત્ર કહી શકાય, એવા મંત્રો આંગળીના વેઢે ગણી શકાય એટલા પણ હશે કે કેમ ? જૈનધર્મનો નવકાર તો મહામંત્ર છે, એથી એનો મહિમા કોણ ગાઈ શકે ? જે તે ધર્મનો સાર એ મંત્રના માધ્યમથી વ્યક્ત થાય છે. મંગળ ભાવનાઓથી ભરેલો મંત્ર એના ઉચ્ચારણની સાથે જ સાધકના હૃદયમાં એક પ્રકારનું ગુણાત્મક પરિવર્તન લાવે છે. આસપાસના વાતાવરણમાં સત્ય, પ્રેમ, સમર્પણ અને અહિંસાના ભાવને પેદા કરે છે. એના ઉચ્ચારણની સાથે સાથે એમાં ભરેલા અર્થની ચોટ પણ હૃદય પર પડવી જોઈએ. મંત્રના ઉચ્ચારણની સાથે સાથે આચરણમાં પણ પરિવર્તન આણવાની ભાવના હોવી જોઈએ. જે ઉંચાઈનો એ મંત્ર હોય તે ઉંચાઈ તરફ આપણી ચેતના આરોહણ કરે, એજ મંત્રપાઠ પાછળનો શુભાશય હોય છે.

o

અંતરના ઊંડાણથી થતો મંત્રોચ્ચાર આપણી આસપાસના આભામંડળને બદલી નાખે છે. સતત થતા મંત્રપાઠથી આપણાં શરીર, મન, હૃદયની ભાવનાઓ અને ચેતનામાં એટલું બધું ગુણાત્મક પરિવર્તન આવે છે કે, વ્યક્તિના અંતરમાં કોઈનુંય અહિત કરવાની ઇચ્છા જાગતી નથી, અમંગળની ભાવનાને ક્યાંયથી કોઈ બળ મળતું નથી અને એટલે અશુભ કૃત્ય કે જેને પાપ કહી શકાય એવું કોઈ કર્મ રસપૂર્વક થઈ શકતું નથી.

o

જૈન ધર્મ પાસે જે મહામંત્ર છે, તેને નવકારમંત્ર તરીકે જૈનો અને અન્ય લોકો ઓળખે છે. હિમાલયનું સર્વોચ્ચ શિખર ગૌરીશંકર છે, એમ જૈન ધર્મનું સર્વોચ્ચ શિખર આ નવકાર મંત્ર છે. માત્ર આ એક જ મંત્રને સમજી, સ્વીકારી અને આચરણમાં ઉતારી દેવામાં આવે, તો બીજું કશું જ કરવાની જરૂર નથી, એમ પણ અપેક્ષાએ કહી શકાય. સમજણપૂર્વક એના સારતત્ત્વને જીવનમાં ઉતારી નમનભાવને આપણું આચરણ બનાવી દેવામાં આવે, તો એની પાછળ બધું જ શુભ આવવા લાગશે.

o

અહંકાર એ કેન્સર કરતાંય ભયાનક કહી શકાય એવો વ્યાધિ છે. એના કારણે માણસ અંદરથી અંધ બની જાય છે. જે કંઈ જેવું છે, તેવું એને દેખાતું નથી. અહંકારના ચશ્મા ચઢાવીને જીવતો માણસ ચશ્માના રંગ પ્રમાણે બધું જોવા લાગે છે. અહંકારી માણસ કોઈનીય સામે નમી શકતો નથી. નવકાર મંત્ર માણસને નમતાં શીખવે છે. સત્યની સામે, શિવ અને સુંદરની સામે જે નમી જાય છે, એ જ સાચો ધાર્મિક છે. નવકાર કોઈ એક ધર્મનો, કોઈ એક ધારાનો કે કોઈ એક દેશનો મંત્ર નથી, આ મંત્ર સાર્વભૌમ અને સમગ્ર માનવજાત માટેનો મંત્ર છે, કેમ કે જે ચેતનાના સ્તરથી આ મંત્ર ઉદ્‌ભવ્યો છે, ત્યાં કોઈ ભેદભાવ નથી. અરિહંત કક્ષાની, સિદ્ધ અને સંબુદ્ધ કક્ષાની ચેતનામાંથી જ આ મંત્રનો ઉદ્‌ભવ થયો છે. સમજે એના માટે આ મંત્ર એક માર્ગ, એક દ્વાર, જીવનપરિવર્તનની એક સાચી દિશા છે.

o

નવકાર મંત્રમાં પાંચ નમસ્કારનો સમાવેશ છે. અરિહંતોને નમસ્કાર, સિદ્ધોને નમસ્કાર, આચાર્યો અને ઉપાધ્યાયોને નમસ્કાર, સાધુઓને નમસ્કાર. આ મંત્રની ખૂબી તો એ છે કે, એમાં ક્યાંય આ કે તે ધર્મનો ઉલ્લેખ નથી. કોઈ વિશેષ વ્યક્તિ પ્રત્યે નમવાનો પણ આમાં કોઈ આગ્રહ નથી. આમાં અરિહંતને નમસ્કાર છે. જેમણે પણ પોતાની અંદરના કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા શત્રુઓને જીત્યા છે, જેમના અંતરમાં લડતનો હવે કોઈ ભાવ નથી બચ્યો. કેમ કે એમની અંદર હવે ક્યાંય કોઈ ક્રોધ, કામ, લોભ, મોહ, અહંકાર કે અજ્ઞાન નથી, જેની સામે લડવું પડે. જેમની અંદર કે બહારની લડાઈ હવે સમાપ્ત થઈ ગઈ છે. જે હવે અજાતશત્રુ છે તેને અરિહંત કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધ ચૈતન્ય મોજૂદ છે. કૈવલ્યની સ્થિતિમાં જે જીવે છે તે અરિહંત છે. આવા અરિહંત તરીકે માત્ર આદિનાથ, પાર્શ્વનાથ કે

મહાવીર સ્વામી એવી કોઈ વ્યક્તિવિશેષ પ્રત્યે જ ઇશારો નથી. જૈન ધર્મ તરફનો પણ આમાં કોઈ સંકેત નથી. જ્યાં ક્યાંય પણ, જે કોઈ ધર્મધારામાં, જેમણે પણ અંદરના કામક્રોધાદિ ભાવો પર સંપૂર્ણ વિજય મેળવ્યો તે તમામને 'અરિહંત' તરીકે આમાં નમસ્કાર કરવામાં આવ્યો છે. આટલો ઊંચો ભાવ, આટલી ઊંચી સમજ ભાગ્યે જ કોઈ ધર્મ પાસેથી કે એ ધર્મના કોઈ મંત્ર મારફત મળતી હશે.

o

નવકાર મંત્રમાં માર્ગ ઉપરાંત મંજિલ તરફ પણ નમસ્કારનો ભાવ છે. જ્યાં પહોંચીને બધા એક બની જાય છે, એવી સર્વોચ્ચ સ્થિતિ પ્રત્યે નમસ્કાર છે. અરિહંત પછી આવે છે સિદ્ધ. જેમણે જીવનના ધ્યેયને, એના સારને પામી લીધો છે તે સિદ્ધ. જે કૃતાર્થ છે, જેને સાધવાનું કંઈ જ બાકી નથી, એ સિદ્ધ. અરિહંત અને સિદ્ધ તો અજબગજબનું તત્ત્વ છે. આપણી પાસે એવી આંખ પણ નથી કે એમને ઓળખીને નમસ્કાર કરીએ, એટલે ત્રીજું નમન છે. આચાર્યોને. આચાર્ય એક સ્થિતિનું નામ છે, જેમના દ્વારા ધર્મ પ્રગટ થઈ રહ્યો છે, જેમના આચરણમાં ધર્મ ઊભરી રહ્યો છે. જેમણે માત્ર મેળવ્યું જ નહીં, જીવનમાં ઉતારીને આપ્યું પણ ખરું. અરિહંત અને સિદ્ધને આપણે જલદી ઓળખી શકતા નથી, કેમકે એમણે જે મેળવ્યું છે, તે અનંત, અવાચ્ય અને અકથ્ય છે. જ્યારે આ સ્થિતિને થોડાઘણા અંશે યથાર્થ રીતે જાણનારું આચાર્યતત્ત્વ છે. આચાર્ય એવી વ્યક્તિનું નામ છે જે પોતાને મળ્યું છે તે વહેંચવા માટે ઉત્સુક છે. એમની કરુણા એમને ચૂપ કે શાંત બેસવા દેતી નથી. એથી ધર્મોપદેશક એવા આચાર્યોને અને એમની આજ્ઞાના ચાહક ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર.

o

નવકાર મંત્ર વ્યક્તિને માત્ર પાંખો જ નહીં, આંખો સાથે આખું આકાશ પણ આપે છે. આ મંત્રને માનનારા, એને સમજીને ચાહનારા લોકો સદ્‌ભાગી છે. ભલે જૈનો એના પર અધિકારની મહોર મારીને એને જપતા હોય, પણ જે સત્યખોજી હોય એવી હર કોઈ વ્યક્તિ એ જો નવકારને સમજે તો નવકાર એને પોતાનો લાગ્યા વિના ન રહે.

o

જગતમાં જે કોઈપણ સ્વયંની શોધમાં નીકળ્યા છે, જેમના હૈયામાં સાચા ધર્મ પ્રત્યે પ્રેમ છે, જેમનું હૃદય મૈત્રી અને પ્રેમથી ભરેલું છે, જે પોતાને વસુધૈવ કુટુમ્બકંના વારસદાર માને છે, તે તમામ માટે આ નવકાર મંત્ર છે. સંતો પર, સંબુદ્ધ વ્યક્તિ પર કે કરુણાવશ એમણે ઉચ્ચારેલા શબ્દો પર કોઈ એક કોમ, સંપ્રદાય, ધર્મધારકો કે કોઈ એક દેશ પોતાનો જ હક્ક સ્થાપી ન શકે. એ સૌ કોઈના માટે છે કેમકે એ સૌ કોઈના હિતમાં હોય છે. સત્ય સદાય સાર્વભૌમ છે અને રહેશે. આ નવકાર મંત્ર પણ જીવમાત્ર માટે, જીવમાત્રને ચાહવાનો આનંદ, પોતાનો પણ અનુભવ બને, એવું ઇચ્છતા તમામ માટે છે.

o

સુખનો મહામંત્ર એને કહેવાય જે સમસ્યાના મૂળમાં જઈને, દુખમાત્રની જડ પકડીને એના પર ઘા કરે; માણસને ઊંડી ખાઈમાંથી ઉઠાવીને, સમજની પાંખો અને આંખો આપી વિરાટ ગગનમાં વિહાર કરતા શીખવે. નવકાર આ કામ કરે છે. આ મહામંત્ર માણસને પીડતા તમામ રોગોની અમોઘ ઔષધિ છે.

o

આ મહામંત્ર માને છે કે, માણસની તમામે તમામ પીડાનું એકમાત્ર અને મૂળભૂત કારણ અહંકાર છે. અહંકારના કારણે જ જીવમાત્ર જન્મોજન્મોથી ભટકે છે અને દુઃખના દાવાનળ વચ્ચે શેકાય છે. એક અહંકાર જાય, તો એની પાછળ દૂષણોનું આખું એક ટોળું ચાલ્યું જાય છે. માણસને પીડનારા ષડ શત્રુઓના મૂળમાં અહંકાર છે. જો આ અહંકાર નષ્ટ કરવામાં આવે તો બાકીના બધા આપમેળે જ નષ્ટ થઈ જાય.

o

નવકાર મંત્ર વ્યક્તિને અહંશૂન્ય બની નમવાની પ્રેરણા આપે છે. સૌથી પહેલા એ અરિહંતો અને સિદ્ધો સામે નમવાની વાત કરે છે, પણ અધ્યાત્મનું જગત એટલું રહસ્યપૂર્ણ છે કે, આ બેની કક્ષા-કોટિના લોકોમાં જ એ સમાઈ જતું નથી. આથી નવકાર મંત્ર એક ઊંચી ઉડાન લઈને એ અરિહંતના અનુશાસનને

અનુસરનારા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને નમવાની વાત કરે છે.

o

નમન વ્યક્તિની અંતર્યાત્રાને અર્થપૂર્ણ, સફળ અને મંગળમય બનાવે છે. નમનના પ્રભાવે આખી યાત્રામાં અટકવાનું કે ભટકવાનું થતું નથી. નમનના ભાવથી ભરેલી વ્યક્તિ લગભગ પ્રવાહી બની જાય છે. જળ જેમ અવરોધોથી ભરેલા ખડકાળ પ્રદેશને પાર કરીને પણ આગળ વધે છે, એમ યોગ્યની સમક્ષ નમી ગયેલી વ્યક્તિ ક્યાંય પણ અટક્યા વગર આગળ વધી શકે છે. ક્યાંયથી પણ બહાર નીકળવું હોય તો માણસનું માથું સૌથી પહેલા ટકરાતું હોય છે. અને માથું જેટલું બહાર દેખાતું હોય છે એટલું જ નથી હોતું. કેટલાક માણસોનું માથું પહાડ જેટલું ઊંચું, અક્કડ અને મોટું હોય છે. એમનામાં અહંકારનો કોઈ પાર નથી હોતો : 'હું તો દેશનો સર્વોચ્ચ નેતા છું, વિશ્વ આખામાં મારું નામ છે, કોઈની પાસે ન હોય એટલું ધન મારી પાસે છે, મારી સુંદરતાનો કોઈ પાર નથી. હું મોટો વક્તા, મોટો લેખક, કલાકાર, સમાજ સેવક કે સંત છું. હું કોઈની સામે કેમ નમું ?' ધર્મની યાત્રામાં આવી 'અક્કડતા' સૌથી મોટી બાધા બને છે.

o

જે એમ જાણે છે કે, આ વિરાટ બ્રહ્માંડમાં મારું સ્થાન એક નાનકડા રજકણ કરતાં પણ નાનું છે, એ સાધુ અથવા તો સજ્જન છે. આવા લોકો સીધા અને સરળ હોય છે. અંદરથી એકદમ નમ્ર અને કોમળ હોય છે. ક્યાંય પણ ટકરાતા નથી. 'હું કંઈક છું' એવું માનીને એ ચાલતા નથી. આવા લોકોને આ મહામંત્ર 'સાધુ' કહે છે. જે વાંકાચૂંકા નથી. જે સીધા-સરળ છે. સાધુ એ એક અવસ્થા, એક યાત્રા અને અંદરથી ઉદ્‌ભવેલી હળવાશ છે. સાધુ ભારેખમ નથી હોતા. એમના મનમાં કોઈપણ પ્રકારની મોટપ નથી હોતી. સાચેસાચ નમવું એ કોઈ સહેલી વાત નથી. જે પોતે અંદરથી પરિપૂર્ણ નમી ગયા છે, તે સાધુ છે, આવા સીધા, સરળ, અહંશૂન્ય લોકો જ્યાં ક્યાંય પણ હોય, જે કોઈ ધર્મ-ધારામાં જીવતા કે શ્વસતા હોય, જે કોઈ દેશમાં હોય, ત્યાં તેમની સામે આપણા હૃદયમાં નમસ્કાર, આદર અને શ્રદ્ધાનો ભાવ પ્રગટવો જોઈએ. એ આ મંત્રનો સાર છે.

o

જૈનધર્મે 'મુનિ'ની જે પરિભાષા આપી છે તે સમજવા જેવી છે. એણે અમુક પ્રકારના કપડાં પહેરતા, અમુક અમુક પ્રતીક લઈને ફરતા કે ખાસ પ્રકારનું આવરણ ઓઢીને જીવતા લોકોને જ સાધુ કે મુનિ નથી માન્યા. એણે આવી નાની નાની વસ્તુઓની ચિંતા ઉપરાંત મૂળ પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે. મૂળને પકડવાથી જેમ આખું ઝાડ હાથમાં આવી જાય છે, તેમ અપ્રમાદ, જાગરૂકતા અને સભાનતાને સાધવાથી નાના મોટા તમામ સદ્‌ગુણો એની પાછળ આવી જાય છે, આવી ઊંડી સમજના કારણે જ જૈનદર્શને સાધુની વ્યાખ્યા દર્શાવતા કહ્યું. असुत्ता मुणि અર્થાત્ જે જાગરૂક છે, સતત જાગતા રહીને જીવે છે તે મુનિ છે. બેહોશીમાં જે એક પણ ડગલું નથી ભરતા કે એક પણ કામ નથી કરતા તે મુનિ કે સાધુ છે. એ જ રીતે અસાધુ કે સંસારીની પરિભાષા આપતા કહ્યું કે सुत्ता अमुणि એટલે કે જે સૂતેલા છે, પ્રમાદમાં જીવે છે, પોતે શું કરી રહ્યા છે તેની પોતાને સમજ કે સૂઝ નથી તે 'અમુનિ એટલે કે સંસારી છે. તે જ રીતે સાધુ હોવા છતાં જે બેહોશ બનીને અભાનપણે જીવે છે, તે સંસારી છે.

o

દુનિયાભરમાં 'નવકાર' જ એકમાત્ર એવો મંત્ર છે, જેમાં વ્યક્તિ વિશેષને પ્રાધાન્ય ન અપાતાં માત્ર ગુણોને જ પ્રધાનતા આપવામાં આવી હોય ! બીજા બીજા ધર્મો એના સ્થાપકના નામ પરથી ઓળખાય છે. જેમકે બૌદ્ધ, શૈવ વગેરે. એક આ જૈનધર્મ જ એવો છે કે, જે મહાવીર વગેરેના નામથી નથી ઓળખાતો, પરંતુ રાગદ્વેષને જીતે એ બધા 'જિન' અને આવા 'જિને' પ્રકાશિત કરેલો જે ધર્મ એ 'જૈનધર્મ' આવી આગવી ઓળખાણ ધરાવતો હોય !

**'ગુજરાત-સમાચાર' સ્પાર્ક**

**વત્સલ વસાણી, ટૂંકાવીને સાભાર**

# જીવદયાના ભેખધારી દિલીપબાબા



મહારાષ્ટ્રના ગ્રામીણ ક્ષેત્રોમાં ઘણી જાતિના લોકોમાં પશુબલી આપવાની ખરાબ પ્રથા પ્રચલિત છે. તેને બંધ કરાવવા અર્થે કાર્યરત એક સંસ્થાનું નામ છે : **કર્મયોગી દિલીપવાળા જીવદયા વ્યસનમુક્તિ સેવાશ્રમ** ! આ સંસ્થાના માધ્યમે જે કાર્યો થયાં છે, તેની સામાન્ય નોંધ નિખાલસ-માસિકના આધારે સંકલિત નીચે મુજબ છે.

(૧) વિદર્ભના બુલઢાણા જિલ્લાના મોલામોલી ગામમાં ગત સો વર્ષથી સેંકડો બળદોની કતલ થતી હતી, આ કુપ્રથા બંધ કરાવવાનો સફળ પ્રયાસ થતાં સફળતા દિલીપવાળાને મળવા પામી છે.

(૨) વિદર્ભના વાસિમ જિલ્લાના માનોરા તાલુકામાં પ્રતિવર્ષે ૪૦ હજાર બકરાઓની પોહરાદેવીને ૪૦૦ વર્ષથી બલી ચઢાવવામાં આવે છે. આ કુપ્રથા બંધ કરાવવા અર્થે સફળ પ્રયાસ થઈ રહ્યા છે.

(૩) આદિવાસી ક્ષેત્ર ધમધમી તા. માલેગાંવમાં દશેરાના દિવસે ઘરઘરમાં માંસ ભક્ષણ કરવાનો રિવાજ હતો, આ કુપ્રથા બંધ કરાવીને શાકાહારી ભોજન માટે જનજાગૃતિનો સજ્જડ પ્રયાસ કરાયેલ. અને ''એક ગામ એક તહેવાર''ની પ્રથા ચાલુ થયેલ છે.

(૪) સોનાટી, જિલ્લા બુલઢાણા મધ્યે ખંડોબાના મેળામાં બોકડાની બલીની કુપ્રથાને બંધ કરાવવામાં આવેલ છે.

(૫) કસાઈઓથી મુક્ત થયેલ ૧૦૦ ગોમાતા હાલમાં કાયમી સ્વરૂપે આશ્રમ મધ્યે કિલ્લોલ કરી રહેલ છે.

(૬) વ્યસનમુક્ત, દૃષ્ટિહીન, અપંગ અને ગરીબ લોકોને અન્ન, વસ્ત્ર, ઔષધિ ઉપચારના કાર્યમાં આ સંસ્થા સહયોગ આપી રહી છે.

ઉપરોક્ત ઘણાં કાર્યો ખૂબ ખૂબ દીર્ઘદૃષટિપૂર્વક કરવામાં શ્રી દિલીપબાબા સફળતા મેળવી રહ્યા છે. એકવાર પણ આ દિલીપબાબા અને એમના આશ્રમની અચૂક મુલાકાત લેવા જેવી છે.

દિલીપબાબા કાન્તા અને કંચનનો અંશતઃ ત્યાગી છે,

આજીવન બાલ-બ્રહ્મચારી છે. ૦ તેઓ રૂપિયા / પૈસાનો ક્યારેય સ્પર્શ નથી કરતા, ૦ પગમાં ક્યારેય જુત્તાં કે ચપ્પલ નથી વાપરતા. ૦ એમની ઉંમર હાલ માત્ર ૪૯ વર્ષની છે. ૦ ૨૫ વર્ષથી સ્વયં ગૃહપ્રવેશ ત્યાગ વગેરે.

શ્રી દિલીપબાબાની રૂબરૂ મુલાકાત થતાં ઘણું ઘણું જાણવા મળેલ છે. એટલું જ નહિ, એમના આંતરિક જીવન તેમજ જીવદયા-સત્કર્મની ઉત્તરોત્તર ચડિયાતી ભાવનાથી ખૂબ અહોભાવ થઈ આવેલ.

વર્તમાનના ઘણા પૂજ્યોના આશીર્વચન / સંસ્થાને દિલીપબાબાને સ્વહસ્તાક્ષરમાં મળ્યા છે. અને દિલીપબાબાને પોતાના હસ્તાક્ષરમાં મળ્યા છે. એ ફાઈલ વાચતા ગદ્ગદિત બની જવાય. આના પ્રભાવે તેઓ જાતે ફરીને જીવદયા માટે અપીલ કરતા સારૂં દાન સંઘોમાંથી પ્રતિવર્ષ મળતું રહે છે. સંસ્થાનું સંપર્ક સરનામું નીચે મુજબ છે.

**કર્મયોગી દિલીપબાબા જીવદયા-વ્યસનમુક્તિ સેવાશ્રમ, લાઠી પોસ્ટ શેલૂ બજાર, જી-વાસિમ-૪૪૪૪૦૨ મહારાષ્ટ્ર, ફોન : ૦૭૨૫૩-૨૩૪૫૬૯**

## કાવ્યોપદેશ

હૃદયના શુદ્ધપ્રેમીને નિગમના જ્ઞાન ઓછા છે
ન પરવા માનની તોયે બધા સન્માન ઓછા છે,
તરી જાવું બહુ સહેલું છે મુશ્કિલ ડુબવું જેમાં
એ નિર્મળ રસસરિતાથી ગંગાસ્નાન ઓછા છે.

૦

પ્રીતિ પિંજર વિશે પરવશ થઈ પડવું નહિ
સંબંધીઓના બંધની બેડીથી તન જડવું નહિ,
આ નાટકી-સંસારની દુવિધા મહીં પડવું નહિ
અમૃત ગણીને વિષય-વિષ પીવાનું મન કરવું નહિ.

૦

ધન માલ ને ખજાના અંતે ફના થવાના
યમદૂત હાથે પ્રાણી લાચાર સૌ થવાના,
જર જોર ને જુવાની જિંદગાની સર્વ ફાની
ઝાઝું શું જગને કહેવું સૌ કહી ગયા આ જ્ઞાની.

૦

# ઉકાળેલું પાણી : બળતણ ખર્ચમાં બચત



પ્રાચીન પરંપરા મુજબ ચૂલા કે ઈંધણના ઉપયોગથી રસોઈ આદિ થતી હતી. ગેસ કે ડીઝલ કરતા આમાં કડાકૂટ વધુ થતી હોવા છતાં જયણા વધુ જળવાતી હોવાથી આ માધ્યમ ઓછા દોષવાળું હતું. માટે ઘર કે આયંબિલ ખાતા આદિએ આ જ માધ્યમને વળગી રહેવું જોઈએ. પરંતુ ગેસ અને ડીઝલચૂલાના આજના જમાનામાં એ માધ્યમ આવકાર્ય બને એવી સંભાવના નહિવત હોવાથી ડીઝલ કે ગેસ આ બેમાંથી કયો વિકલ્પ સ્વીકાર્ય ગણાય, આવો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો સંઘે ન છૂટકે કયો વિકલ્પ સ્વીકારવો જોઈએ, એની થોડીક વિગત-વિચારણા નીચે પ્રસ્તુત છે. લેખકના ઉપર મુજબના દૃષ્ટિકોણને નજર સમક્ષ રાખીને જ આ લખાણ વાચવા સૌ કોઈને વિનમ્ર વિનંતિ.

આપણા શ્રી સંઘોમાં પાણી મોટે ભાગે ડીઝલથી ઉકાળવામાં આવે છે. તેના બદલે ઘરમાં વપરાતા ગેસ (LPG) થી જો ઉકાળવામાં આવે તો ખર્ચમાં ઘણી બચત થઈ શકે છે. સૈદ્ધાંતિક રીતે (Theoratically) ૧ લી. ડીઝલમાંથી → ૮,૦૦૦ કીલોકેલરી ગરમી મળે. ૧ કીલો LPGમાંથી ૧૧,૮૦૦ કીલોકેલરી ગરમી મળે.

એક હજાર લીટર પાણીને ઉકાળવા 30°C થી ૧૦૦°C સુધી ગરમ કરવું પડે, જે માટે (૧૦૦૦ - ૩૦૦) x પાણીનું વજન) ૧,૦૦૦ કીલો = ૭૦,૦૦૦ કીલોકેલરી ગરમી જોઈએ. આ થઈ સૈદ્ધાંતિક (Theoratical) વાત, વાસ્તવમાં (Prautically) મળતી ગરમી ઓછી હોય છે, કારણ કે જેટલી ગરમી મળે તેટલી પૂરેપૂરી ક્યારેય વાપરી શકાતી નથી. મળેલી કેટલીક ગરમી આસપાસના વાતાવરણને ગરમ કરવામાં વપરાઈ જાય છે તેમજ બંને પ્રકારના ચૂલા પણ ૧૦૦% ક્ષમતા (Efficiency) થી કામ આપતા નથી. અંદાજે એમ કહી શકાય કે સૈદ્ધાંતિક ક્ષમતા કરતાં વાસ્તવિક ક્ષમતા ૭૦% મળે. (તે વધુ ઓછી પણ હોઈ શકે) આમ ૧,૦૦૦ લીટર પાણી ઉકાળવા માટે ૯૩,૩૦૦ કીલોકેલરી (૯૩,૩૦૦ x ૦.૭૫ = ૭૦,૦૦૦) ગરમી જોઈએ, જેના માટે વપરાશ અને ખર્ચ નીચે મુજબ થાય.

| બળતણ | ગરમી | વપરાશ | ભાવ | ખર્ચ |
|---|---|---|---|---|
| ડીઝલ | ૮,૦૦૦ કીલોકેલરી/લીટર | ૧૧.૬૬ લી. | ૩૫/લી. | રૂ. ૪૦૮ |
| LPG ગેસ) | ૧૧,૮૦૦ કીલોકેલરી/કીલો | ૭.૯૦ કી. | ૨૦/કી. | રૂ. ૧૫૮ |

ઉપરની વિગત પરથી એવું સ્પષ્ટ તારણ નીકળે છે કે, ૧. LPG કરતાં ડીઝલ લગભગ ૨.૫ ગણું મોંઘું પડે છે અને ૨ રૂ. ૨૫૦નો ફાયદો થાય, એટલે કે મહિને રૂ. ૭,૫૦૦ અને વર્ષે રૂ. ૯૦,૦૦૦નો ફાયદો થઈ શકે.

આ ઉપરાંત ડીઝલ વાપરવામાં અન્ય તકલીફોથી પણ ખર્ચ વધુ આવે છે. દા.ત. ૧. પેટ્રોલ પંપ પર મળતા ડીઝલમાં જ ભેળસેળ હોઈ શકે. ૨. ડીઝલ લાવનાર માણસ તેમાં ભેળસેળ કરી શકે. ૩. ડીઝલ વાપરતી વખતે તેની પાઈપ લાઈન જમીનની અંદરથી જતી હોય તે તેમાં થતું ગળતર (Leakage) ધ્યાનમાં ન આવે. ૪. ડીઝલની ચોરી સહેલાઈથી થઈ શકે.

શ્રી મુલુંડ શ્વે. મૂ. જૈન સંઘ (મુંબઈ)માં હું જ્યારે ટ્રસ્ટી તરીકે હતો, ત્યારે તે સંઘમાં ડીઝલને બદલે ગેસ વાપરવાનું ચાલુ કરતાં તે સંઘનો ડિઝલનો વાર્ષિક ખર્ચ જે રૂ. ૧,૮૦,૦૦૦ આવતો હતો તે ગેસ વાપરવાથી ઘટીને વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ જ થઈ ગયો હતો. આમ તે સંઘને દર વર્ષે રૂ. ૧,૨૦,૦૦૦ની બચતની શરૂઆત થઈ ગઈ. (જે માટે આગળ જણાવેલા ચારમાંથી કોઈ પણ કારણ હોઈ શકે.)

ડીઝલ વાપરવાથી તપેલા કાળા થાય છે. ડીઝલનો ચૂલો જો દીવાલની બાજુમાં હોય તો દીવાલ પણ કાળી થાય છે જે ગેસના ચૂલામાં નથી બનતું. વળી ડીઝલનો ચૂલો ચાલુ હોય ત્યારે અવાજથી વ્યાખ્યાન વગેરેમાં પણ ખલેલ પહોંચે છે. ગેસના ચૂલામાં તેટલો અવાજ આવતો નથી. વીજળી LPG ન હોય તો ડીઝલના ચૂલા ચાલી શકતા નથી, જ્યારે ગેસના ચૂલામાં વીજળીની જરૂર નથી.

આવો ગેસનો પાંચ બર્નરવાળો ચૂલો, બે સીલીંડર એક સાથે લાગે તેવો અને ૩૬ ઈંચ વ્યાસવાળો, દશ ગેજ સ્ટેઈનલેસ સ્ટીલનો બનાવી શકાય છે, જેનાથી ડીઝલની ઝડપે જ પાણી ઉકળી જાય. એટલે કે ડીઝલથી પાણી ઉકળતાં જેટલો સમય લાગે તેટલા જ સમયમાં ગેસથી પાણી ઉકળી જાય. (હાલ મુલુંડ સંઘમાં આવા ચૂલા વપરાય છે) આ ચૂલા ઉપર બીજા કોઈ પણ જાતના ટેકા વગર ૩૬ ઈંચથી ૪૨ ઈંચનું તપેલું સહેલાઈથી રહી શકે છે. ચૂલાની કિંમત લગભગ રૂ. ૨૫,૦૦૦ આસપાસ થાય છે. કોઈ સંઘમાં આવો ચૂલો જોઈતો હોય તો નીચેના સરનામે સંપર્ક કરી શકે છે.

**કિશોર અમૃતલાલ દોશી**, ૧૪, જિનેશ કૃપા, કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦ ફોન : ૦૨૨-૨૫૬૭૧૩૯૪

# સમાચાર સાર

૦ સંકલિત

**શાસન પ્રભાવના સાથે ચાતુર્માસની પૂર્ણાહુતિ આગામી ચાતુર્માસ થાણા ટેંભીનાકા સંઘમાં નિશ્ચિત**

સિદ્ધહસ્ત લેખક સૂરિમંત્ર પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા હૃદય સ્પર્શી પ્રવચનકાર પૂ. પન્યાસ પ્રવર શ્રી યુગચન્દ્ર વિજયજી ગણિવર આદિ પૂજ્યોના ડોંબિવલી શ્રી રાજસ્થાન શ્વે. મૂ. જૈન સંઘના આંગણે ભવ્યતાથી ઉજવાતા ઐતિહાસિક ચાતુર્માસની પૂર્ણાહુતિએ સંઘમાં અનેરો રંગ જામ્યો. સંઘ દ્વારા નિર્માણાધીન શિખર બંધ નૂતન જિનાલયની શિલાન્યાસ વિધિ કા.સુ. ૧૧ સે યોજાઈ. તે પૂર્વે વહેલી સવારે જલારામ આશિષ સોસાયટી ખાતે સંચેતી પરિવારના બંગલામાં નિર્માણ થનાર ગૃહ જિનાલયનું ખાત મુહુર્ત પૂજ્યશ્રીની નિશ્રામાં સંપન્ન થઈ જતાં સંઘ જિનાલયની શિલા સ્થાપના વિધિ પ્રારંભાઈ માંગલિક વિધાનો પૂર્ણ થતાં શ્રેષ્ઠ સમયે નવેય લાભાર્થીઓ શિલા લઈને ભૂમિમાં આવી પહોંચતા શુભ ઘડી પળે પવિત્ર મંત્રાક્ષરોના નાદ વચ્ચે ઉછળતા ઉમંગ સાથે પૂજ્યોના વાસનિક્ષેપ પૂર્વક શિલાને સ્થાપિત કરી કૂર્મશિલા આધાર શિલાનો લાભ તેજરાજજી પાલરેચા જેમીની ફૂટવેર વાળાએ ખૂબજ મોટા આંક સાથે ઉછામણી બોલીને લાભ પ્રાપ્ત કરેલ.

આજે આનંદની વાત એ બની કે શિલા માટે ખોદેલ ખાડામાં ભૂમિમાંથી સ્વયંભૂ પાણી પ્રગટયું અને અવિરત વહેતું રહ્યું ભૂમિ શુદ્ધ હોવાની આ સુંદર નિશાની પ્રાપ્ત થઈ શિલા સ્થાપન વિધિ પરિપૂર્ણ થતાં પ્રવચન દરમ્યાન અનેક વિધ કાર્યો પ્રારંભાયા સૌ પ્રથમ પૂજ્યશ્રીના મંગલાચરણ બાદ પૂ. પંન્યાસજી મ. નું પ્રેરક પ્રવચન થયેલ. પાઠશાળાના બાળકોનું ભક્તિ નૃત્ય થયા બાદ થાણા ટેંભીનાકા શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી ગણ તથા સંઘના બહુ સંખ્ય આરાધકો પૂજ્યશ્રી ને આગામી ચાર્તુમાસનો લાભ આપવા માટેની અતિશય આગ્રહભરી વિનંતિ લઈને ઉપસ્થિત થયા. ટ્રસ્ટી શ્રી સુરેશકુમાર ગુંગલીયાએ ભાવવાહી શબ્દોમાં સુંદર રજૂઆત કરેલ. મિશ્રિમલજી ઢેલરીયા વોરાએ ગીતના માધ્યમે વિનંતિ પેશ કરેલ વર્તમાન સાનુકુળ સંયોગોને ધ્યાનમાં રાખીને પૂજ્યશ્રીએ થાણા સંઘની વિનંતી પેશ કરેલ વર્તમાન આનુકૂળ સંયોગોને ધ્યાનમાં રાખીને પૂજ્યશ્રીએ ઘાણા સંઘની વિનંતિ સ્વીકારતા તેમનો ઉત્સાહ આસમાનને આંબી ગયો. આનંદને વ્યક્ત કરવા સહુ મન મૂકીને નાચી ઉઠયા. ત્યાર પછી કામશેટ ખાતે નિર્મિત પૂ.મુ.શ્રી પુણ્યોદય વિજયજી મ.ની ગુરુ મૂર્તિની પ્રતિષ્ઠા તેમજ સિદ્ધાચલજીના કલાત્મક વિશિષ્ઠ પટ્ટની સંસ્થા નો શુભ દિન અને નિશ્રાપ્રદાન કરવા માટે "પુણ્યોત્રી" સંસ્થાના ટ્રસ્ટીવર્યો કામસેટ જૈન સંઘના આગેવાનો સાથે ૨ બસ લઈને વિનંતી માટે હાજર રહેતા એમને મહા સુદ – ૫ તા. ૧૦ ફેબ્રુઆરીનું મુહુર્ત અને. નિશ્રા માટેની સંમતિ અપાઈ.

વિનંતિનો દોર આગળ વધતા છેલ્લા પાંચેક વર્ષથી પૂ.ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં રહી સંયમજીવનની તાલીમ મેળવી રહેલ લાખણી નિવાસી મુમુક્ષુ દર્શન કુમારની દીક્ષાના મુહુર્ત માટે તેમના સ્વજનો સાથે દોશી પરિવાર વિશાળ સંખ્યામાં બસ લઈને આવ્યા હતા. પૂજ્યશ્રીની શ્રમણ જીવન અંગેની કસોટીમાંથી ઉત્તીર્ણ થયેલ દર્શન માટે દીક્ષાનું મુહુર્ત અને રજોહરણના દાન દેવા લાખણી પધારવા પરિવારના મોભીઓએ ભાવભરી વિનંતી કરી.

પૂજ્યશ્રીએ તેમની દીક્ષા માટે વિ.સં. ૨૦૬૪ ચૈત્ર સુદ ૫ તા. ૧૦–૫–૨૦૦૮ નો દિવસ શુભ જણાવતા ચો તરફ આનંદ હર્ષનું વાતાવરણ સર્જાયેલ.

થાણાવાસી શ્રી સુરેશકુમાર ગુગલીયા (સાદડી રાજ.) ના મનમાં કેટલાય સમયથી ભાવના હતી કે, થાણા મંડન મુનિસુવ્રત દાદાથી અગાશી મંડન મુનિસુવ્રત દાદાને છ'રી પાળતા ભેટવા જવુ! તેમણે પણ આજના માહોલમાં તક ઝડપી લઈને વિનંતી કરતા સંઘપ્રયાણ માટે માગસર વદ ૩ અને સંઘમાળ માટે મા.વ. ૯ નાં દિવસો અપાયા. તા. ૨૬ થી ૩૧ ડીસેમ્બરના વેકેશનની રજાનો સદુપયોગ કરવા આ આયોજન થયું હોવાથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટવાની ધારણા છે. ખરેખર આજના દિવસને મુહુર્ત પ્રદાન દિવસ તરીકે ઓળખાવવો પડે, એટલા બધા પ્રસંગોના નિર્ણયો જાહેર થયા. કાર્યક્રમમાં વચ્ચે વચ્ચે સિદ્ધાર્થ શાહે સુમધુર સંગીત પીરસેલ આજના પ્રસંગે શ્રી રાજસ્થાન જૈન સંઘ અને ઉપસ્થિત મહેમાનોની સાધર્મિક ભક્તિ શિલા

સ્થાપનના લાભાર્થી પરિવારો તરફથી સાનંદ સંપન્ન થયેલ. વિવિધ સંઘપૂજનો પ્રભાવના અપાઈ હતી.

કા. સુ. ૫ થી ૧૫ દરમ્યાન ઘણા બધા પુણ્યવાનોની વિનંતીઓ હોવાથી પૂજ્યશ્રીના અનેક ગૃહે સસ્વાગત પગલા પ્રવચન, પ્રભાવના, અને જીવદયામાં દ્રવ્ય સમર્પણ જેવા અનેક કાર્યો સાનંદોલ્લાસ સંપન્ન થયેલ.તે દરેકનો વ્યક્તિગત નામોલ્લેખ કરવો શક્ય નથી. ચાતુમાસ પર્વની ઉજવણી પૌષધવ્રત પર્વપ્રવચન દેવવંદન અને ચોમાસી પ્રતિક્રમણ કરવા દ્વારા સુંદર રીતે થઈ. આજે પ્રવચનમાં પૂજ્યશ્રીએ સકળ સંઘ સાથે ૪ મહિના દરમ્યાન કોઈનું પણ મનઃદુઃખ થયેલ હોય તેનું 'મિચ્છા મિ દુક્કડં' માંગતા સંઘે પણ ક્ષમા યાચના કરી હતી અને સૌની આંખ ભીની ભીની થઈ ગયેલ વાતાવરણમાં ચોમેર ગંભીર ગમગીની છવાઈ ગયેલ.

ચાર મહિના સુધી મેઘ ધારાની જેમ વરસીને અનેક જીવો પર ઉપકાર કરનાર પૂજ્યોને વિદાય આપવાનો વિરહ

દિન આવી ગયો. કાર્તિકી પૂર્ણિમાએ એક સાથે બે પ્રસંગોને સુમેળ સધાયો. પૂજ્યોનું સ્થાન પરિર્વતન અને શંત્રુજયની માનસ યાત્રા સ્પરન્તિ ! આ લાભ મેળવવા સંઘમાં ભારે રસાકસી જામેલ. ૧૫-૧૫ પુણ્યાત્મા ઓની આગ્રહભરી વિનંતીમાંથી સંચેતી પરિવારની ચાતુ. પરિર્વતનથી વિનંતી કા.સુ. ૧મે સ્વીકારતા તેમણે પુર જોરમાં તૈયારીઓ પ્રારંભી હતી. એ મુજબ સવારે ૮-૧૫ કલાકે બ્રાસ બેન્ડ ની મધુર સૂરાવલીઓ સાથે પરિવર્તન સ્વાગતયાત્રાનું પ્રયાણ થયું. આ પ્રસંગે મુમુક્ષુ દર્શન કુમારને પણ વર્ષીદાન માટે નિમંત્ર્યા હતા. ડોંબિવલી શહેરના વિવિધ રાજમાર્ગો પર પસાર થઈને ગણેશમંદિર નજીક આવેલી જલારામ આશિષ સોસાયટીના વિશાળ પટ્ટાંગણમાં બંધાયેલ 'સુરી રામવાટિકા' માં સભા રૂપે પરિવર્તન થઈ. રાજશાહી મંડપો ને સજાવટો થી પટ્ટાંગણ શોભી ઉઠયું. પૂજ્યશ્રીના મંગલાચરણ બાદ વર્ધમાન જૈન પાઠશાળાના નાના ભૂલકાઓએ સ્વાગત ગીત પુષ્પ વૃષ્ટિ અને એક નૃત્ય દ્વારા સૌના મન હરી લીધા. ત્યારબાદ પં. વિશાલભાઈ ધરમશીએ આજનો દિન મહિમા અને પૂજ્યશ્રીએ સમસ્ત ડોંબિવલી શહેર પર વરસાવેલી કૃપા વૃષ્ટિની ઝાંખી વર્ણવી.

પૂ. પંન્યાસ પ્રવર શ્રી ના 'સકારા પંચ દુર્લભા' વિષયક પ્રવચનમાં પોણો કલાક સુધી ઝીણવટ ભરી છણાવટ કરતા લોકોને કંઈક નવું જ જાણાવા માણવા મળ્યું. પ્રસંગની સાથે જ પૂજ્યશ્રી લિખિત હિન્દી પ્રકાશન भगवान महावीर जीवन यात्रा નામક પુસ્તકનું લાભાર્થી શ્રી જયેશકુમાર ઉગમરાજજી ઘોકા (બાલી) પરિવારે સ્ટેજ પર આવી વિમોચન કરી સકળ સંઘને દર્શન કરાવી ૧ પ્રતિ પૂજ્યોને સમર્પો સંચેતી પરિવારનું શ્રી સંઘ અને તેમના સ્વજનો તરફથી સન્માન કરાયેલ. શ્રી રાજસ્થાન જૈન સંઘના પ્રત્યેક ઘરે શ્રી શાંતિનાથ પ્રભુજી, નિશ્રાદાતા ઉભય પૂજ્યો સહિત પૂ. સૂરિરામની મનમોહક દર્શનીય પ્રતિકૃતિ આપવાનું નક્કી થતાં તેની ઉછામણી બોલાઈ. ખૂબ જ મોટી રકમ સાથે આદેશ મેળવીને સંચેતી પરિવારે ધનને ધન્ય બનાવ્યું. આખા દિવસની સ્થિરતાનો લાભ ત્યાં મળતા સહુને ધર્મ માર્ગમાં જોડાવાની પાવનપ્રેરણા મળી.

કા.વ. ૧ ની વહેલી સવારે સંચેતી પરિવારના બંગલામાં ગૃહજિનાલયની શિલાન્યાસ વિધિ સંપન્ન આજની સુપ્રભાત સોનેરી ઉગી હતી. ડોંબિવલીથી થાણા તીર્થના સંઘનું આજે પ્રયાણ હોવાથી સંઘવી પરિવારે પોતાના ગૃહે સકળ સંઘ સાથે પૂજ્યશ્રીના પગલા કરાવ્યા ત્યાંથી સહું સંઘ પ્રયાણ સ્થળે પહોંચતા નૂતન આરાધના ભવન તો માનવ કીડીયારામાં ફેરવાઈ જાય એટલી તો માનવ મેદની ઉમટી હતી. સંઘ પ્રયાણ પૂર્વેની વિધિ સંપન્ન થતાં જ શ્રેષ્ઠ સમયે

સંઘનું પ્રયાણ શરૂ થયું. સંઘમાં નાના બાળકોથી માંડીને મોટી વયના વડીલો સુધીના સૌ જોડાયા હતા. પ્રથમવિહાર શંખેશ્વર નગર સુધીનો થયો ત્યારબાદ બપોરે ગુણવિહારધામે રોકાણ થયું. ત્યાં ભોજનાદિ થયા બાદ ૨-૩૦ થી પ્રવચન શરૂ થયેલ અને રાત્રિસ્થિરતા મુંમ્બ્રા ખાતે કરાઈ કા.વ.૨.ના સવારે થાણા તીર્થની સમીપ પહોંચતા ત્યાં ના ટ્રસ્ટે સંઘે સામૈયું કરીને સહુને આવકાર્યા તત્ર પૂ.આ.શ્રી કીર્તિસેન સૂરિજી મ. આદિ પણ લેવા માટે સન્મુખ આવ્યા હતા. અતિ ઉત્સાહ સાથે તીર્થ પ્રવેશ થયા બાદ દાદા મુનિ સુવ્રત

સ્વામીની ભાવભરી ભક્તિ કરાઈ. ૧૦-૦૦ કલાકે સંઘમાળની વિધિ શરૂ થઈ. પૂજ્યશ્રીના પ્રવચન બાદ નાણ સમક્ષ વિધિ સંપન્ન થતા માળા પહેરાવાઈ. આ સંઘના આયોજક પરિવાર શ્રી સંતોષકુમારજી વક્તાવરમલજી જગાવત (બિજોવા) અને શ્રીમતિ ઉષાબેન જગાવતની ઉદારતાએ સંઘયાત્રામાં ચાર ચાંદ લગાવી દીધા તમામ વ્યવસ્થા શ્રી અનિલ વી. કોઠારીએ સંભાળી હતી. વિહાર યાત્રાના તમામ વિશ્રામ સ્થળે બિરાજમાન પ્રભુજીને સુવર્ણની ચેઈન પહેરાવીને જિનભક્તિ કરાઈ હતી. માળોરોપણ વખતે નિશ્રાદાતા પૂજ્યોને મોંઘેરા ઉચિત ઉપકરણો વહોરાવીને આદર્શ ગુરુભક્તિ કરવામાં આવી જયારે સંઘ યાત્રિકોને કાયમી સ્મૃતિ રહે તેવી સરસ બેગ સામાન સહ સમર્પિત કરાઈ. ડોંબિવલી થી થાણા સુધી સંઘના ઘણા ભાવિકો પૂજ્યશ્રીને વળાવવા સાથે રહ્યા હતા. આજે છૂટા પડતા સૌના હૈયે પૂજ્યશ્રીના ઉપકારોની સ્મૃતિ સહજ બનતાં આંખે આંસુ ના તોરણ રચાયા હતા. ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી મુલુંડ ઘાટકોપર ઘારાવી થઈ મોતીશા લાલબાગ ખાતે ચાલી રહેલ મહોત્સવ માટે પધારતા પૂ.આ.શ્રી વીરશેખર સૂરિજી મ. આદિ અનેક અનેક આચાર્ય ભગવંતો સાથે સામૈયા સાથે પ્રવેશ થયેલ અને ત્યાં અનેક વિધ પ્રસંગોમાં નિશ્રા પ્રદાન કરેલ આમ ડોંબિવલીના ઈતિહાસમાં આપ મેળે કીર્તિમાન સ્થાપના આ ઐતિહાસિક ચાતુર્માસ ડોંબિવલી વાસી કોઈ પણ વ્યક્તિનું જીવન ભરનું યાદગાર સંભારણું બની રહેશે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

## મોતીશા લાલબાગ મધ્યે યોજાયેલ દશાહ્નિક ભક્તિ ઉત્સવ

સૂરિરામના ધર્મના ધાવણ પીને ઉછરેલી સભા સમા મોતીશા લાલબાગ સંઘના આંગણે એક સાથે ત્રિવેદી ઉત્સવ ઉજવાયો. સમુદાયના ૪ મુનિભગવંતને ગણીપદ પ્રદાન, ૨ સાધ્વીજી મ. ને ૧૦૦ મી ઓળીના પારણા અને બે મુમુક્ષુ બહેનોને દીક્ષા દાન આમ ત્રિવેણી સંગમ સધાતા કા.સુ.૧૫ થી કા.વ. દ્વિતીય - ૯ સુધીના ૧૦ દિવસીય મહોત્સવના મંડાણ થયા. મુંબઈ સ્થિત સમુદાયવર્તી તમામ પૂજ્યોને વિનંતિ કરેલ હોવાથી પૂ.આ.શ્રી વીરશેખર સૂરીશ્વરજી મ. પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ પૂ.આ.શ્રી મહાબલ સૂરીશ્વરજી મ.પૂ.આ.શ્રી પુણ્યપાલ સુરીશ્વરજી મ.પૂ.આ. શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજ પૂ.આ.શ્રી કનક શેખરસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. શ્રી ગુણશીલ સૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી ગુણયશ સૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી શ્રેયાંસ પ્રભ સૂરીશ્વરજી મહારાજ આદિ પૂજ્યોનું સાંન્નિધ્ય સાંપડેલ.

મહોત્સવનો પ્રારંભ કા.સુ. ૧૫ મે થયેલ. નિકટ વર્તી પૂજ્યોનો કા.વ. ૧ મે પ્રવેશ થયેલ. ત્યારબાદ શ્વેતા કુમારીની દીક્ષા વિધિ સંપન્ન થયેલ.

કા.વ. ૪+૫ ના ૪૫ આગમનો ભવ્ય વરઘોડો યોજાયેલ ૯ પરિવારોએ લાભ લીધેલ. કા.વ. ૬ના શ્રી ભગવતી સૂત્રના યોગો વ્હન કરી રહેલા પૂ.મુ.શ્રી જગદ્દર્શન વિજયજી મ. પૂ.મુ.શ્રી નિર્મલ દર્શન વિજયજી મ., પૂ.મુ.શ્રી યુગપ્રભ વિજયજી મ. અને પૂ.મુ.શ્રી ધર્મદર્શન વિજયજી મ.ને અનુજ્ઞા સ્વરૂપ ગણિ પદ પ્રદાનની વિધિ આજે ભાવ ભર્યા માહોલમાં થઈ.

કા.વ. ૮ ના દિવસે ૧૦૦ મી ઓળીના આરાધક પૂ.સા.શ્રી ભવ્યરત્ના શ્રીજી મ.અને. પૂ. સા.શ્રી જ્ઞાનરત્ના શ્રીજી મ.નું પારણું થયેલ. કા.વ.પ્ર. ૯ ના ૧૦ દીક્ષાર્થીઓનો ભવ્ય વરઘોડો નીકળ્યો. કા.વ. બીજી ૯ના દિવસે નેહલકુમારી ની દીક્ષા વિધિ સુંદર હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ, રોજ જિનાલયમાં પ્રભુજીને ભવ્ય અંગ રચના થતી હતી સમયાનુસાર પ્રવચનો પણ સુંદર થયેલ, પ્રતિદિન જુદા જુદા સંગીતકારો દ્વારા રાત્રી પ્રભુભક્તિ ભાવનાના કાર્યક્રમો યોજાતા એક નવા માહોલનું સર્જન થયેલ. પદ પ્રદાન દીક્ષા આદિ માટે માધવબાગ કંપાઉન્ડમાં મંડપ બંધાયેલ. અનેક રીતે વિશિષ્ટ આ મહોત્સવ સૌને યાદગાર બની ગયેલ.

## દિલ્હીના દરવાજેથી

લેખક-પૂ. આચાર્ય દેવ શ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્યશ્રીએ દિલ્લી તરફના વિચરણ દરમિયાન
અનેક રાજકીયનેતાઓ અને સામાજિક કાર્યકરો સમક્ષ ધર્મ અને સંસ્કૃતિના સંદેશ વાહક જે વાર્તાલાપો કર્યા, એન શબ્દસ્થ કરતાં આ અત્યદભૂત પ્રકાશનની વિગતવાર સમાલોચના આગામી અંકે પ્રગટ કરવામાં આવશે. આજ સુધીના તમામ પ્રકાશનોમાં આપ બળે આપમેળે અનોખુંજ તરવરી આવતું આ પુસ્તક છે. આમાં ૭૭ જેટલા વાર્તાલાપોનું સંકલન કરવામાં આવ્યું છે જે ખરેખર પઠનીય છે અને સંઘ સમાજને નવી જ દિશા તરફ દોરી જાય એવું છે. મોટી કાઉન સાઈઝના ૨૦૩ પેજ ધરાવતું ફોર કલરમાં ફોટાઓ સહિત સંપૂર્ણ ગ્લેજ પેપર પર મુદ્રિત આ પુસ્તક ભલભલાના મસ્તકને વિચાર કરતું કરી મૂકવા સમર્થ છે.

## ભોયણીમાં અઠ્ઠમ તપની આરાધના

મૌન એકાદશીના અવસરે ભોયણી તીર્થમાં પૂ.પં.શ્રી જયદર્શન વિજયજી ગણિવરની નિશ્રામાં સામુદાયિક અઠ્ઠમનું આયોજન શાહ હીરાચંદ તારાચંદ પરિવાર અને વીરમતિબેન હીરાચંદ (વાપીવાળા) તરફથી થશે શ્રી હીરાચંદભાઈ અને વીરમતિબહેન ૨૭ વર્ષ સુધી આરાધના તીર્થમાં રહીને 'ભોયણીના ભક્ત' તરીકેની નામના મેળવી હતી એટલું નહિ આ પૂર્વે આ પરિવારે ૭ વખત અઠ્ઠમ તપ કરાવવાનો લાભ પણ મેળવ્યો હતો. ચાલુ વર્ષે ખૂબજ ઉદારતા પૂર્વક થયેલ આયોજન મુજબ મા.સુ. ૧૦-૧૧-૧૨ સુધી પૂજા વરઘોડો તપસ્વીઓના અત્તરવાયણા પારણા આદિ કાર્યક્રમ ખુબજ ઉદારતા પૂર્વક યોજાનાર છે. મોટી સંખ્યામાં તપસ્વીઓ ભોયણીતીર્થમાં અઠ્ઠમ કરવા પ્રતિવર્ષ ઉત્તરોત્તર ચડિયાતી સંખ્યામાં આવતા હોય છે. પૂ. પંન્યાસ પ્રવરની નિશ્રા હોવાથી આ વર્ષે ખૂબજ સારી સંખ્યામાં તપસ્વીઓ જોડાશે.

### ઉદયપુરમાં ઐતિહાસિક આરાધનાઓ.

૪૫૦ થી વધુ જિનાલયોથી મંડિત મેવાડની ભૂમિ પર ૬૦ થી વધુ જિનાલયો ધરાવતાં ઉદયપુરમાં આ વર્ષે પૂ.આ.શ્રી. રામચંન્દ્ર સૂરિજી મહારાજના સમુદાયવર્તી પૂ. ગણિવર શ્રી પુણ્યકીર્તિ વિજયજી મ.ના. પદાર્પણના પ્રભાવે ઉપધાન આદિ ઐતિહાસિક આરાધનાઓ થવા પામી. ચાતુ. પ્રવેશ પ્રસંગે ૬ આંકડાની બોલી પૂર્વક ગુરુપૂજનનો લાભ લેવાયો અજિતનાથ મંદિરમાં ચાંદીની પિછ્વાઈ પૂઠિયાની સ્થાપના ગોગુન્દાથી ભૂગર્થ પ્રાપ્ત જિનમૂર્તિઓના અભિષેક અને પ્રતિષ્ઠા, સાપડ તીર્થમાં ૧૮ અભિષેક દેવાલીમાં પંચ દિવસીય મહો, બાળકોને પૂજા જોડીની પ્રભાવના, ૫૦ જિનાલયોમાં પૂજારીઓને પૂજા જોડનું વિતરણ પૂર્વક મિઠાઈથી પ્રભાવના, શહેરના દરેક જિનાલયમાં જિનબિંબને ચક્ષુ-ટીકા-ઓપનું આયોજન, શહેરના તમામ મંદિરોની ચૈત્યપરિપાટી ઈત્યાદિ કાર્યક્રમો ઉપરાંતનું આયોજન તો શિરમોર બની જવા પામ્યું ૫-૧૨-૨૦૦૭ થી માળા રોપણે મહોત્સવ ઉજવાયા બાદ ૧૪-૧૨-૨૦૦૭ થી ૧૯-૧-૨૦૦૮ થી ૩૭ દિવસીય ઉદયપુર સિદ્ધાચલતીર્થ નો સંગ નિકળશે. થોબની વાડીમાં વિરાજિત પૂ.પં. જિનયશ વિ.ગ.ની નિશ્રામાં પણ ચાર્તુમાસ દરમિયાન સુંદર આરાધનાઓ થવા પામી. પૂ. ગણિવરનું આ ચાતુર્માસ માલદાસ સ્ટ્રીટ આરાધનાભવન સંઘ માટે તો અવિસ્મારણીય બની જવા પામશે.

## કલ્યાણ - કાયાકલ્પ - યોજના

### 'કલ્યાણ' આધાર સ્તંભ

**પારૂબેન મૂળચંદ ધરમાજી - ભાંડોત્રા, મુંબઈ**

### 'કલ્યાણ' શુભેચ્છક

| | | |
|---|---|---|
| પુષ્પાબેન મફતલાલ દલીચંદ શાહ | (આલવાડા) | મુંબઈ |
| ચન્દ્રકાંતભાઈ જગજીવનદાસ શાહ | (રાધનપુર) | મુંબઈ |
| પારૂબેન મયાચંદભાઈ સંઘવી | (જેતાવાડા) | મુંબઈ |
| કેસીબેન દરજાજી શેઠ | (સાંચોર) | મુંબઈ |
| મયૂરીબેન નરેશભાઈ વખારીયા | (રાધનપુર) | મુંબઈ |
| પારૂબેન શાંતિલાલ મયાચંદભાઈ શાહ | (ભાંડોત્રા) | મુંબઈ |
| નવીબેન દલપતભાઈ શાહ | (દાંતીવાડા) | મુંબઈ |
| સોભાજી ઉગરાજી શાહ | (ધનીયાવાડા) | મુંબઈ |
| તારાબેન નૈનમલ પનાલાલ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| કલાવતીબેન કાંતિલાલ પનાલાલ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| ચંચીબેન પરખાજી વનાજી શાહ | (ભાંડોત્રા) | મુંબઈ |
| શાંતાબેન ચુનીલાલ દુધાજી | (હાડેચા) | મુંબઈ |
| પૂ.આ શ્રી સોમચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ૧૨ મી સ્વર્ગતિથિ નિમિત્તે (વિ.સં. ૨૦૬૧ જે. સુ. ૧૧) શ્રી સાઈઠ સમાજ જૈન સંઘ | | મુંબઈ |
| હરિચંદભાઈ તુલસીદાસ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| રાયચંદ મંછાજી શાહ | (બાંટ) | મુંબઈ |

સિદ્ધ હસ્ત લેખક પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન પૂ. મુ. શ્રી પ્રશમપૂર્ણ વિજયજીમ. ની પ્રેરણાથી લાભ લેનારા ઉપરોક્ત 'કલ્યાણ' આ દાનવીરોનો આભાર માનવા પૂર્વક સંઘ-સમાજ આ યોજનામાં વિશેષ લાભ લઈને કલ્યાણના કાયાકલ્પને ચિરંજીવ બનાવવામાં આત્મીયતા ભર્યો સહકાર આપવા વિનંતિ કરે છે.

**પાલિતાણા :** શાશ્વતા તીર્થમાં-સાંચોરી ભુવનના આંગણે પૂ. આ. શ્રી રત્નાકર સૂરિજી મ.ની નિશ્રામાં ૭૦૦ આરાધકો સહ સુંદર ચાતુર્માસ અન્તર્ગત ૧૫૦૦ આરાધકોને ચાંદીના શત્રુંજય પટ્ટ દ્વારા સન્માન કરાયું. દશેરાથી પ્રારંભિત ઉપધાનમાં ૪૦૦ વ્યક્તિ જોડાયા. જ્યારે ૧૧૦ જેટલા માળના આરાધકો હતા. ચાતુર્માસ પરિવર્તન ભીનમાલ ભવનમાં શા. ગુમાનમલજી દોશી તરફથી યોજાયું. કાર્તિક પૂર્ણિમાએ પાઠશાળા સન્માન સમારોહ ભવ્યતાથી સંપન્ન થયો. જેમાં ૬ પાઠશાળાના ૫૦૦ જેટલા વિદ્યાર્થી આવ્યા હતા. અને અલગ-અલગ ભાવિકો તરફથી વિશિષ્ટ બહુમાન-સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન કાર્યક્રમનું સંચાલન મહેસાણા-સંસ્કૃત પાઠશાળાના ભૂતપૂર્વ મુખ્ય અધ્યાપક શ્રી વસંતભાઈ ભાભરવાળાએ કરેલ. આ કાર્યક્રમના પ્રેરણાદાતા પૂ. મુ. શ્રી રત્નત્રય વિજયજી મ.ની પ્રેરણાથી શ્રી પાદલિપ્ત જૈન બાલમિત્ર મંડળની સ્થાપના થતાં ૨૩ સદસ્યો જોડાયા. કારતક વદ-૧૪એ ઉપધાનતપની માળારોપણ થયા બાદ માગસર સુદ-પાંચમથી હસ્તગિરિથી વાયા શત્રુંજય થઈ ગિરનારતીર્થનો છરીપાલક સંઘનું પ્રયાણ થનાર છે.

**પાવાપુરી (રાજ.)** સળંગ ૧૫માં વર્ષીતપના આરાધક શ્રીમતિ રતનબેન બાબુલાલજી બાફના (કે.પી. સંઘવી પરિવાર)એ મૌન સહ ૭૫ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરીને એક અદ્‌ભુત આદર્શ ખડો કર્યો છે. તપસ્વીના તપોધર્મનું અંતરથી અનુમોદન.

**પૂના :** ફાતિમાનગરના આંગણે પૂ. મુ. શ્રી મુક્તિધન-પુણ્યધન વિજયજી મ.ના ચાતુર્માસ અન્તર્ગત સંઘમાં નવા તૈયાર કરાયેલ ૪૫ આગમના ઝરીયન છોડ સમક્ષ ૪૫ આગમની મહાપૂજા કા. સુ. ૭ના ભણાવાયેલ અને કા. સુ. ૮ના ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો હતો. ૪૫ આગમની પૂજાની ગોઠવણી અત્યંત આકર્ષક બનવા પામી હતી.

**ભાંડોત્રા :** અનેક ધર્માનુષ્ઠાનોથી ધમધમતા આ ગામમાં પૂ. આ. શ્રી સોમસુંદર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ-ઉપધાનતપ બાદ ગઢનિવાસી મુમુક્ષુ વૈભવકુમાર (ઉ. વર્ષ-૨૦)ની પ્રવ્રજ્યા કા. વ. દ્વિતીય નોમ તા. ૩-૧૨-૦૭ના રોજ ઉજવાઈ. આ નિમિત્તે ત્રિદિવસીય પ્રભુભક્તિ ઉત્સવ યોજાયેલ. સંઘમાં આરાધના-શાસન પ્રભાવનાનો ભવ્ય માહોલ સર્જાયેલ.

**દાવણગેરે :** દક્ષિણ ભારતના દાવણગેરે ખાતે નાગેશ્વર પાર્શ્વધામનું નવનિર્માણ પૂ. આ. શ્રી જિનોત્તમ સૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી થઈ રહેલ છે. જેનું ખાતમુહૂર્ત કા.સુ. ૧૧ના અને શિલાસ્થાપન કા.વ. ૨ના દિવસે થયેલ. નાકોડા પાર્શ્વનાથ જિનાલયનો સંપૂર્ણ લાભ શા અકેચંદજી લકમાજી ખિંવેસરા અને શંખેશ્વરપાર્શ્વનાથ જિનાલયનું લાભ સંઘવી શ્રેયાંસકુમાર ચંપકલાલજી પરિવારે પ્રાપ્ત કરેલ છે.

**શંખેશ્વર :** માલવભૂષણ પૂ. આ. શ્રી નવરત્નસાગર સૂરિજી મ.ના શિષ્ય તપસ્વી રત્ન પૂ. મુ. શ્રી વૈરાગ્યરત્ન સાગરજી મહારાજ વર્ધમાનતપની ૩૬મી ઓળીથી સળંગ ૧૦૦મી ઓળી અને પુનઃ પાયો માંડીને ૧૬ ઓળી સુધીની તપશ્ચર્યા એટલે ૪૭૦૦ જેટલા સળંગ આયંબિલની તપશ્ચર્યા કરી રહ્યા છે. જેનું પારણું ફા.વ.૨ રવિવાર તા. ૨૩-૩-૦૮ના ૯ દિવસીય મહોત્સવ પૂર્વક ઉજવાનાર છે તપસ્વીના તપની અંતરથી અનુમોદના..

### ધન્ય તપસ્વી ધન્ય તપસ્યા

સમેતશિખરજી તીર્થની રક્ષા માટે પ્રાણની પણ પરવા કર્યા વગર છેલ્લા ૧૧ ઉપરાંત વર્ષથી અઠ્ઠમની આરાધના કરી રહેલા તપસ્વી રત્ના અ.સૌ. દર્શનાબેન નયનભાઈ શાહે થોડા વરસોથી પારણે બિયાસણાના બદલે આયંબિલ ચાલુ કરેલ. અને ૨૯૬ અઠ્ઠમ આ રીતે જ ચાલુ રહેલ, પણ સ્વાસ્થ્ય-શરીર પરના અસરો જોતા ગીતાર્થ ગુરુ ભગવંતની આજ્ઞાથી આસો સુદ-૧થી પુનઃ આયંબિલના સ્થાને બિયાસણું શરૂ કરવા પડ્યા. પણ અઠ્ઠમની આરાધનામાં તપસ્વી અણનમ રહ્યા તે ખરેખર અનુમોદનીય-અનુકરણીય ગણાય.

**ઉપધાનતપ :** બાકરા રોડ (રાજ.) તીર્થેન્દ્રનગરના આંગણે ચમત્કારી પાર્શ્વનાથ પ્રભુની છત્રછાયામાં મોઘરા નિવાસી પ્રતાપચંદજી કાલુજી કાંકરીયા પરિવાર (હાલ-ગુન્ટુર) તરફથી પૂ. મુ. શ્રી

જયાનંદ વિજયજી મ.ની નિશ્રામાં ઉપધાન તપમાં પ્રથમ પ્રવેશ કા. વ. ૧૨ તા. ૬-૧૨-૦૭ અને માળારોપણ પોષ-સુદ-૧૪ તા. ૨૧-૧-૦૮ના શુભ દિને થશે.

**પાટણ :** ભારતી સોસાયટી મધ્યે પિતાશ્રી જયંતિભાઈ અને વડીલબંધુ શ્રી અનિલકુમારના આત્મશ્રેયાર્થે તેમજ માતુશ્રી સુભદ્રાબેનના ધર્મ સુકૃતો નિમિત્તે પરિવાર તરફથી કા.વ. ૧૩થી પંચાહ્નિકા પ્રભુભક્તિ ઉત્સવ યોજાયો છે. મા. સુ. ૧ના શાંતિસ્નાત્ર પૂજન ભણાવાયેલ. નિશ્રાપ્રદાન કરવા પૂ. પં. શ્રી વજસેન વિજયજી ગણિવર અને પૂ. મુ. શ્રી દિવ્યકીર્તિ વિજયજી ગણિ પધારેલ. વિધિકાર શ્રી રમેશભાઈ અને સંગીતકાર-મુકેશ નાયક આવેલ.

**ઘાટકોપર :** જીરાવલા જિનાલયના આંગણે અચલગચ્છીય પૂ.મુ. શ્રી પુણ્યોદય સાગરજી મ. તથા જોશીલા પ્રવચનકાર પૂ. મુ. શ્રી દેવરત્ન સાગરજી મ. ની નિશ્રામાં મુમુક્ષુ રતિલાલ વિસનજી સાવલા અને મુમુક્ષુ મયુરભાઈ મોરારજી દેઢીયાની ભાગવતી પ્રવ્રજ્યા નિમિત્તે કા.વ. ૩થી મહોત્સવ પ્રારંભાતા કા.વ. ૧૦ તા. ૩-૧૨-૦૭ના રોજ દીક્ષા વિધિ સાનંદઉલ્લાસ સંપન્ન થયેલ. મહોત્સવ દરમ્યાન પ્રતિદિન અવનવા કાર્યક્રમો યોજાતા સંઘમાં હર્ષનું મોજું ફરી વળ્યું હતું. દીક્ષાની આમંત્રણ પત્રિકા પણ નોખી-અનોખી ભાત પાડતી પ્રગટ કરાઈ હતી.

**ગિરનારની તીર્થની ૯૯ યાત્રા :** ૨૨માં તીર્થપતિ શ્રી નેમિનાથ દાદાના ધામ ગિરનારની ૯૯ યાત્રાનો પ્રારંભ પૂ. મુ. શ્રી હ્રીંકારપ્રભ વિજયજી મ.ની શુભનિશ્રામાં પોષ સુદ-૧૩ તા. ૨૦ જાન્યુઆરીએ થનાર છે. અને પૂર્ણાહુતિ ફાગણ સુદ-૧૩ના દિવસે થશે આ યાત્રાનું આયોજન ગિરનાર કૃપા પરિવારે કર્યુ છે યાત્રા કરવા ઇચ્છુક ભાવિકો પાલિતાણા-મહારાષ્ટ્રભુવન વિધિ પરિવારનો સંપર્ક સાધી શકે છે.

**ગોકાક :** પૂ. મુ. શ્રી મોક્ષરક્ષિત પ્રભુરક્ષિત વિજયજી મ.ની ચાતુર્માસ નિશ્રા મળતા સંઘમાં થયેલ વિવિધ તપશ્ચર્યા-અનુષ્ઠાનોની અનુમોદનાર્થે અષ્ટાહ્નિકા મહોત્સવ કા.સુ. ૫ થી કા. સુ. ૧૨ સુધી ઉજવાયો. મહોત્સવમાં ૪૫ આગમપૂજન, રથયાત્રા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વગેરે અનેક આયોજનો કરાયા હતા. શ્રાવિકા સંઘની આરાધના માટે પૂ. સા. શ્રી રત્નશીલાશ્રીજી મ.નું સાંનિધ્ય મળ્યું હતું.


**સુમેરુ-નવકાર તીર્થ :** સા. શ્રી હર્ષકરાશ્રીજી મ.ના ૪૦ વર્ષના સંયમ સાધનાની અનુમોદનાર્થે તેમજ સુશ્રાવિકા રમાબેનના આત્મ શ્રેયાર્થે અને સુશ્રાવક રમેશભાઈના સુકૃતો નિમિત્તે ત્રિદિવસીય ભક્તિ ઉત્સવ માગ વદ-૫થી પ્રારંભાશે મહોત્સવમાં ૧લા દિવસે વીશસ્થાનક પૂજન, ૨જા દિવસે અર્હદ્ અભિષેક પૂજન અને ત્રીજા દિવસે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવવામાં આવશે. નિશ્રા પ્રદાનાર્થે પૂ. મુ. શ્રી મંગલવર્ધન વિજયજી મ. પધારશે.

**સુરેન્દ્રનગર :** પૂ. આ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શાહ વ્રજલાલ ત્રિભોવનદાસ જાંબુવાળા પરિવાર તરફથી મુગટલાલ વ્રજલાલ, ગજરાબેન મુગટલાલ, નટવરલાલ મુગટલાલ, અજીતકુમાર મુગટલાલ, મયુરકુમાર મુગટલાલ આદિના વિવિધ ધર્મ-સુકૃતોની અનુમોદનાર્થે કા.સુ. ૭મે કોંઠવાળા જૈનવાડી, જિનતાન રોડ ખાતે સિદ્ધચક્રપૂજનપૂર્વક જિનભક્તિનો સુંદર કાર્યક્રમ ઉજવાયો હતો. આ પ્રસંગે અનેક સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા. પ્રસંગ ખૂબ ખૂબ અનુમોદનીય થયો હતો.

## ઘીના જૂના માટીના ગાડવાની અત્યાવશ્યકતા

જૂના-જમાનામાં જ્યારે ઘરે-ઘરે વલોણા થતા, ત્યારે તૈયાર થયેલું ઘી ભરવા માટે માટીના ગાડવાનો વપરાશ થતો હતો. જેમના ઘરે મોટા દુજણા હોય તેવા રબારી-ચૌધરી વગેરે ભાઈઓને ત્યાં ઘી ભરવા માટીની મોટી ગોળીઓ પણ વપરાતી. આવા ઘીના ગાડવા ગામડે ગામડેથી વેચાવા માટે બાજુના કસ્બાના શહેરમાં આવતા, અને ઘીના વેપારીની પેટી ઉપર આવા ઘીના ગાડવા માટીની મોટી ગોળીઓમાં ઠલવાતા. ધીમે ધીમે સ્ટીલ એલ્યુમિનિયમના વાસણોનું ચલણ વધતાં માટીના ગાડવા ગોળીઓનો વપરાશ લગભગ બંધ થઈ ગયો. પહેલાં જેમાં ઘી ભરેલું હોય એવી ઘી પીને રીટી થઈ ગયેલી એવી માટીની ગોળીઓ આયુર્વેદની અમુક દવાઓ ચતુર્વિધ સંઘના વપરાશ

અર્થે બનાવવા માટે ઉપયોગમાં આવતી હોવાથી ખાસ જરૂર છે. માટે કોઈના ઘરે બાપ દાદાના સમયની આવી કોઈ ગોળી, જેમા પહેલાં ઘી ભરેલું હોય, એવી માટીની રીટી ગોળી પડી હોય, તો અમારી સંસ્થાને ચિકિત્સાના હેતુથી નિઃસ્વાર્થ-ભાવે દવા બનાવવા માટે તાતી જરૂર છે. જેથી જે કોઈ પણ વાચક મિત્ર પાસે આવી કોઈ માટીની રીટી ગોળી હોય અથવા તેને લગતી કોઈ માહિતી હોય, તો તાત્કાલિક શ્રી દિનેશભાઈ ચૌધરીને મોબાઈલ નં. ૦૯૪૨૭૩૩૧૨૮૦ શ્રી ઉત્તમભાઈ જવાનમલજી શાહ (અમદાવાદ) મોબાઈલ નં. ૦૯૮૯૮૦૯૯૦૬૬, શ્રી રવિભાઈ (મુંબઈ) મોબાઈલ નં. ૦૯૯૬૭૨૦૨૩૫૫ મેહૂલભાઈ ચોકસી (દિલ્લી) ૦૯૨૧૨૭૦૪૯૯૯. અતુલભાઈ વિ. શાહ (મુંબઈ) મોબાઈલ નં. ૦૯૩૨૪૪૭૦૦૫૪ આ નંબરે જાણ કરવા વિજ્ઞપ્તિ છે. સેવાના આ ઉમદા કાર્યમાં ઉપયોગી થવા સૌ કોઈને ખાસ ભલામણ છે. ઘીના આ જૂના માટીના ખાલી ગાડવા-ગોળીનું ઉચિત વળતર પણ ચૂકવવાની આ સંસ્થાની તૈયારી છે. પુરૂં સરનામું નીચે મુજબ છે. નવકાર સારવાર કેન્દ્ર (સંજયભાઈ કોઠારી, ટ્રસ્ટ રજી. નંબર ઈ/૯૮૫૮/અમદાવાદ તા. ૫-૩-૯૪) બી-૧૧, કોઠારી કુંજ, રાજહંસ સોસાયટી, સેંટઝેવીયર્સ કોલેજ કોર્નર રોડ, મ્યુનિસિપલ સ્ટાફ ક્વાર્ટસ પાછળ એલિસબ્રિજ અમદાવાદ-૩૮૦ ૦૦૬. Visit us : www. Navkarsarvar.org. ફેક્સ/ફોન : ૦૭૯-૨૬૩૦૨૧૦૭, ૨૬૩૦૭૦૦૭, ૯૮૨૫૦૦૮૬૯૩ Email Id : sanjay@navkarsarvar.org


**શા માટે આ પુસ્તક વસાવવું જરૂરી છે ?**

કારણકે એક સંપત્તિ વસાવવા સમાન છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અનેક સાહિત્યકારો, લેખકો-કવિઓએ આ ઝાલાવાડની ધરતી ઉપર જન્મ લીધેલ છે. ત્યારે આ પુસ્તકના કર્તા ચંદ્રકાન્તભાઈ શાહએ આ પુસ્તક દ્વારા માનવીને માનવી બનાવીને અદ્દભુત જીવન જીવવાની પ્રેરણા આપે છે...

વિશ્વભરના નામાંકિત લેખકો, ફિલોસોફરોની ચોટદાર વિચારધારાઓ, સ્વાસ્થ્ય સંબંધી ઘણી જ અગત્યની માહિતીઓ વગેરેના સંચયથી સમૃદ્ધ આ પુસ્તક તમારા મગજને તરબતર કરી દેશે. શેર-શાયરીઓના શોખીનો માટે નવી શાયરીઓ રૂંવાડા ઊભા કરી દેશે. ન જાણતા હોય તેવી સમાજ ઉપયોગી અત્યંત જરૂરી માહિતીઓ ઉપરાંત જનરલ નોલેજનો ખજાનો ઘણો જ ઉપયોગી થશે. ઉચ્ચ વર્ગના લોકો સાથે ચર્ચામાં આના વાંચન પછી લઘુતાગ્રંથી નહિ અનુભવાય, તેની ગેરેન્ટી છે.. સગા, સ્નેહીઓ અને મિત્રોને ભેટ આપવા જેવું આ પુસ્તક દરેક ગુજરાતી ઘરમાં હોવું ફરજીયાત છે. કિંમત માત્ર ૨૫૦ અઢીસો રૂા. છે. વિશ્વભરની ભાષામાં અનુવાદિત થવાના ચક્રો ગતિમાન છે. ટૂંક સમયમાં જ આ પુસ્તકની લાખો નકલો વેચવાનો અંદાજ છે. ૨૫૬ પાનાનાં આ દળદાર પુસ્તકની અમેરિકા તથા કેનેડામાં પાંચ પાંચ હજાર નકલો જઈ ચૂકી છે. તેમજ જ્યાં જ્યાં... ગુજરાતી ત્યાં ત્યાં.... આ પુસ્તકની માંગ રહેલ છે, અને આ માંગ પુસ્તકમાં રહેલ આલેખનની છે. તેથી કરી દેશ... વિદેશમાં માંગ ઉભી થયેલ છે. ત્યારે મારા વિચાર વર્તમાન જનરેશનને આ પુસ્તક દ્વારા જીવન ઉપયોગી બની રહેશે.

**પુસ્તક મેળવવા માટે સંપર્ક :** ચન્દ્રકાન્ત વર્ધમાન શાહ, ૨૯, જયહિંદ સોસાયટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨. (ગુજરાત) ફોન : (૦૨૭૫૨) ૨૩૦૧૦૬.

## સામધર્મિક ભક્તિની નવી દિશા

**મુંબઈ :** બોરીવલી-દોલતનગર 'શ્રી સમકિત યુવક મંડળ'ના થનગનતા યુવાનો દ્વારા 'સમકિત એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ'ના નામે છેલ્લા ૨ વર્ષથી થતું એક સરાહનીય કાર્ય સકળ સંઘ માટે અનુકરણીય છે. આ મંડળે ૧૫૦ જેટલા સાધર્મિક જૈન ભાઈઓને રૂ. ૨૫૦૦ થી ૨૫૦૦૦ સુધીની નોકરી અપાવી છે. આમ તેમણે ૧૫૦ જૈન ભાઈઓને નોકરી અપાવવા સાથે જેમને ત્યાં નોકરી ખાલી હતી તેમની પણ સાધર્મિક ભક્તિ કરીને સેવાનું ઉદાત્ત કાર્ય કર્યું છે. સમકિત એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ પાસે અશિક્ષિત કે સાધારણ શિક્ષિતથી માંડીને ડબલ ગ્રેજ્યુએટ અને ટ્રીપલ ગ્રેજ્યુએટ સુધીની યોગ્યતા ધરાવનાર ઉમેદવારો માટેની વિવિધ તકો ઉપલબ્ધ છે. એક સામાન્ય કર્મચારી, ક્લાર્ક, એકાઉન્ટન્ટ, કોમ્પ્યુટર ઓપરેટર, ઓડીટર, માર્કેટીંગ, બેંકીગ, ઇન્સ્યુરન્સ, રીટેઇલ, પ્રોડક્શન, સેલ્સમેન અને કેશીયરથી છેક મેનેજર સુધીના સ્થાનો માટેની તકો ઉપલબ્ધ છે. વિશેષ માહિતી માટે સંપર્ક : મનીષભાઈ જે. શાહ : ૯૩૨૦૮ ૯૯૭૧૦ મનીષભાઈ વી. શાહ : ૯૩૨૦૭ ૨૩૪૦૮ website : www.samkit.org-e-mail : see@samkit.org

સમા. આગામી અંકે **કરીએ પાપ પરિહાર, અઢાર પાપ સ્થાનક.** સંપા. પૂ. આ. શ્રી શ્રેયાંસ પ્રભસૂરીશ્વરજી મ. સ્મૃતિમંદિર પ્રકાશન, અમ. **આરાધનાનું મંગલમય ભાથુ.** સંપા. પૂ. ગણિવરશ્રી દિવ્યકીર્તિ વિજયજી મ. **દરેક પ્રશ્ન આમ કેમ ? મિલનસાર બનો, નૂતન વરસે શુભ કામના.** પૂ. મુનિરાજશ્રી કલ્પરત્ન વિજયજી મ.

## ખોટમાં ચાલતાં કતલખાનાં બંધ કરવા અહિંસાપ્રેમીઓ સુધરાઈને કોર્ટમાં લઈ જશે

મહારાષ્ટ્રમાં આશરે ૧૦૦ કતલખાનાં એવાં છે, જે ખોટમાં ચાલે છે. લગભગ કુલ રૂ. ૧૦૦૦ કરોડની ખોટ દેશભરનાં કતલખાનાંઓમાં થઈ છે. આવા કતલખાનાં કમ સે કમ જીવદયા ઉપરાંત આર્થિક દૃષ્ટિએ પણ સરકારે બંધ કરવા જોઈએ અને જો સુધરાઈ એમ ન કરે, તો અહિંસાપ્રેમી જનતા સુધરાઈને કોર્ટમાં લઈ જવાની તૈયારી કરી રહી છે. બીજી ઓક્ટોબરને માત્ર 'અહિંસાદિન' તરીકે જાહેર કરવો, પૂરતું નથી, પરંતુ ભારતના બંધારણ અનુસાર પણ અહિંસાના પંથે આગળ વધવું જોઈએ. સૂત્રોના જણાવ્યા અનુસાર દેવનાર કતલખાનું છેલ્લા પાંચ વર્ષથી ખોટમાં ચાલી રહ્યું છે. અત્યાર સુધી લગભગ રૂ. ૩૧ કરોડની ખોટ દેવનારનું કતલખાનું કરી ચૂક્યું છે. આવા કતલખાનાંને શા માટે સબસીડી આપીને ચલાવવા જોઈએ ? આ સંબંધે મુંબઈ ખાતે દાદર જ્ઞાન મંદિરમાં ચાતુર્માસ સ્થિત પૂ. આ. શ્રી રાજ્યશસૂરીશ્વરજી મહારાજે વેધક પ્રશ્ન ખડો કર્યો છે. જેમાં જાણીતા એડવોકેટ શ્રી પ્રફુલ શાહે પણ સૂર પુરાવ્યો છે, જેઓ સરકાર જે રીતે હાલ ધાર્મિક ટ્રસ્ટો પાસેથી ગેરરીતિથી ૨%નો ટેક્સ ઉઘરાવી રહી છે, એની સામે સફળતા પૂર્વક કેસ લડી રહ્યા છે. ભારતીય બંધારણ સરકારને અયોગ્ય હિંસાને પ્રોત્સાહન આપવાની ના પાડે છે. આમ ભારતીય બંધારણ પ્રમાણે પણ સુધરાઈએ ખોટમાં ચાલતાં કતલખાનાં તરત જ બંધ કરવા જોઈએ.

## સુધારો

'કલ્યાણ'ના ઓક્ટોબર અંકમાં પૃષ્ઠ ૪૧, ૪૨, ૪૩ પર 'નૂતન અરિહંત વંદનાવલિ' નામક પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.ની રચના પ્રસિદ્ધ થવા પામી હતી. એમાં ખ્યાલફેર શરતચૂકથી ૩૬મી કડી પ્રકાશિત કરવી ભૂલાઈ ગઈ હતી. તો વાચકોએ ૩૬મી કડી તરીકે નીચે મુજબની પંક્તિઓ ખાસ વાંચી નોંધી લેવા વિનંતિ. સંપા૦

'શ્રી સિદ્ધસેન સૂરીશ્વરે બત્રીશીમાં જે વર્ણવ્યું,
વીતરાગનું પાવન સ્વરૂપ તેણે હૃદય મુજ ભીંજવ્યું ?
એ તત્ત્વને કાંઈક કહ્યું મેં જેમના ઉપકારથી
એવા પ્રભુ અરિહંતને વંદન કરું વંદન કરું. ૩૬

# જિંદગીના કેલેન્ડરમાંથી રોજ ઓછું થતું એક પાનું

જિંદગી એક કેલન્ડર જેવી છે. રોજ એમાંથી એક પાનું ઓછું થાય છે.

માટીની મટકીમાં પાણી ભર્યું હોય અને થોડા થોડા સમયે એમાંથી એકાદ બિંદુ ટપકતું હોય, તો અમુક સમય બાદ મટકી ખાલી થઈ જશે. ટીપું ટીપું કરીને આખું પાત્ર ખાલી થઈ શકે છે. જિંદગીનું પાત્ર પણ માટીની મટકી જેવું જ છે. ક્ષણ ક્ષણ કરીને જિંદગી એમાંથી વહી રહી છે. એને ખાલી થતાં વાર નહીં લાગે. જન્મ સમયે માટલી છલોછલ ભરેલી હોય છે, પણ મૃત્યુ આવતા સુધીમાં તો એ એકદમ ખાલી થઈ જાય છે.

સમયને રોકી શકાતો નથી પણ એનો સદ્ઉપયોગ કરવો હોય તો કરી શકાય છે. સમયને સમજી કે સાધી ન શકીએ તો એ વ્યર્થ વહી જાય છે. મટકીમાંથી જે પાણી ટપકી રહ્યું છે તેને ઝીલી લઈને જો એનો સદ્ઉપયોગ કરીએ, તો એ તરસ છીપાવી શકે છે. પણ એને વ્યર્થ વહી જવા દીઈએ તો બાજુમાં જ કોઈ વ્યક્તિ પાણી વિના તરફડીને મરી પણ શકે છે.

સમયને રોકી શકાતો નથી તેમ વીતેલા સમયને પાછો પણ વાળી શકાતો નથી. જિંદગીમાં સતત આગળ જોઈને જ ચાલવું પડે છે ઘડીએ ઘડીએ પાછળ તરફ મોં રાખીને ચાલવા જઈએ તો ક્યાંક ને ક્યાંક અથડાવું પડે છે. ઘણા લોકો જિંદગીભર કેલેન્ડરના ફાટેલા પાના પંપાળીને જીવતા હોય છે. એમની જીંદગી જે ચાલ્યુ ગયું છે તેને વાગોળવામાં જ પૂરી થાય છે. પરિણામે જે ક્ષણ સામે છે, જે પળ હજુ આવવાની છે તેને સમગ્રતાથી જીવી શકાતી નથી.

અધૂરા અધૂરા જીવવાનો અર્થ શો ? જે કંઈ કરવામાં આવે તે સમગ્રતાથી થવું જોઈએ. ભલે નાનો એવો પ્રસંગે કે ઘટના હોય, પણ સમજે એણે એમાં સમગ્રતાથી ડૂબી જવું જોઈએ. કોઈપણ કામ મન લગાવ્યા વિના કરવામાં આવે તો એમાં કશો ભલીવાર હોતો નથી. સમગ્રતા તો જ આવી શકે, જો વ્યક્તિ પૂરેપૂરી વર્તમાનમાં હાજર હોય. અને વર્તમાનમાં હાજર હોવુ એટલે ધ્યાનપૂર્ણ હોવું. મન ક્યાંય ભમતું ન હોય, ચાલુ ક્ષણમાં જ ચિત્ત લાગેલું હોય તો એમાંથી જે પણ સર્જાય છે તે સુખદ અને સર્જનાત્મક હોય છે.

એકી સાથે બે નાવમાં સવાર ન થવાય. બે ઘોડે ચડીને દોડવા જઈએ તો પડીએ જ. વર્તમાન ક્ષણમાં જીવવું એટલે એક ઘોડા પર સવાર થઈને ધારેલી દિશામાં આગળ જવું. જિંદગીભર માણસ દ્વિધામાં જીવે એ બરાબર નથી. એની સામે એક દિશા, એક ધ્યેય, એજ મંઝિલ હોવી જોઈએ. અસ્તિત્વ એટલું વિશાળ છે કે એ જુદી જુદી દિશામાં સાવ વિપરીત કહી શકાય એ રીતે વિસ્તરેલું છે. તમારી પોતાની અંદરની રૂચિ શેમાં છે, તમને શું ગમે છે, તમારી પોતાની નિજતા શી છે. તમારે ક્યાં જવું છે ? - એ પ્રમાણે નિર્ણય લઈને જ આગળ વધવું જોઈએ.

એક દિશા પૂરી થાય પછી આપોઆપ અનુભવના અંતે બીજી દિશા ખૂલે છે. માણસે પાસે સમજ હોય તો શેમાંય એ લાંબા સમય સુધી લેપાઈને જીવી ન શકે. કારણ કે અંદરની તડપના તો વ્યક્તિ માત્રના અંતરમાં આનંદની જ હોય છે. જ્યાં પહોંચ્યા પછી આનંદ નતી મળતો એ આપણી મંઝિલ નથી. ભૂલથી કોઈ જુદી દિશા પકડાઈ ગઈ હોય તો પણ સાચી દિશાની શોધમાં સમજપૂર્વક આગળ વધવું જોઈએ. પડવું, આખડવું કે ચાલતા ચાલતા ભુલા પડવું એમાં કોઈ નાનપ નથી. પણ ખોટા રસ્તે ચાલ્યા પછી હારી થાકીને બેસી જવું એ બરાબર નથી. શાશ્વત શાંતિ અને આનંદની ઉપલબ્ધિ પહેલાં જીવનમાં ક્યાય રોકાઈ જવું એ બેવકૂફી, બુઝદિલી અને બેહોશી છે.

જાતે ચાલ્યા વિના, અથડાયા પછડાયા વિના ક્યાય પહોંચી શકાતું નથી. જગતમાં ક્યાંય જવું હોય તો રેડીમેઈડ રસ્તા મળી રહે છે, નકશા પણ તૈયાર હોય છે પરંતુ જીવનની યાત્રામાં આપણને અનુરૂપ એવો એક પણ રસ્તો તૈયાર નથી. જે લોકો બીજાના રસ્તે ચાલે છે તે ભૂલ કરે છે અને છેવટ જતાં પસ્તાય છે. આ રીતે બીજાના રસ્તા પર ચાલીને જીવવની અંતિમ મંઝિલ સુધી પહોંચવું અસંભવ છે. આથી જાતે જ ચાલીને, કેડી કરતાં કરતાં પહોંચવું પડે છે. જગતની બહિર્યાત્રા તો તૈયાર રસ્તા પર ચાલીને પૂરી કરી શકાય છે. અને જમીન પર તો અનેક લોકો ચાલી ચાલીને જ રસ્તો બનાવતા હોય છે પણ જેમણે પણ અંતર્યાત્રા કરી છે, જીવનની પરમ મંઝિલ પર જે પહોંચ્યા છે તેમણે ક્યાંય પોતાના ચરણ-ચિહ્ન છોડ્યા નથી. આકાશમાં પક્ષી ઊડે તો શઉં એનાં પગલાં પડે છે ? જીવનનું આકાશ તો એથીય વિશાળ અને નિરાળું છે. એમાં જે મુક્ત રીતે વિહાર કરે છે તે પાછળ ક્યાંય ચરણચિહ્ન છોડતા નથી. આથી સંતો મહંતો કે સદ્ગુરૂ પ્રત્યે પ્રેમ રાખી શકાય. ચાલવું તો આપણે પોતાને જ પડે છે. અને માર્ગ પણ આપણે પોતે જ અંતરની આંખ ખુલી રાખીને નિર્મિત કરવો પડે છે.

२०वें तीर्थपति श्री मुनिसुव्रतस्वामी परमात्मा के ४ कल्याणकों की पावन भूमि

# श्री राजगृही महातीर्थे

पधारिये

पधारिये

*भव्य अंजनशलाका एवं पुनः प्रतिष्ठा महामहोत्सव*

*शुभनिश्रा*

जिनशासनज्योतिर्धर "सूरिराम" समुदाय के तेजस्वीसितारे

कल्याणकतीर्थोद्धारक पूज्य आचार्यभगवंतो

**श्रीमद् विजय जयकुंजरसूरीश्वरजी महाराजा**

**श्रीमद् विजय मुक्तिप्रभसूरीश्वरजी महाराजा**

**पूज्य उपाध्याय श्री अक्षयविजयजी गणिवर**

## अंजनशलाका-प्रतिष्ठा महोत्सव के महत्व के दिन

**च्यवनकल्याणक उजवणी**
पोष सुद-७ मंगलवार
दिनांक १५-१-२००८

**जन्मकल्याणक उजवणी**
पोष सुद ८ बुधवार
दिनांक १६-१-२००८

**दीक्षाकल्याणक उजवणी एवं भव्य वरघोडा**
पोष सुद १२ शनिवार
दिनांक १९-१-२००८

## प्रभु प्रतिष्ठा के मंगल दिन

**वैभारगिरि**
(पाँचवा पहाड़)
पोष वद १ बुधवार
दिनांक २३-०१-२००८

**स्वर्णगिरि**
(चौथा पहाड़)
पोष वद ६ सोमवार
दिनांक २८-०१-२००८

**उदयगिरि**
(तीसरा पहाड़)
महा सुद ४ रविवार
दिनांक १०-०२-२००८

**विपुलगिरि** (पहला पहाड़)
महा सुद ५ सोमवार
दिनांक २३-०१-२००८

**रत्नागिरि** (दूसरा पहाड़)
महा सुद ५ सोमवार
दिनांक ११-०२-२००८

**प्रतिष्ठा के पावन अवसर पर पधारने को भारतभर के संघों को साग्रह निमंत्रण है।**

: निमंत्रक :

**श्री जैन श्वेताम्बर भण्डार तीर्थ राजगीर एवं**

**श्री अंजनशलाका प्रतिष्ठा महोत्सव समिति, राजगृही तीर्थ**

तीर्थ पेढ़ी (06112) 255220 मोबाइल - 09431069209, 09431490001

फेक्स नं. (06112) 255906 माणेकचंदजी संघवी - 09431332644

WPP Licence No. G-PMG-RJK/004 2007 to 2009

KALYAN RNI-11181/57 : Dt. 20/10/1967
Reg. No. G/SEN-4 : 2006 To 2008

With Best Compliments

**DEEPAK NITRITE LIMITED**

An ISO 9002 Company

*Product Portfolio :*

Colourants & Dyestuff Intermediates,
Agrochemical Intermediates,
Pharmaceutical Intermediates,
Speciality Chemicals,
Custom Manufacturing.

*Corporate Office :*

Deepak Complex, National Games Road,
Yerawada, Pune-411006, INDIA
Website : www.deepaknitrite.com

18/12/07